
ભાગ-૨

# જૈનશાસનના જ્યોતિર્ધરો



પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

પૂ. આચાર્ય શ્રી વિજય યુગચન્દ્રસૂરિજી મહારાજ પ્રેરિત
શ્રીમતી સૂરજબેન રીખવચંદ સંઘવી ગ્રંથમાળા-૧૫૭

# જૈનશાસનના જ્યોતિર્ધરો

ભાગ-૨

જિનશાસનમાં જ્વાહિર તરીકે ઝળકેલા – ઝિંદાદિલો


શબ્દશિલ્પી
સિદ્ધહસ્તલેખક પ્રવચન શ્રુતતીર્થ પ્રેરક પૂ. આચાર્યદેવ
**શ્રીમદ્ વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**



પ્રકાશક
**પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન**
૧૦-૩૨૬૮-A, કાજીનું મેદાન, ગોપીપુરા, સુરત-૩૯૫૦૦૧

प्रकाशन-निमित्त
સૂરિમંત્ર પ્રભાવક
પૂ.આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના**
આચાર્યપદારોહણના ૨૫ વર્ષ
રજત ઉત્સવ પ્રસંગ
વિ.સં. ૨૦૪૭-૨૦૭૨

લેખક પરિચય
જૈનશાસન શિરતાજ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રભાવક
સિંહસત્ત્વના સ્વામી પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય મુક્તિચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના પટ્ટપ્રદ્યોતક
પ્રશમરસ પયોનિધિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્
વિજય જયકુંજરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન
સિદ્ધહસ્તલેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
**પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**


નામ : **જૈનશાસનના જ્યોતિર્ધરો ભાગ-૨**
**Jain Shasana's Jyotirdharo Part-2**

પ્રકાશન : વૈશાખ-૨૦૭૨, મે-૨૦૧૬

આવૃત્તિ : પ્રથમ

સાહિત્યસેવા : ૪૦-૦૦


પૃષ્ઠ : ૮ + ૧૨૦

પ્રતિ : ૨૦૦૦


---

મુખ્ય સંપર્કસૂત્ર
**રમેશભાઈ સંઘવી - સુરત. (મો.) 9376770777**

પ્રાપ્તિસ્થાન
(૧) જિતેન્દ્ર જ્વેલર્સ ૧૦૦, ભંડારી સ્ટ્રીટ, ગોળદેવલ, મુંબઈ-૪ (મો.) 9819643462
(3) ગૂર્જર પ્રકાશન રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અ'વાદ-૧ ફોન : 079-22144663
(૪) પ્રવચન શ્રુતતીર્થ વિરમગામ હાઈવે, શંખેશ્વર. (મો.) 8469377929



# ઓળખ

સાહિત્ય તીર્થના યાત્રિકની

શ્રુત જેમનો શ્વાસ છે, બહુશ્રુતોને જેમના ઉપર વિશ્વાસ છે.
**એમને ભક્તોની જરૂર નથી, ભક્તોને એમની જરૂર છે.**
કારણ ? એમના હાથમાં જાદુ છે.
**એમણે પસંદ કરેલા ખૂણે, સાહિત્ય સર્જનની ક્ષણે**
ભક્તોને પ્રવેશવું હોય તો ભલે,
**સાહિત્યનો શુદ્ધ શ્વાસ ફેફસામાં ભરવો હોય તો ભલે,**
નહિતર આપણે આપણી રીતે રહેવું. 'નદીની જેમ નિરાંતે વહેવું'.
**આ પંક્તિમાં માનનારા આ સાહિત્ય પુરુષ**
કોઈને જોઈને પાણી પાણી થયા નથી.
**આચાર્ય હરિભદ્રસૂરિજી હોય કે ઉપાધ્યાય યશોવિજયજી,**
મહારાજા કુમારપાળ હોય કે મહારાણા પ્રતાપ,
**દંડનાયક વિમલ હોય કે મહામંત્રી વસ્તુપાલ**
તેઓશ્રી દરેકને મળી ચૂક્યા છે, જોઈ ચૂક્યા છે, સ્પર્શી ચૂક્યા છે,
**ઇતિહાસને એમણે પ્રામાણિકતાથી રજૂ કર્યો છે,**
એકાદ-બે ઉજળી બાજુ ધરાવનારા ચોર લૂંટારાઓને
**દેવના દીકરા જેવા બતાવનારા કે**
એકાદ-બે નબળી બાજુ ધરાવનારા રાજા મહારાજાઓને
**અધમપાત્ર રૂપે દર્શાવનારા લેખકોથી**
એમની કલમ અલગ તરી આવે છે.
**સુકૃત સાગર, પળપળના પલટા, મૃગજળની માયા,**
નળ દમયંતી, મહાસતી મૃગાવતી, મહારાજા ખારવેલ,
**૨૪ તીર્થંકર, વિમલ મંત્રીશ્વર, પાટલીપુત્ર**
આવી અઢળક કૃતિઓથી તેઓએ
**સામાન્ય જનમાનસમાં સંસ્કારનું સિંચન ને વૈરાગ્યનું વાવેતર કર્યું છે.**
'કો'કના તે વેણને વીણી-વીણીને વીરા ઊંછી ઉધારા ન કરીએ'
**કવિના આ શબ્દો મુજબ**
સિદ્ધહસ્તસાહિત્ય સર્જક પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
**વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**
હંમેશા પોતાને તુંબડે જ તરતા રહ્યા છે.
**તેઓશ્રીના ચરણ કમલમાં નત મસ્તકે નમન... ભાવસભર વંદન...**

# પ્રકાશકીય

સાહિત્ય પ્રકાશન સમજ અને સમાજના ઘડતરનું પ્રેરક પરિબળ છે. આજના કરાળ કલિકાળમાં ચો તરફ વેર-વાસના-વિપ્લવ આદિની વિકૃતિએ માઝા મૂકી છે. જીવન જીવવાની દિશા અને દશાથી માનવ સમૂહ વિખૂટો પડતો જઈ રહ્યો છે, ત્યારે સંસ્કાર-સંસ્કૃતિ-સદાચાર-ધર્મ-તીર્થરક્ષા-અહિંસા કાજે પ્રાણ પૂરે તેવા સાહિત્ય પ્રકાશનની આવશ્યકતા અતિ વધતી જાય છે.

ધર્મને જીવનની મુખ્ય ધરી પર સ્થિર કર્યા પછી માનવ માત્રની પ્રગતિ સુનિશ્ચિત છે. વાસ્તવિક આધાર તરીકે જો કોઈ હોય, તો તે ધર્મ ને માત્ર ધર્મ છે. આવા ધર્મને પ્રાણાંતે પણ જાળવવાની નેક અને ટેક પેદા થાય, તેવા શુભ-આશયથી પૂજ્યશ્રીની કામણગારી અને કસાયેલી કલમે કંડારાયેલ સાહિત્ય સિંધુમાંથી નાનકડા બિંદુઓ રૂપે આ પુસ્તકો પ્રકાશિત કરતા અમારા અંતરનો આનંદ નિરવધિ બને છે.

સાહિત્ય સર્જક પૂજ્યશ્રીનો આપણા સહુ ઉપર અમાપ ઉપકાર છે. આવું સુષ્ઠુ-સરળ-સાત્ત્વિક-રોમાંચક-રસાળ-બોધપ્રદ સાહિત્યલેખન કરીને પૂજ્યશ્રીએ વિશાળ વાચક વર્ગને ઋણી બનાવ્યો છે.

સૂરિમંત્ર પ્રભાવક પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના આચાર્યપદારોહણના ૨૫ વર્ષના શુભ-આલંબનને પ્રાપ્ત કરીને પૂજ્યશ્રી લિખિત ૨૫ પુસ્તકોનું એક સાથે પ્રકાશન કરવાનો જે પુણ્યલાભ અમને પ્રાપ્ત થયો છે, તેથી અમો ધન્યતા અનુભવીએ છીએ.

શંખેશ્વર તીર્થના પ્રવેશદ્વાર સમા પ્રવચન શ્રુતતીર્થનાં પ્રાંગણે ચતુર્મુખ જિનાલયની પ્રથમ સાલગીરી ઉત્સવ દરમ્યાન સૂરિપદ રજત વર્ષ દિન વૈશાખ સુદ-૬ની પાવન ઘડીએ પ્રગટ થતા આ સાહિત્ય સંપુટના પ્રકાશન કાર્યમાં પૂજ્યશ્રીના શિષ્ય પરિવારરૂપ શ્રમણ-શ્રમણી ભગવંતોના સુંદર સહયોગ પૂર્વક અમારા સંસ્થાના માર્ગદર્શક હૃદયસ્પર્શી પ્રવચનકાર પૂ.આચાર્યદેવ શ્રીમદ્ **વિજય યુગચન્દ્રસૂરિજી** મહારાજાના સદુપદેશથી જે ગુરુભક્તો-શ્રુતભક્તો ઉદારદિલે લાભાન્વિત બન્યા છે, તેની આ તકે હાર્દિક અનુમોદના કરીએ છીએ.

સેંકડો હાથોમાં શોભાવતા આ સાહિત્યને હજારો હાથોમાં રમતું કરવા આપ સહુ વાચકોના સહકારની સદાય અપેક્ષા સાથે......

**લિ. પંચપ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન વતી**
**રમેશ રીખવચંદ સંઘવી - સુરત**

સૂરિપદ રજતવર્ષ ઉત્સવ પ્રસંગે પ્રકાશિત ૨૫ પુસ્તક પ્રકાશનના

## લાભાર્થી પરિવારો

### મુખ્ય દાતા

- શ્રીમાન અશોકભાઇ ગજેરા - લક્ષ્મી ડાયમંડ, મુંબઇ
- માતુશ્રી હંસાબેનના આત્મશ્રેયાર્થે બંસીલાલ શાંતિલાલ દલાલ - મુંબઇ
- શ્રીમતી ચેતનાબેન રોહિતભાઇ જોગાણી - મુંબઇ
- શ્રીમતી સોનલબેન કેતનભાઇ ઝવેરી- મુંબઇ
- શ્રીમતી પારૂલબેન ભરતભાઇ કાપડીયા - અમદાવાદ
- શ્રીમતી સેજલબેનના ઉપધાન નિમિત્તે ચન્દ્રાબેન નવીનચન્દ્ર શાહ-મુંબઇ
- શ્રીમતી પરીદાબેન હીતેશભાઇ સરકાર - મુંબઇ
- શ્રીમતી સરોજબેન ભદ્રિકલાલ શ્રોફ - અમદાવાદ
- શ્રીમતી ગીતાબેન સ્વરૂપચંદ મહેતા - મુંબઇ
- શ્રીમતી ધર્મિષ્ઠાબેન સુધીરભાઇ શાહ - અમદાવાદ
- શ્રીમતી હંસાબેન જયંતીભાઇ શાહ - મુંબઇ
- શ્રીમાન નટવરલાલ મૂળચંદ શાહ - માસરરોડવાળા, મુંબઇ
- શ્રીમતી મમતાબેન લલિતભાઇ બી. પટવા - વિસનગર
- શ્રીમતી માયાબેન કેતનભાઇ વસંતલાલ કપાસી - અમદાવાદ
- શ્રીમાન ઉમેદમલજી બાબુલાલજી જૈન - તખતગઢ (રાજસ્થાન)
- તીર્થરત્ન કેવલચંદજી છોગાલાલજી સંકલેશા (રામા) - કલ્યાણ
- શ્રીમાન ભાગચંદજી ગણેશમલજી શ્રીશ્રીમાલ - કલ્યાણ
- પ્રવીણકુમાર પુખરાજજી ફોલામુથાના આત્મશ્રેયાર્થે (આહોર) - કલ્યાણ
- શ્રીમતી પારૂલબેન રાજેશભાઇ છગનલાલ શાહ - વાપી
- નગીનભાઇ પૌષધશાળાના આરાધક ભાઇઓ - પાટણ
- શ્રીમતી પંકુબાઇ ખેમચંદજી ચૌહાણ પરિવાર - દાંતરાઇ



- માતુશ્રી મંગનીબાઈ બાબુલાલજી પ્રતાપજી સતાવત (હરજી) - ભિવંડી
- ડૉ. ભાનુબેન જયંતીલાલ શાહ - સત્રા - મુંબઈ
- મનુભાઈ ત્રિકમલાલના આત્મશ્રેયાર્થે હ. શૈલેષભાઈ શાહ - અમદાવાદ
- સ્વ. રેવીબાઈ માંગીલાલજી જવાનલમજી પરમાર
  હ. ઘીસુલાલ, કુંદનમલ, ડૉ. શ્રેણિક, સંપ્રતિ, ડૉ.વિમલ - વલવણ-પૂના
- શ્રીમતી રશ્મિબેનના અઢારીયા ઉપધાનના ઉપલક્ષ્યમાં
  હ.મહેન્દ્રભાઈ જમનાદાસ દોશી, સાગર, સૌ. પ્રિયંકા તથા અંબર-કોલકાત્તા
- માતુશ્રી જયાબેન બેચરદાસ મહેતા પરિવાર - જેસર - મહુવા
  હ. રાજુભાઈ ડોંબિવલી
- શ્રીમાન ચુનીલાલજી ઘમંડીરામજી ચંદન - સાંચોર
  ચંદન સ્ટીલ લિમિટેડ-મુંબઈ
- ભાઈ કીર્તિકુમાર, માતુશ્રી શાંતાબેન, પિતાશ્રી મોહનલાલ ઝવેરચંદ ઝવેરી - ખેરલાવવાળા (તારાબાગ-મુંબઈ)ના સુકૃતની અનુમોદનાર્થે
  હ. મંજુલાબેન મહેન્દ્રભાઈ ગાંધી - મુંબઈ
- અ.સૌ. ઈન્દ્રાબેન રાકેશકુમાર છત્રગોતાના લગ્નજીવનના ૨૫ વર્ષના ઉપલક્ષ્યમાં - આહોર - કલ્યાણ
- કીરચંદભાઈ જે. શેઠ તથા મનોજભાઈ કે. શેઠના આત્મશ્રેયાર્થે
  હ. નીલાબેન, કલ્પક - સૌ.ઉર્વિ, કુ. ધન્વી શેઠ પરિવાર - સુરેન્દ્રનગર
- ઘોટી નિવાસી સ્વ. જયંતીલાલ ચંદુલાલ મહેતાના સ્મરણાર્થે
  હ. રતિભાઈ, વિશાલકુમાર, દર્શન, વર્ધન
- દોશી જબીબેન પૂનમચંદભાઈ પરસોત્તમદાસ - જેતડાવાળા - અમદાવાદ
  હ. વિપુલ - સૌ. સંગીતા, પિયુષ-સૌ. સેજલ
- સ્વ. ઈન્દુમતીબેન નાથાલાલ ચંપાલાલ શાહના આત્મશ્રેયાર્થે અનીલાબેન-ભુપેન્દ્રભાઈ. પુત્ર : ડૉ. અંકુશ, આતિશ, અનુપ, પુત્રવધૂ : ડૉ. દીપા, રૂપાલી, પન્ના, પૌત્ર : મોક્ષિત, આરવ, વિહાન, પૌત્રી : સ્વરા - કલ્યાણ



- પૂ.સા.શ્રી રમ્યશ્રેયાશ્રીજીના સદુપદેશથી માલેગાંવ નિવાસી શ્રીમતી કાંતાબેન રતિલાલ શાહ બંધુ પરિવાર ડૉ. શૈલેષભાઇ-સુનંદાબેન, અશોકભાઇ-સુનીતાબેન, આશિષભાઇ-નયનાબેન, શ્રીપાળ-નેહા, ઋષભ-ઋત્વી પુત્રી : શુક્લાબેન વિલાસકુમાર શાહ કુ. માન્યા-ટ્વીસા
- ભાભરતીર્થનિવાસી માતુશ્રી ધુડીબેન કાંતિલાલ જીવતલાલ શેઠ પરિવાર હ. રાજેન્દ્રકુમાર - ઉર્મિલાબેન, પુત્ર : દર્શન-વીતરાગ, પુત્રી : શીતલ, કીંજલ, પ્રપૌત્ર : હિતાંશ, પ્રપૌત્રી : સ્તુતિ, ક્રિયા.
- શ્રી ચંપતલાલજી જસરાજજી દોસી - સિરોહી (રાજ.) ધ.પ. લીલાદેવી, પુત્ર - મુકેશ, પ્રવીણ, વિમલ, વિપીન.

## સહયોગી

- શંખેશ્વર પ્રવચન શ્રુતતીર્થ (વિ.સં.૨૦૭૨)ના ઉપધાનતપના આરાધકો
- જાસુદબેનના આત્મશ્રેયાર્થે નવીનભાઇ ચંદુલાલ વિરવાડીયા જેતડા - સુરત
- શ્રીમતી દમયંતીબેન પ્રફુલચન્દ્ર શાહ - ખોડલા - મુંબઇ
- શ્રીમાન દિનેશભાઇ પોપટલાલ શાહ - ધાણધા - મુંબઇ
- શ્રીમતી ભાગવંતીબેન ચંપાલાલજી પાલરેચા - લખમાવા - મુંબઇ
- શ્રીમતી લલિતાબેન નવીનભાઇ ચોપડા - ઘોટી
- એક ગુરુભક્ત પરિવાર - કલ્યાણ
- શ્રીમાન દિનેશકુમાર પ્રવીણકુમારજી જૈન - વાશી - મુંબઇ
- શ્રીમતી દેવીબેન એવંતીલાલ કાંતિલાલ દોશી, રાધનપુર - મુંબઇ
- શ્રીમતી બદામીબેન દેવીચંદજી સિસોદીયાહરણ, પોસાલિયા - થાણા
- શ્રીમાન પારસમલજી પુખરાજજી છાજેડ - માલગઢ - અંધેરી, મુંબઇ
- માતુશ્રી મણીબેન ફુલચંદ કરણીયા - જામનગર - મુલુંડ-મુંબઇ

# કથાક્રમ


| ક્રમ | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | નેમિનાથ સ્વામિજીની જીવિત પ્રતિમા | ૧ |
| ૨ | જીવિતસ્વામિ પાર્શ્વપ્રભુની પ્રતિમાથી મંડિત એક માત્ર તીર્થ જીરાવલાજી | ૭ |
| ૩ | વર્તમાન કાલીન દેવકૃત દેરાસર | ૧૨ |
| ૪ | પ્રભુ પ્રતિમાનાં દર્શનનો કેવો પ્રચંડ પ્રત્યક્ષ પ્રભાવ ! | ૧૭ |
| ૫ | ચોરનું ચિત્ત પરિવર્તન | ૨૩ |
| ૬ | જિનમંદિરનું ગૌરવ જાળવવા કાજે | ૨૭ |
| ૭ | આશ્ચર્યકારી ગુરુમૂર્તિનાં માતર તીર્થમાં દર્શન | ૩૨ |
| ૮ | આત્મારામજી મહારાજની શ્રેષ્ઠ સંગીતજ્ઞતા | ૩૯ |
| ૯ | સંઘર્ષ વચ્ચે સંયમ સ્વીકાર | ૪૪ |
| ૧૦ | બ્રાહ્મણ શ્રાવક | ૫૨ |
| ૧૧ | અજબની વૈરાગ્ય સમૃદ્ધિ, ગજબની વચન સિદ્ધિ | ૫૬ |
| ૧૨ | ગંગાએ વહાવી દીક્ષાની ગંગા | ૬૫ |
| ૧૩ | સમય ને સંપત્તિના સદ્વ્યયથી સમૃદ્ધ એક અનોખો સંઘ | ૭૪ |
| ૧૪ | લીંબડીને લબ્ધ લોક ખ્યાતિનું મૂળ શું ? | ૮૧ |
| ૧૫ | શ્રુતની ઉપેક્ષા જો સમસ્યા, તો રક્ષા એ ઉકેલ | ૯૦ |
| ૧૬ | જૈન જગત આજે ઝંખે છે : અનુપચંદભાઈના અવતરણને | ૧૦૩ |
| ૧૭ | સંપત્તિની ઓટ દાન ભાવનાની ભક્તિ | ૧૧૦ |
| ૧૮ | સ્વયંભૂ ઉદારતા : અનોખું આયંબિલ ભવન | ૧૧૫ |

## ૧

# શ્રી નેમિનાથ સ્વામીજીની જીવિત-પ્રતિમા

મહાતીર્થ શંખેશ્વરનો ઈતિહાસ વિશ્વવિખ્યાત છે, જ્યારે શંખેશ્વર તીર્થની નજીક રહેલા 'પાડલા' ગામનો ઈતિહાસ શંખેશ્વરની સાથે જ સંકળાયેલો હોવા છતાં એનાથી શંખેશ્વર આસપાસનો જ પ્રદેશ જ્યાં પૂરો પરિચિત ન હોય, ત્યાં બીજા બીજા પ્રદેશો તો 'પાડલા'થી થોડાઘણા અંશે પણ પરિચિત હોય, એવી આશા તો રખાય જ ક્યાંથી? પાડલામાં જો કે આજે તો જૈનત્વની જાહો-જલાલીનો સૂચક કોઈ અવશેષ શોધ્યોય જડે એમ નથી. પરંતુ શંખેશ્વરની સાથે જ પાડલાના ઈતિહાસનું સમાંતર મંડાણ થવા પામ્યું હતું, એમ ઈતિહાસ કહે છે. ચાલો, એ ઈતિહાસનાં પૃષ્ઠો ઉથલાવીએ.

કૃષ્ણ અને જરાસંધ વચ્ચે સંગ્રામ ખેલાયો, એમાં જરાસંધે જરા વિદ્યાના પ્રયોગથી કૃષ્ણના સૈન્યને જરા-ગ્રસ્ત બનાવી દેતાં સંપૂર્ણ સૈન્ય શક્તિવિહોણું બનીને સંગ્રામ ખેલવા અસમર્થ બની જવા પામ્યું. આ કારણે કૃષ્ણ ચિંતિત

બની ગયા. ત્યારે સૈન્યના સંરક્ષણની તમામ જવાબદારી સ્વીકારવાપૂર્વક નેમિકુમારે કૃષ્ણને કહ્યું કે, અઠ્ઠમ કરીને ધરણેન્દ્ર પાસે એવી માંગણી કરો કે, અષાઢી શ્રાવકે ભરાવેલી પાર્શ્વપ્રભુની પ્રતિમા અમને આપવાની કૃપા કરો. એ પ્રતિમાનું પ્રક્ષાલ-જળ જરાગ્રસ્ત પર છાંટવાથી જરા-વિદ્યા ભાગી છૂટશે અને આ સમગ્ર સૈન્ય પુનઃ સમર્થ-સજ્જ બનીને લડવા તૈયાર થઈ જતાં તમારો વિજયવાવટો ફરકાશે.

નેમિકુમારના કથનપૂર્વક કૃષ્ણે કરેલા અઠ્ઠમ તપથી આકર્ષાયેલ ધરણેન્દ્રે પાર્શ્વપ્રભુની પ્રતિમા પ્રસન્ન બનીને અર્પણ કરી, એના પ્રક્ષાલ-જળના અમીછાંટણાના પ્રભાવે કૃષ્ણનું સૈન્ય તરવરાટ સાથે ઊભું થઈ ગયું. પુનઃ યુદ્ધનો રંગ જામ્યો. જરાસંધ પરાજિત થતાં કૃષ્ણ વિજેતા જાહેર થયા. એમણે શંખનાદ કર્યો. એ સ્થળ શંખેશ્વર તરીકે ઓળખાયું. દેવદીધી પાર્શ્વપ્રભુની પ્રતિમા ત્યાં પ્રતિષ્ઠિત થતાં એ ધન્ય ધરા શંખેશ્વર મહાતીર્થ તરીકે પ્રખ્યાત બની, આટલો ઈતિહાસ તો સૌ જાણે જ છે.

શંખેશ્વરના આ ઈતિહાસની બીજી બાજુ જ અજાણી છે. જે પાડલા પર પ્રકાશ પાથરે છે. જે અઠ્ઠમ તપના પ્રભાવે પ્રભુ પાર્શ્વનાથની પ્રતિમાજીની પ્રાપ્તિ થવા પામી, એ અઠ્ઠમ તપનું પારણું જે સ્થળ પર થયું, એ સ્થળ પારણા તરીકે ઓળખાયું, કૃષ્ણ રાજવીએ થોડા સમય બાદ જ થનારા નેમિનાથ ભગવાનની ભવ્ય પ્રતિમાનું નિર્માણ કરાવીને એ પારણાભૂમિ પર પ્રતિષ્ઠિત કરી. શંખેશ્વરજીની જેમ આ પારણાભૂમિનો પણ નેમિનાથ પ્રભુ પ્રતિષ્ઠિત થતાં તીર્થ જેવો મહિમા ફેલાવો પામવા માંડ્યો અને અનેક સંઘોનું ગમનાગમન થવા માંડ્યું. આ પારણા ગામ વર્ષો

વીતતાં અપભ્રંશ રૂપે પાટલા અને પછી પાડલા તરીકે કેઈ વર્ષોથી ઓળખાતું આવ્યું છે, પણ છેલ્લાં સો દોઢસો વર્ષોથી તીર્થ તરીકે એની ઓળખાણ અદશ્ય બની જવા પામી છે.

વિ.સં. ૧૫૮૭ સુધી તો પારણા-પાડલા નેમિનાથ પ્રભુજીના તીર્થ તરીકેની જાહોજલાલી ભોગવી રહ્યું હતું, એમ સમરાશાહના રાસ પરથી ફલિત થાય છે. શત્રુંજય પર પ્રતિષ્ઠા પ્રસંગ ઊજવાયા બાદ સમરાશાહ પાછા વળ્યા, ત્યારે વઢવાણ-માંડલ થઈને પાડલામાં જીવિત નેમિનાથ સ્વામીની યાત્રાર્થે આવ્યા હતા, એ જાતનો ઉલ્લેખ 'માંડલે હોઈઉ પાડલએ નમિયઉ નેમિશું જીવિત સામી' આ શબ્દોથી શ્રી આમ્રદેવસૂરિજી મહારાજે સમરારાસમાં કર્યો છે. સ્તોત્ર-ચૈત્યવંદન વગેરેમાં પણ પાડલામાં બિરાજમાન શ્યામવર્ણના અતિભવ્ય અને વિશાળ શ્રીનેમિનાથ પ્રભુની આ જીવિત પ્રતિમાજીનો ઉલ્લેખ જોવા મળે છે.

શંખેશ્વર નજીક આવેલા આજના પાડલામાં કાળક્રમે 'પટ્ટણ ત્યાં દટ્ટણ'ની પ્રક્રિયા થતી આવી હશે. જેથી જૈનોનાં ઘરો ઓછાં થતાં જ રહ્યાં હશે. આજે તો એક પણ જૈન પરિવારનું અસ્તિત્વ પાડલામાં નથી. છેલ્લાં થોડાં વર્ષો પૂર્વે માંડ બે-ત્રણ ઘર જ પાડલામાં રહ્યાં, બીજી તરફ હિન્દુ પ્રજાનો વસવાટ ઘટવા માંડ્યો અને વિધર્મીઓનું જોર વધવા માંડ્યું, ત્યારે એક વાર ગોઝારી ઘટના બની કે, ગાયની હત્યા કરીને એનું લોહી વિધર્મીઓએ નેમિનાથ પ્રભુના જિનમંદિરના પરિસરમાં છાંટ્યું.

આ ઘટનાથી જૈનોના ધર્મદિલને ભારે આઘાત પહોંચ્યો, પણ વિધર્મીઓ સમક્ષ કંઈ બોલી શકાય એવી સ્થિતિ ન હોવાથી જે જૈનો પાડલામાં રહ્યા હતા, એમણે

એવો નિર્ણય કરી લીધો કે, હવે ચેતી જવું જોઈએ. આવા સ્થળમાં પ્રભુજી રખાય નહિ. એથી દુભાતા દિલે એ નેમિનાથ પ્રભુજીને મુજપુર ગામમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા. ત્યારે મુજપુરમાં જૈનોની ઠીક ઠીક જાહોજલાલી હતી, બે જિનમંદિરો ઉપરાંત જૈનોનો વસવાટ પણ બહોળો હતો. પાડલાથી આવેલા નેમિનાથ પ્રભુના ભવ્ય પ્રતિમાજીને સંઘે હૈયાના હર્ષથી વધાવી લીધા. પણ સંઘને એમ થયા કરતું હતું કે, આટલા ભવ્ય પ્રતિમાજીને એને અનુરૂપ સ્થાનમાં પ્રતિષ્ઠિત કરવા, તો આપણે ભાગ્યશાળી બની શકીએ એમ નથી, એથી કોઈ એવા અવસરની રાહ જોતા રહીને, થાય એટલી ભક્તિ આપણે કરતા રહીએ.

થોડાં વર્ષો બાદ એક વાર વિહાર દરમિયાન પૂ. આચાર્યદેવ શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજનું આગમન મુજપુરમાં થવા પામ્યું. જિનમંદિરમાં મૂળ-મુખ્ય ન ગણી શકાય, એવા સ્થાન પર બિરાજમાન નેમિનાથ પ્રભુજીના ભવ્ય પ્રતિમાનાં દર્શન થતાં જ એમને વિચાર આવી ગયો કે, કોઈ તીર્થ-સ્થાનમાં આ પ્રભુજી પ્રતિષ્ઠિત થાય, તો મૂર્તિ અને મંદિર કેવાં શોભી ઊઠે ! આગેવાનો પાસેથી પ્રતિમાજીની બધી વિગત જાણી લીધા પછી પૂજ્યશ્રીએ સ્વાભાવિક રીતે એવી સલાહ આપી કે, કોઈ તીર્થની ભવ્યતામાં વધારો કરે, એવાં આ પ્રતિમાજીનાં દર્શન કરતા ખૂબ ખૂબ આનંદ આવ્યો. તમારો સંઘ ભાગ્યશાળી ગણાય કે, પાડલામાંથી પ્રભુજી અહીં પધાર્યા. સંઘના આગેવાનોએ પણ પોતાની ભાવના દર્શાવતાં વિનંતી કરી કે, અમે પણ એવી જ ભાવના રાખીએ છીએ, આ પ્રભુજી કોઈ તીર્થ સ્થાનમાં ક્યારે બિરાજમાન થાય ! વિહાર દરમિયાન કોઈ એવું સ્થાન સૂચવશો, તો અમે આપનો ઉપકાર માનીશું.

શ્રી નેમિસૂરિજી મહારાજને થયું કે, મારી ભાવનાનો જ આ તો પડઘો ગણાય. તળાજા-તીર્થની સ્મૃતિ થતાં એઓશ્રીએ તરત જ જણાવ્યું કે, પાલિતાણાની પાસે આવેલું તળાજા તીર્થ વિકાસ સાધી રહ્યું છે. ત્યાં આ પ્રતિમાજી પ્રતિષ્ઠિત થાય, તો આપણા બંનેની ભાવના સફળ બને.

મુજપુર સંઘે આ વાતને શિરોધાર્ય કરી લેતાં જણાવ્યું કે, આ પ્રતિમાજી અંગે અમારે હવે કશું વિચારવા જેવું ન ગણાય, આપ જ્યાં સૂચવશો, ત્યાં આ પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરવાનું અમે માન્ય રાખીએ છીએ, આપ તળાજા કહો તો તળાજા અને બીજે કોઈ સ્થાને જણાવો, તો ત્યાં આ પ્રતિમાજી પ્રતિષ્ઠિત કરવાનું અમારો સંઘ માન્ય રાખે છે.

શાસન સમ્રાટ પૂ. આચાર્યદેવશ્રી તળાજા તરફ પધારી રહ્યા હતા, ત્યારે થોડા મુકામ પૂર્વે તળાજાના શ્રાવકો વંદનાર્થે આવ્યા, એમણે જણાવ્યું કે, તળાજાની પાસેના શોભાવડ ગામમાંથી પાર્શ્વનાથ પ્રભુનાં શ્યામવર્ણા એક પ્રાચીન પ્રતિમાજી પ્રગટ થયા છે, અમારા સંઘની ભાવના આ પ્રતિમાજીને તળાજામાં પધરાવવાની છે. આ ભાવના સાંભળીને પૂજ્યશ્રીએ વધુ પ્રસન્ન બનીને જણાવ્યું કે મુજપુરમાં પણ પ્રાચીન અને શ્યામવર્ણા નેમિનાથ પ્રભુનાં પ્રતિમાજી છે, એ પ્રતિમાજીને પણ તળાજામાં પધરાવવાની એ સંઘની ભાવના છે. બંને પ્રતિમાજી એ રીતે પધરાવીશું કે, મૂળનાયક તરીકે શોભી શકે.

મુજપુર અને તળાજાના સંઘે આ વાત સહર્ષ સ્વીકારી લીધી. આજે તળાજા તીર્થના ગૌરવમાં વૃદ્ધિ અને સમૃદ્ધિ કરતા પાડલાના એ નેમિનાથ પ્રભુજી તથા શોભાવડના પાર્શ્વનાથ પ્રભુજી : આ બંનેની શ્યામવર્ણી પ્રતિમાજીઓ પ્રતિષ્ઠિત બનીને તીર્થનો અનેરો મહિમા વિસ્તારી રહી છે.

શંખેશ્વરની સાથે જ તીર્થ તરીકે પ્રતિષ્ઠિત પાડલાના આવા ભૂતકાળને વર્તમાનકાળ રૂપે સાક્ષાત્ નિહાળવો હોય, તો એક વાર તાલધ્વજગિરિ-તળાજાની યાત્રા કરવી જ રહી.

(મુજપુર આજે ૧૦૮ પાર્શ્વનાથ અંતર્ગત 'ઝોટિંગા પાર્શ્વ પ્રભુ'ના તીર્થ તરીકે પ્રખ્યાત છે. જૂના મંદિરમાં આ પાર્શ્વપ્રભુ મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત ન હતાં. તાજેતરમાં જ વિ.સં.૨૦૭૧માં પૂ.પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવરના પ્રશિષ્યરત્ન પૂ.પંન્યાસ પ્રવરશ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય તેમજ પૂ. આ. શ્રી હેમપ્રભસૂરિજી મ. આદિના સદુપદેશથી જીર્ણોદ્ધાર થતાં પાર્શ્વપ્રભુજીને મૂળનાયકની જેમ પરિકર વગેરેથી સુશોભિત બનાવીને પ્રતિષ્ઠિત કરવામાં આવતાં તેમજ ધર્મશાળા આદિનું નવનિર્માણ થવાના કારણે ઝોટિંગા પાર્શ્વનાથના તીર્થ અને વિહારધામ રૂપે મુજપુરનો મહિમા પુનઃ વૃદ્ધિંગત બની રહ્યો છે. શંખેશ્વર તીર્થથી બારેક કી.મિ. દૂર આવેલા મુજપુરમાં બે જિનાલયો, ઉપાશ્રય, ધર્મશાળા અને પાંજરાપોળ વિદ્યમાન છે.)

કોઈ આપણને એમ પૂછે છે કે, શ્રી નેમિનાથ ભગવાનની જીવિત પ્રતિમા અત્યારે ક્યાં બિરાજમાન છે ? તો આપણે એવો જવાબ આપી શકીએ કે, શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુજી કરતાંય વધુ પ્રાચીન પ્રતિમા ગિરનારમંડન નેમિનાથ પ્રભુની ગણાય, પરંતુ નેમિનાથ પ્રભુની જીવિત પ્રતિમા તરીકે તો શંખેશ્વરથી નજીકના પારણા-પાટલા-પાડલામાં મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત અને પછી મુજપુરમાં સ્થાનાંતરિત બનીને હાલમાં તળાજા-તીર્થમાં એકમાત્ર પ્રતિષ્ઠિત કૃષ્ણ વાસુદેવ દ્વારા નિર્મિત નેમિનાથ પ્રભુજીને જ જીવિત પ્રતિમા તરીકે બિરદાવી શકાય.

•

## ૨

# જીવિતસ્વામી પાર્શ્વપ્રભુની પ્રતિમાથી મંડિત એક માત્ર તીર્થ જીરાવલાજી

સ્થાનો-દેશોમાં જેને રાજા તરીકેનું ગૌરવવંતુ સ્થાન-માન આપી શકાય. એ રાજસ્થાન ! સ્થાનો-દેશો તો ઘણાંબધાં છે, પણ એમાં રાજ તરીકેના તાજને જે શોભાવી શકે, એવા રાજસ્થાનની વિશેષતા એની ધરતી પર ઠેર ઠેર પ્રતિષ્ઠિત ગગનચુંબી શિખરોથી શોભી રહેલાં મંદિરો-તીર્થો છે. આવું જ એક જીરાવલાજી તીર્થ છે. સેંકડો કિલોમીટરો સુધી વિસ્તીર્ણ અરાવલિ ગિરિમાળાની ગોદમાં ગૌરવોન્નત શિખરે ખડાં રહેલાં અગણિત મંદિરો - તીર્થોમાં પ્રભાવની દૃષ્ટિએ જીરાવલાજીની શાન માન અને આન બાન તો કોઈ અનોખી જ છે.

તીર્થંકરોમાં પુરુષાદાનીય તરીકે પ્રતિષ્ઠિત શ્રી પાર્શ્વપ્રભુની એક અનોખી વિશેષતા જેમ એ છે કે, પ્રભુ પાર્શ્વના જન્મ પૂર્વે જ એમની પ્રતિમાજીઓ બની ચૂકી હતી, તેમજ ખુદ તીર્થંકર બનનારા શ્રી નેમિકુમારે એ પાર્શ્વ

પ્રતિમાના પ્રક્ષાલજળના પ્રભાવે જરાસંધની જરા નિવારી હતી, એમ જીરાવલાજી તીર્થની અનેરી એક વિશેષતા એ છે કે, વિશ્વભરમાં ક્યાંય પણ કોઇ પણ પ્રભુજીની પ્રતિષ્ઠા થતી હોય, તો ત્યારે ગભારામાં કેસરવર્ણા અક્ષરોમાં 'ૐ હ્રીં શ્રીં જીરાઉલી પાર્શ્વનાથ રક્ષાં કુરુ કુરુ સ્વાહા' લખવા દ્વારા આ પ્રભુજીનું સવિશેષ સ્મરણ કરાય છે. શ્રી જીરાવલા પાર્શ્વનાથની આ વિશેષતા તો જગજાહેર છે. તદુપરાંત જીરાવલાજીની એકદમ અપ્રસિદ્ધ છતાં હસ્તલિખિત પ્રમાણોથી પ્રમાણિત, ક્યાંય જોવા ન મળે, એવી બીજી એક વિશેષતા એ છે કે, આ તીર્થમાં જીવિતસ્વામી પાર્શ્વનાથજી પ્રભુ પ્રતિષ્ઠિત છે. જીવિતસ્વામી તરીકે શ્રી મહાવીર પ્રભુની પ્રતિમાજીઓ અનેક ઉપલબ્ધ છે, પરંતુ જીવિતસ્વામી પાર્શ્વનાથ તરીકે તો એક માત્ર જીરાવલા-પાર્શ્વપ્રભુ જ વર્તમાન કાળમાં ઉપલબ્ધ થાય છે.

જીવિતસ્વામી પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમાનો ઈતિહાસ કંઈક નીચે મુજબ છે : અપ્રસિદ્ધ હોવા છતાં આ ઈતિહાસ હસ્તપ્રત દ્વારા પ્રમાણિત છે. પાર્શ્વનાથ પ્રભુજીની વિદ્યમાનતામાં પ્રભુના પ્રથમ શ્રી શુભ ગણધરનો સદુપદેશ પામીને અર્બુદાચલની આસપાસમાં આવેલા રત્નપુર નગરના રાજવી ચન્દ્રયશે પાર્શ્વપ્રભુજીની પ્રતિમા ભરાવી, ઘણા કાળ સુધી પૂજાયા બાદ ભૂમિગત કરવામાં આવેલ એ પ્રતિમાજીનું સ્વપ્નસંકેત દ્વારા જીરાપલ્લી ગામમાં રહેતા ધાંધૂ નામક શ્રાવક દ્વારા વિ.સં. ૧૧૦૯માં સિંહોલી નદીમાંથી પ્રગટીકરણ થયું. એ પ્રતિમાજીની જીરાવલા પાર્શ્વનાથ તરીકે પ્રતિષ્ઠા થયા પછી વિક્રમની ચોથીથી આઠમી સદી સુધીના સમય ગાળામાં મંદિરના જીર્ણોદ્ધાર થતા રહ્યાનો ઉલ્લેખ મળે છે. પ્રભુ મહાવીર પરમાત્મા અર્બુદાચલ આસપાસની એ ભૂમિ પર

વિચર્યા હોવાની જેમ જીરાપલ્લી જૈનોની મહાનગરી તરીકે પ્રખ્યાત હોવાના ઉલ્લેખો ઈતિહાસમાં મળે છે.

ભારતના ભાગલા થયા, એ પૂર્વે હાલાપ્રદેશ તરીકે ઓળખાતા પાકિસ્તાનના એ પ્રદેશના જૈન સંઘ પાસે હસ્તલિખિત પ્રતોનો એક સંગ્રહ હતો. હાલાનો એ જૈન સંઘ રાજસ્થાનના બ્યાવરમાં વસવાટ માટે એ હસ્તપ્રતોને પણ સાથે લઈને આવ્યો, બ્યાવરમાં એ હસ્તપ્રતો હાલા જૈન સંઘના ભંડાર તરીકે સુરક્ષિત છે. આમાંની એક પ્રતમાં આજથી લગભગ ૮૦૦ વર્ષ પૂર્વે થયેલા શ્રી મેરુતુંગ સૂરિજી મહારાજે ઉપરોક્ત વિગતનો ઉલ્લેખ કર્યો છે.

મુસ્લિમોનો ધર્માંધ યુગ આવતાં જીરાવલા પાર્શ્વપ્રભુની પ્રતિમાને સુરક્ષાની દૃષ્ટિએ મૂળ ગભારામાંથી સ્થાનાંતર કરીને ભમતીમાં સ્થાપિત કર્યા હોવાનું અનુમાન થઈ શકે. આ જ રીતે વિ.સં. ૨૦૨૦માં બાવન જિનાલયના રૂપમાં જીરાવલાજી મંદિરનું જીર્ણોદ્ધાર પૂર્વકનું નવનિર્માણ મેવાડ કેસરી પૂ.આ.શ્રી હિમાચલસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં થવા પામ્યું, ત્યારે પણ મૂળનાયક જીરાવલા પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમાને ભમતીમાં જ પ્રતિષ્ઠિત રહેલા દેવાયા હોય, એ પણ સુસંભવિત ગણાય.

જે પાર્શ્વનાથ પ્રભુના પુણ્યનામથી જીરાવલાજીની ખ્યાતિ સર્વત્ર ફેલાયેલી હતી અને છે એ જીવિતસ્વામી પાર્શ્વનાથ પ્રભુજીને જ બાજુમાં બિરાજમાન થયેલા જોઈને અનેક પૂ. આચાર્યદેવો અને સંઘોને એવો મનોરથ થતો રહેતો હતો કે, આ પ્રતિમાજી મૂળનાયક તરીકે મૂળ મંદિરના જ મૂળ ગર્ભગૃહ ગભારામાં ક્યારે પ્રતિષ્ઠિત થાય? આ પ્રતિમાજી છેલ્લી પ્રતિષ્ઠા પૂર્વે ગભારા બહાર દીવાલના ગોખલામાં

બિરાજમાન હતી અને ત્યારે મૂળનાયક તરીકે શ્રી નેમિનાથ પ્રભુજી વિદ્યમાન હતા. તીર્થ પાર્શ્વનાથ પ્રભુજીનું અને મૂળનાયક શ્રી નેમિનાથ ભગવાન ? આવા સવાલના ઉકેલ માટે છેલ્લી પ્રતિષ્ઠા વખતે શ્રી પાર્શ્વનાથ પ્રભુજીની નવી પ્રતિમા મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત કરવામાં આવી. છેલ્લી પ્રતિષ્ઠા પછી કોઈ કારણસર આ મંદિરમાં શિલ્પ સંબંધી અનેક દોષો દષ્ટિગોચર થતા રહ્યા હતા. તેમજ તીર્થના ગૌરવને અનુરૂપ આથીય વધુ સુંદર મંદિર હોવું જોઈએ. એમ ઘણા ઘણાને વર્ષોથી એકસરખી રીતે પ્રતીત થઈ રહ્યું હતું. આ માટે ઘણીબધી વિચારણાઓ પણ થતી રહી હતી. પણ કાળ હજી પાક્યો હોય, એમ લાગતું ન હતું. એથી માત્ર વિચારણાઓથી આગળ વધીને કોઈ નક્કર કાર્ય થતું ન હતું. વહીવટદારો પણ મંદિરનો આમૂલચૂલ જીર્ણોદ્ધાર થાય, એવી ભાવના સેવતા જ રહેતા હતા, કેમ કે અનેકાનેક દોષો દૂર કરવાનો આ સિવાય કોઈ વિકલ્પ જ ન હતો. પાર્શ્વનાથ પ્રભુજીનાં તીર્થો તરીકે પ્રખ્યાત કેટલાંક મંદિરો-તીર્થધામો જીર્ણોદ્ધારિત બન્યા બાદ યાત્રિકોને અનેરું આલંબન પૂરું પાડનારાં બની રહ્યાં હતાં. એ પણ વહીવટદારોને નજર સમક્ષ જ હતું. પરંતુ દૈવી સંકેતો વિના પુનરુદ્ધારનું આ કાર્ય સંભવિત જ ન હતું.

આજથી થોડાક વર્ષ પૂર્વે આવો એક પ્રયત્ન થતાં પ્રભુજીને વિનંતી કરવામાં આવી કે, ઓ જીવિત જીરાવલા પાર્શ્વનાથપ્રભુ! આપને અમે મૂળનાયક તરીકે મૂળ ગભારામાં પ્રતિષ્ઠિત કરવાની ભાવના રાખીએ છીએ. આપ અમને સંમતિ સૂચક શકુન આપો. આ વિનંતીના સ્વીકાર રૂપે સંકેત અને શકુન મળી જતાં વહીવટદારો અને ભારતવર્ષીય તીર્થભક્ત ભાવિકોના આનંદનો પાર ન રહ્યો.

આની જ ફળશ્રુતિ રૂપે હાલ ચાલી રહેલું તીર્થોદ્ધારનું કાર્ય નવા નવા વિક્રમોના સર્જનપૂર્વક આગળ વધી રહ્યું છે. સૌ કોઈ એવી મનોરથ માળા ફેરવી રહ્યા છે કે, વિક્રમ - સર્જક જીર્ણોદ્ધાર વહેલી તકે પૂર્ણ થાય અને વિક્રમાતિવિક્રમસર્જક પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણીપૂર્વક જીરાવલાનો જય જયકાર ક્યારે ગગનગામી બને, એ રીતે પુનઃ વહેલી તકે ગુંજી ઊઠે.

●

**। વધામણી ।**

જગજયવંત શ્રી જીરાવલા પાર્શ્વનાથ પ્રભુજીને નવનિર્મિત સંગેમરમર ભવ્ય જિનપ્રાસાદમાં પ્રતિષ્ઠિત કરવાનું મંગલમુહૂર્ત ઉદ્‌ઘોષિત થતાં સકળસંઘમાં આનંદ-મંગળનું વાતાવરણ છવાઇ જવા પામ્યું છે.

જન્મભૂમિ પંચાગ મુજબ જેના
તિથિ-તારીખ નીચે મુજબ છે.
વિ.સં. ૨૦૭૩, મહાસુદ-૧૩,
તા.૯-૨-૨૦૧૭, ગુરુવાર

## 3

# વર્તમાનકાલીન દેવકૃત દહેરાસર

ગુજરાતની ગૌરવવંતી ધરતી પર 'પાટણ'ના નામે ઓળખાતા ત્રણેક નગરોમાં કોઈ ને કોઈ વિશેષતા જોવા મળે છે. અણહિલપુર પાટણ તો વિરલ વિશેષતાઓના એક અમૂલ્ય ખજાના સમું જ છે. શ્રી હેમચન્દ્રાચાર્યના પ્રભાવે સિદ્ધરાજ અને કુમારપાળ જેવા રાજવીઓએ આ નગરીને ઇતિહાસમાં જે રીતે સુવર્ણ-લિખિત બનાવી, જિનબિંબ-જિનાગમોનો પ્રતિમાજી-પ્રતોનો જે વારસો આજ સુધી આ પાટણે જાળવી જાણ્યો, એ તો સુપ્રસિદ્ધ જ છે.

પ્રભાસપાટણ તરીકે ઓળખાતી ભૂમિની વિશેષતાઓ જૈન કરતા અજૈન ઇતિહાસમાં વધુ પ્રમાણમાં લખાયેલી જોવા મળે છે. હિન્દુઓના તીર્થ તરીકે જાણીતું-માનીતું આ સ્થળ શ્રી ચન્દ્રપ્રભસ્વામીના તીર્થ તરીકે પણ જૈનજગતમાં જયવંત છે.

અણહિલપુર અને પ્રભાસપાટણ તો આમ ઠીક ઠીક જાણીતાં છે. પણ સોરઠ પ્રદેશમાં પાટણ વાવ તરીકે

ઓળખાતું ધોરાજીથી બાવીસ કિ.મી. દૂર આવેલું સ્થાન તો ઠીક ઠીક અજાણ્યું છે. પણ દેવનિર્મિત સીમંધર જિનાલયના ધામ તરીકે હવે પાટણ વાવ પ્રસિદ્ધિ પામી રહ્યું છે. વર્તમાનકાળમાં દેવનિર્મિત જિનાલયના એકમાત્ર ધામ તરીકે પાટણ વાવનો પરિચય પામવા જેવો છે. આ પરિચય પામ્યા પછી તો શ્રી મેઘરથ દેવ નિર્મિત સીમંધરસ્વામીના પાટણવાવ સ્થિત જિનાલયની યાત્રા કરવાની ભાવના ન જાગે, તો એ જ નવાઈ ગણાય. સોરઠના વિખ્યાત યાત્રાધામ જૂનાગઢની નજીક આવેલા ધોરાજી શહેરથી આ પાટણવાવની યાત્રાર્થે જઈ શકાય છે.

પાટણવાવમાં થોડા સમય પૂર્વે કાંતિભાઈના નામે જાણીતા એક શ્રાવક રહેતા હતા. મૃત્યુ પામીને એઓ વ્યંતર-નિકાયમાં ઉત્પન્ન થયા. પૂર્વની પ્રીતિના કારણે તેઓ અવારનવાર સ્વજનો પાસે આવીને પરચો દર્શાવતા. એમનું દેવનામ મેઘનાથ દેવ ! એક વાર વાતમાં અને વાતમાં સ્વજનોએ મેઘનાથ દેવને પૂછ્યું કે, આપ સીમંધરસ્વામીના દર્શને પધાર્યા છો કે નહિ ? ગતજન્મમાં પણ સીમંધર-સ્વામીના નામથી અપરિચિત મેઘનાથદેવે આશ્ચર્ય સાથે સ્વજનોને જણાવ્યું કે, મેં તો સીમંધર સ્વામીનું નામ પણ સાંભળ્યું નથી, પછી મેં દર્શન તો ક્યાંથી કર્યા હોય? પણ હવે હું જરૂર સીમંધરસ્વામીના દર્શનનો લાભ વહેલી તકે લીધા વિના નહિ જ રહું. આવો પ્રેરક પ્રશ્ન કરવા બદલ તમારો આભાર!

અવધિજ્ઞાન-વિભંગજ્ઞાનના પ્રકાશમાં મેઘનાથ દેવે સીમંધરસ્વામીનું સ્વરૂપ જાણી લીધું. જ્ઞાનના પ્રકાશમાં એમને જે રૂપ-સ્વરૂપમાં સીમંધરસ્વામી પ્રતિભાસિત થયા, એથી ખૂબ ખૂબ પ્રભાવિત બનીને મેઘનાથ દેવ મહાવિદેહ

ક્ષેત્રમાં પહોંચી ગયા અને સાક્ષાત્ સીમંધર સ્વામીનાં દર્શન કરીને તેઓ પ્રભુની અમૃતઝરતી ધર્મદેશના સાંભળવામાં તલ્લીન બની ગયા.

મેઘનાથ દેવ માટે મહાવિદેહ ક્ષેત્ર, સીમંધરસ્વામી અને ધર્મદેશનાનું શ્રવણ : આ બધું પહેલુંવહેલું જ હતું. પણ આ બધું એમને મંત્રમુગ્ધ બનાવી ગયું. એમાં પણ પ્રભુનાં મુખે ધર્મધારાનું જે અમૃત ઝરી રહ્યું હતું, એના પાને - શ્રવણે તો એમનો અંતરાત્મા ડોલી જ ઊઠ્યો. પછી તો મેઘનાથ દેવ અવારનવાર સીમંધરસ્વામીની વાણી સાંભળવા જવા માંડ્યા. પાટણવાવમાં એક વાર સ્વજનો સમક્ષ પ્રગટ થઈને મેઘનાથ દેવે પ્રભુ અને પ્રભુવાણીનું જે દિલચસ્પ વર્ણન કર્યું, એ સાંભળીને તો સ્વજનો છક્ક થઈ ગયા. પોતાને આવો દિવ્ય લાભ મળવા બદલ મેઘનાથે સ્વજનોનો ખૂબ ખૂબ ઉપકાર માન્યો.

સીમંધરસ્વામીનાં દર્શન થયા બાદ તો મેઘનાથ દેવ જાણે સીમંધરસ્વામીમય જ બની ગયા. કોઈ કોઈ પ્રશ્ન કરે, કોઈ સમસ્યા રજૂ કરે, કોઈ મૂંઝવણ વ્યક્ત કરે, ત્યારે મેઘનાથ દેવ એક જ વાત કરે કે, સીમંધરસ્વામીનું પૂજન-રટણ-કીર્તન કરો. બધા જ સવાલો ઉકેલાઈ જશે. સીમંધર સ્વામીને સાચી રીતે જે ભજે, એને કોઈ જાતની ચિંતા કરવાની રહે જ નહિ.

મેઘનાથ દેવની આ વાત સાંભળીને સ્વજનોના હૈયામાં સીમંધર સ્વામીની ભક્તિ ઊભરાવા માંડી. મહાવિદેહમાં વિચરતા સીમંધરસ્વામીનું અવતરણ ભરતક્ષેત્રમાં અને એ પણ પાટણવાવમાં પ્રતિમા સ્વરૂપે થાય, એવી ભાવનાની એક દહાડો ભરતી આવી અને મેઘનાથ દેવે સ્વજનો સમક્ષ એવો મનોરથ વ્યક્ત કર્યો કે, તમારા માધ્યમે, તમને સૌ

સંઘને નિમિત્તમાત્ર બનાવીને હું સીમંધરસ્વામીનું એક મંદિર પાટણવાવમાં નિર્માણ કરવા ઈચ્છું છું. મને વિશ્વાસ છે કે, તમે સૌ મારી ભાવનાને સહર્ષ વધાવી લશો.

ભાવતાં ભોજન સામેથી પીરસાવાની વધામણી જેવી વાત હોય, એ રીતની આ ભાવનાને સૌએ વધાવી લીધી. સ્વજનો-સંઘને તો માત્ર નિમિત્તમાત્ર જ બનવાનું હતું, બધી જ જવાબદારી વહન કરવાની મેઘનાથ દેવની તૈયારી હતી. ફંડ-ફાળો કે ટીપ કરવાની તો વાત જ નહોતી. જરૂર મુજબની આર્થિક સહાયથી માંડીને, સીમંધર સ્વામીજીની પ્રતિમાના નવનિર્માણ સુધીનું ઉત્તરદાયિત્વ મેઘનાથ દેવે સામેથી સ્વીકારી લીધું અને શુભ ઘડીપળે મંદિર-નિર્માણનો પ્રારંભ થયો. મેઘનાથ દેવ મુનષ્યોના માધ્યમે જ બધું કાર્ય કરાવવા ઈચ્છતા હતા. એથી વહીવટદારોને જરૂર મુજબ આર્થિક સહાય માંગ્યા વિના જ મળતી ગઈ, એક તરફ મંદિરનું કાર્ય આગળ વધતું ગયું, તો બીજી તરફ સીમંધરસ્વામીનાં ૪૫ ઇંચનાં ભવ્ય પ્રતિમાજીનું ઘડતર-કાર્ય જયપુરના એક કારીગર દ્વારા માત્ર અઢાર દિવસમાં જ પરિપૂર્ણ થવા પામ્યું.

પ્રતિમાજીના ઘડતર-કાર્યમાં કારીગરની કળા ઉપરાંત હૈયાની ભક્તિ અને ભાવના વિપુલ માત્રામાં ઠલવાતાં જાણે સાક્ષાત્ સીમંધરસ્વામીનું અવતરણ થયું હોય, એવી મનોહારી મુદ્રા એ પ્રતિમામાં પ્રતિબિંબિત થવા પામી. મનુષ્યોને માધ્યમ બનાવીને મેઘનાથ દેવ બધો જ લાભ જાતે લેવા જાણે કૃતનિશ્ચયી હતા. એથી અંજન પ્રતિષ્ઠા સંબંધી મુહૂર્તોની પસંદગી પણ એમણે જાતે જ કરી. એ મુજબ વિ.સં. ૨૦૬૦ના ચૈત્ર મહિનામાં અંજન-પ્રતિષ્ઠાનો અદ્‌ભુત પ્રસંગ પાટણવાવના આંગણે ઊજવાયો. જ્યારે

સીમંધર સ્વામીજીની મૂર્તિની પુણ્ય પ્રતિષ્ઠા થવા પામી, ત્યારે સકળ સંઘને દૃષ્ટિગોચર થાય, એ રીતે અપાર્થિવ એક તેજલિસોટો પ્રભુ પ્રતિમામાં સંક્રાન્ત થઈને પ્રતિમાજીની સાતિશયતાનો સાક્ષાત્કાર કરાવી ગયો.

મેઘનાથ દેવે આ પ્રસંગની ઉજવણી વખતે બીજા બીજા ઋદ્ધિવંત દેવોને આમંત્રિત કર્યા. એથી અદ્‌ભુત રીતે પ્રતિષ્ઠા પ્રસંગ ઊજવાયો. દેવોની સ્વચ્છતાપ્રિયતા અને સુગંધીપ્રિયતા સુપ્રસિદ્ધ હોવાથી પાટણવાવ ગામમાં જે સ્વચ્છતા અને સુગંધનું વાતાવરણ પ્રતિષ્ઠાના અવસરે છવાઈ ગયું, એની ઓછાવત્તા પ્રમાણમાં ઝાંખી આજે પણ પાટણવાવમાં જોવા મળે છે.

દેવસૃષ્ટિ હયાત છે અને એના પરચા આજેય અનુભવાય છે એની સાખ પૂરતો આ પ્રસંગ દેવકૃત દેરાસરના દર્શનકાજે યાત્રિકોને આમંત્રતી સીમંધરસ્વામી જિનાલયની એ ઘંટડીઓ આજેય રણકી રહી છે અને શિખર પરથી એ ધર્મધ્વજા દિનરાત લહેરાઈ રહી છે.

'પાઠશાળા'માં આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિજી દ્વારા થયેલ ઉલ્લેખ મુજબ પાલિતાણાના પ્રાંગણે શત્રુંજયના શિખરે સિંહદેવે બનાવેલ શ્રી શાંતિનાથ પ્રભુનું મંદિર જો ભૂતકાલીન ભવ્ય ઈતિહાસ છે, તો પાટણ વાવમાં મેઘનાથ દેવ દ્વારા નિર્મિત સીમંધરસ્વામીનું આ જિનાલય વર્તમાન કાળનો ભવ્ય વૈભવ છે.

•

૪

# પ્રભુ-પ્રતિમાનાં દર્શનનો કેવો પ્રચંડ-પ્રત્યક્ષ પ્રભાવ!

'દુષમકાળ જિનબિંબ-જિનાગમ ભવિયણ કું આધારા' શ્રી શુભવીરની આ વાણીમાં સો ટચના સુવર્ણ જેવું એક સત્ય કેવું ઝગારા મારતું ઝિલાયું છે, એની પૂરી પ્રતીતિ કરાવી જતી આ ઘટના છે. પરમાત્મા જેમાં પ્રતિબિંબ રૂપે પ્રતિષ્ઠિત હોય, એવી પ્રતિમાનો પ્રભાવ આ કલિયુગમાં પણ કેવો ઝળહળતો જોવા મળે છે. એનું દર્શન આ પ્રસંગ કરાવી જાય છે.

લીંબડી પાસે રાઈસાંકળી નામનું એક ગામ, સ્થાનકવાસી સંપ્રદાયમાં ઊછરેલાં માતા શારદાબેન અને પિતા હર્ષદભાઈ આ વતનભૂમિ છોડીને જ્યારે ધંધાર્થે અમદાવાદ રહેવા આવ્યા, ત્યારે એમને એવી કલ્પના પણ ન હતી કે, પોતાની દીકરી ધનલક્ષ્મી ભવિષ્યમાં સાધ્વી જીવનનો સ્વીકાર કરીને 'ધનલક્ષ્મી' સાબિત થશે. મૂર્તિ અને મૂર્તિપૂજક શ્રમણ-શ્રમણીઓના પરિચયથી વંચિત

ધનલક્ષ્મીને વીસેક વર્ષની યુવાવયે એક દહાડો અણધારી રીતે જ એક સાધ્વીજીનો ભેટો થઈ ગયો, આ ભેટો જિનમૂર્તિના દર્શનમાં નિમિત્ત બની જવા પામ્યો. તથા પ્રતિમાનો પ્રભાવ એને સંયમધર્મની પ્રાપ્તિ કરાવી ગયો. આ બધું જ અણધાર્યું કઈ રીતે બની ગયું, એ જાણવા જેવું છે.

ધનલક્ષ્મી નાનપણથી પૂર્વભવના સંસ્કાર લઈને આવી હતી, એથી એને સતીજીઓનો સત્સંગ ખૂબ ગમતો. એ મોટી થતી ગઈ, એમ ધર્મનો રંગ લાગવા માંડ્યો. પાંચેક વર્ષ સુધી અવારનવાર સતીજી-સાધ્વીજી પાસે રહીને એ ધાર્મિક જ્ઞાન મેળવતી રહી, પૂર્વભવના પુણ્યે માતાપિતા એવાં સંસ્કારી મળ્યાં હતાં કે, ધનલક્ષ્મી સંયમી બનવાનાં સ્વપ્ન નિહાળવા માંડી, છતાં એમણે ધાર્મિક જ્ઞાનની પ્રાપ્તિ કરતી ધનલક્ષ્મીને જરાય અટકાયત ન કરતાં, ઉપરથી પ્રોત્સાહિત કરી. આની ફલશ્રુતિ રૂપે ઘરમાં સંયમની વાતો ધીમે ધીમે વેગ પકડવા માંડી. થોડા દિવસો બાદ તો સંયમ કાજે મુહૂર્ત-ગ્રહણ કરવા જવા સુધીની વાતો વાતાવરણમાં ગુંજી રહી.

મહાસતીઓના સતત સહવાસના કારણે ધનલક્ષ્મીના મનમાં એવી માન્યતા દૃઢમૂલ બનવા પામી કે, સંપ્રદાયની માન્યતા વિરુદ્ધ જિનમંદિરમાં જવાય જ નહીં તથા મંદિર મૂર્તિમાં શ્રદ્ધા ધરાવતાં સાધુ-સાધ્વીનો સંગ પણ કરાય નહિ. સંપ્રદાયના આવ સજ્જડ સંસ્કાર હોવા છતાં ધનલક્ષ્મીના દિલ-દિમાગમાં 'રક્ષાપોટલી' અંગેની આસ્થા-શ્રદ્ધાનાં મૂળિયાં ખૂબ જ ઊંડાં ઊતરી ગયેલાં હોવાથી જ્યાંથી પણ 'રક્ષાપોટલી'ની પ્રાપ્તિ થાય, એવું લાગતું, ત્યાં એ અચૂક પહોંચી જતી અને 'રક્ષાપોટલી' દ્વારા સુરક્ષિત થવાની તક ન ચૂકતી.

અમદાવાદ એટલે જિનમંદિરની નગરી અને સાધુ સાધ્વીજીઓનું સતત સંચરણ ધરાવતી પુણ્યભૂમિ! પોતે જ્યાં રહેતી હતી, એ પોળની નજીકમાં જ એક ઉપાશ્રય હતો, એની નજીકમાં ભવ્ય જિનમંદિર હતું, એમાં પ્રતિષ્ઠિત અત્યાલ્હાદક જિનબિંબો પર તો ભક્તજનો ઓવારી ઊઠતા. ધનલક્ષ્મી એક દહાડો 'રક્ષાપોટલી'ની આશાથી ઉપાશ્રયમાં ઉપસ્થિત સાધ્વીજી પાસે પહોંચી ગઈ. એણે સાવસહજ ભાવે 'રક્ષાપોટલી'ની માંગણી મૂકી.

સાધ્વીજીના સંસર્ગમાં પ્રથમ વાર જ આવનાર ધનલક્ષ્મીને સાધ્વીજીએ ટકોર કરી કે, પહેલાં વંદન કરવું જોઈએ, પછી જ આવી માંગણી કરાય.

ધનલક્ષ્મીએ બાળભાવે જવાબ આપ્યો કે, અમે સ્થાનકવાસી છીએ. મહાસતીજી સિવાય બીજાને અમારાથી વંદન કઈ રીતે થાય ?

પરિસ્થિતિ પરખી લઈને સાધ્વીજીએ કહ્યું : સારું તો એમ કર, તું દહેરાસરમાં જઈને દર્શન કરી આવ, ત્યાં સુધી હું રક્ષાપોટલી કાઢી રાખીશ. બસ, સામે જ દહેરાસર છે. તું દર્શન કરીને આવીશ, તો જ તને રક્ષાપોટલી મળશે.

સ્થાનકવાસી સંસ્કારો અવરોધક બનતા હતા, છતાં 'રક્ષાપોટલી' મેળવવાની લાલચે ધનલક્ષ્મી મંદિરમાં પહોંચી ગઈ. પળ બે પળમાં તો ચમત્કાર સરજાયો. પ્રભુની એ પ્રતિમાનાં દર્શન થતાં જ ધનલક્ષ્મી કોઈ અવનવી જ વિચાર-સૃષ્ટિમાં ખોવાઈ ગઈ. આજે પહેલી વાર જ 'સ્થાનક'ના સંસ્કારોમાંથી બહાર નીકળીને મંદિરનો માહોલ માણી રહી હતી. પ્રભુપ્રતિમા જોતાં જ એને એમ લાગવા માંડ્યું કે, સાક્ષાત્ ભગવાનનો ભેટો થયો છે. આજ લગી હું આવા દિવ્યદર્શનથી વંચિત રહી, એ મારું કેવું કમભાગ્ય?

કમભાગ્ય બદલ લમણે ટકોરા મારવા કરતાં હવે આ સૌભાગ્ય સતત સત્કારતા રહેવું જોઈએ વિધિ-વિધાનની ઝાઝી ગતાગમ ન હોવા છતાં જે રીતે સંત-સતીજી સમક્ષ ધનલક્ષ્મી ઝૂકી પડતી હતી, એના કરતાંય સવાયા ભક્તિભાવ સાથે રક્ષાપોટલીને ભૂલી જઈને એણે સાધ્વીજી સમક્ષ નવો જ સવાલ રજૂ કર્યો : પ્રભુપ્રતિમાનાં દર્શને હું તો ન્યાલ થઈ ગઈ. મંદિરની અંદર આજે જિંદગીમાં મેં પ્રથમ વાર જ પગ મૂક્યો. પણ મને જે આનંદ થયો, એ હું વર્ણવી શકું એમ નથી! તમે આવા પ્રભુજીનાં દર્શન કરવા જાવ છો ખરાં ?

સાધ્વીજીનો જવાબ હતોઃ સવારનો શુભારંભ જ અમે પ્રભુદર્શનથી કરીએ છીએ. દેવદર્શન વિના અમારાથી મોઢામાં પાણીનું ટીપું પણ ન નંખાય, અમારી જીવનચર્યામાં 'પ્રભુ-દર્શન'તો અભિન્ન અંગ રૂપે સંકળાયેલું છે.

સાધ્વીજીનો આ જવાબ સાંભળીને ધનલક્ષ્મીનો આનંદ ઓર વધી ગયો. એને બીજો એક વિચાર આવ્યો કે, મારી દીક્ષાની વાતો સ્થાનકવાસી સંપ્રદાયમાં ચાલી રહી છે. જો હું આ સાધ્વીજીની પાસે જ સંયમ સ્વીકારું, તો જ મને આવા પ્રભુ-દર્શન રોજ રોજ થતા રહે. સ્થાનક સંપ્રદાયમાં મારી દીક્ષા થાય, તો પછી આવાં દિવ્યદર્શનથી હું સાવ જ વંચિત રહી જાઉં.

વિચારમગ્ન બનેલી ધનલક્ષ્મીના હાથમાં રક્ષાપોટલી આપતાં સાધ્વીજીએ કહ્યું : તારે રક્ષાપોટલી જોઈતી હતી ને? લે, આ રક્ષાપોટલી! ધનલક્ષ્મીને તો પ્રભુ-દર્શનનું જ ઘેલું લાગ્યું હતું. રક્ષાપોટલીનો સ્વીકાર કરતાં એણે પૂછ્યું: આપ મને દીક્ષા આપશો? જિનપ્રતિમાનાં દર્શન રોજ કરવા મળે, એ માટે હું તમારી પાસે સંયમ સ્વીકારવા ઇચ્છું છું.

તમે જો હા પાડતા હો, તો હું કાલે જ સંયમ ગ્રહણ કરવા આપની પાસે આવી જાઉં.

ધનલક્ષ્મીની આ માંગણી સાધ્વીજીને બાળચેષ્ટા જેવી ભાસી. એમને થયું કે, આટલી અને આવી ઉતાવળ કરતી આનું મગજ તો ભ્રમિત થઈ ગયું નહિ હોય ને ? લપમાંથી છટકવા એમણે કહ્યું : ધનલક્ષ્મી ! તું સામેના ઉપાશ્રયમાં જા. અમને વિશ્વાસ છે કે, ત્યાં તારી માંગણી જરૂર સ્વીકૃત થશે. ધનલક્ષ્મીએ તો મનોમન નિશ્ચય કરીને ગાંઠવાળી દીધી હતી કે, મૂર્તિપૂજક સંપ્રદાયમાં જ સંયમી બનવું. તો જ પ્રભુપ્રતિમાનું પ્રતિદિન દર્શન કરવાનો લાભ મળે. ઘરમાં પોતાની દીક્ષાની વાતો શરૂ થઈ હતી. એથી વહેલી તકે દીક્ષા લઈ જ લેવાનો મનોરથ એના મનમાં દોડાદોડ કરી રહ્યો હતો. સામેના ઉપાશ્રયમાં બિરાજમાન સાધ્વીજી સમક્ષ ધનલક્ષ્મી પહોંચી ગઈ. એણે ભૂમિકા રૂપે થોડીક વાતો રજૂ કર્યા બાદ પોતાની ભાવના રજૂ કરી : આપ મને સંયમ પ્રદાન કરતા હો, તો કાલે જ હું આવી જાઉં. મોડું કરીશ, તો મારી મનોરથમાળાના મણકે મણકા વેરવિખેર થઈ જશે. માટે કૃપા કરીને હા પાડો, તો ઘરમાં પણ જાણ કર્યા વિના ગુપ્ત રીતે સંયમ સ્વીકારવાની મારી પાકી અને પૂરેપૂરી તૈયારી છે.

ધનલક્ષ્મીની ભાવનાનો સ્વીકાર કરતાં સાધ્વીજીનું મન માનતું ન હતું. એમણે મનોમન એવી માંડવાળ કરી કે, અત્યારે હા પાડવામાં શું જાય છે? લાગતું નથી કે, આ રીતે સામેથી દીક્ષા લેવા આ ધનલક્ષ્મી આવે. છતાં પણ એ જો આવશે, તો સાહસ કરીને દીક્ષા આપવી જ પડશે.

સાધ્વીજીને વિશ્વાસ બેસતો ન હતો કે, ધનલક્ષ્મી આ રીતે દીક્ષા લેવા આવવાનું સાહસ કરે. છતાં હોઠેથી હા

પાડતાં એમણે કહ્યું કે, તું તારું વચન પાળીશ. તો પછી અમારે અમારું વચન પાળવું જ પડશે.

ધનલક્ષ્મી આટલું વચન લઈને વિદાય થઈ. એનો નિર્ણય અણનમ-અડગ હતો, એને વિશ્વાસ હતો કે, હું જો સંયમી બની જ જઈશ, તો માતાપિતા આદિ કોઈ સ્વજનો એટલાં બધાં અવરોધક તો નહિ જ બને કે, મારે સંયમવેશ છોડી દેવા લાચાર બનવું પડે! ધનલક્ષ્મીની વિદાય બાદ સાધ્વીજીને થયું કે, કાલે કદાચ ધનલક્ષ્મી આવી જાય, તો આપણે ખોટા ન ઠરીએ, માટે કાંઈક યોગ્ય વ્યવસ્થા વિચારી લેવી જોઈએ, સુરક્ષા પણ રાખવી જોઈએ અને ખાસ ખાસ આગેવાનોને પણ વિશ્વાસમાં લઈ લેવા જોઈએ.

આમ, અંદરખાને સાધ્વીજીએ બધી જ જાતની પૂર્વ તૈયારી કરી રાખી, બીજી તરફ ધનલક્ષ્મી પણ સંયમનું સાહસ ખેડવાના નક્કર નિર્ણય સાથે બીજે દિવસે આવી પહોંચતાં સંયમ સ્વીકારવાની ભાવના એ પૂરી કરીને જ રહી. પ્રભુપ્રતિમાનાં દર્શનનો કેવો પ્રત્યક્ષ અને પ્રચંડ પ્રભાવ! પ્રાપ્ત માહિતી મુજબ ધનલક્ષ્મી આજે પૂ. સાધ્વીજી શ્રી કલ્પિતમાલાશ્રીજીના નામે પૂ. સાધ્વીજી રત્નમાલાશ્રીજીનાં શિષ્યા તરીકે શાસનસમ્રાટ સાધ્વી સમુદાયમાં સુંદર સાધના કરી રહ્યા છે.

●

# ૫

# ચોરનું ચિત્ત પરિવર્તન

ભોયણી તીર્થ અને આ તીર્થમાં મૂળનાયક તરીકે પ્રતિષ્ઠિત શ્રી મલ્લિનાથદાદાનું નામ તો ઘણાબધાએ સાંભળ્યું જ હશે ! મહા સુદ દશમની પ્રતિષ્ઠાનો દિવસ કેટલાંય પંચાંગોમાં લખાતો હોય છે, એથી ભોયણી તીર્થની સાલગીરીની આ તિથિથી પણ કેટલાય પરિચિત જ હશે. પરંતુ ભોયણીના શ્રી મલ્લિનાથ દાદાના પ્રતિષ્ઠાપક અને શ્રી બાબુભાઈ કડીવાળા વચ્ચે કોઈ સગપણ સંબંધ હશે? એવી કોઈ કલ્પના આવવીય સંભવિત હશે ખરી ? આજથી લગભગ ૧૩૦ વર્ષ પૂર્વેના ઇતિહાસમાં ડોકિયું કરીશું, તો બાબુભાઈ ગીરધરલાલ કડીવાળાના દાદા નગરશેઠ ચુનીલાલ જોઈતારામનું નામ મલ્લિનાથદાદાના પ્રતિષ્ઠાપક તરીકે ઇતિહાસ સાથે સંકળાયેલું જોઈને આપણો આનંદ નિરવધિ બની ગયા વિના નહિ રહે.

વિ.સં. ૧૯૪૦ની સાલ અને મહા મહિનો, જૈન અજૈન પ્રજા માટે આસ્થાનું ધામ ગણાતા ભોયણી તીર્થમાં પ્રતિષ્ઠા-પ્રસંગની જાહેરાત થતાં જ આસપાસના

વાતાવરણમાં કોઈ અનોખો ધર્મરંગ રેલાયો. દિવસો વીતતા ગયા, એમ પ્રતિષ્ઠા મહોત્સવનો રંગ જામતો ગયો. સૌના મનમાં એ જ સવાલ હતો કે, મલ્લિનાથ દાદાની પ્રતિષ્ઠા કરવા કોણ ભાગ્યશાળી બનશે ? ઉલ્લાસ અને ઉત્સુકતાભર્યા આવા વાતાવરણ વચ્ચે પ્રભુજીને પ્રતિષ્ઠિત કરવાની બોલીનો પ્રારંભ થયો. રસાકસી અને બોલીનો આંક પણ વધતો જ ગયો. આજથી ૧૩૦ વર્ષ પૂર્વેના એ કાળમાં ૨૦ હજારની બોલી બોલવા દ્વારા પ્રતિષ્ઠાનો લાભ મેળવવા કડીના નગરશેઠ ચુનીલાલ જોઈતારામ ભાગ્યશાળી નીવડ્યા. ૨૦ હજારની બોલીને સૌ આશ્ચર્યભર્યા અંતરે અનુમોદી રહ્યા. એ જમાનામાં આ રકમ ખાસી મોટી ગણાય, એવી હતી. આ પછી નવકારશીનો લાભ લેવાની બોલી શરુ થતાં પાંચ હજાર રૂપિયામાં આ લાભ પણ શ્રી ચુનીલાલભાઈએ શ્રી ગુલાબચંદ મંગળના નામે લીધો. આ નામને આગળ કરીને જ તેઓ નાનોમોટો કોઈ પણ લાભ લેતા.

કુલ ૨૫ હજાર રૂપિયામાં આવા બે લાભ મળ્યા બાદ ચુનીલાલભાઈનો આનંદ નિરવધિ બન્યો, તો આટલી મોટી રકમનો સદ્વ્યય કરનારા ચુનીલાલભાઈ પર સૌ અંતરની અનુમોદનાનો અભિષેક કરી રહ્યા. આથીય વધુ અચરિજ તો ત્યારે સરજાયું કે, આટલી મોટી રકમની ચુકવણી કરવા ગાડું મોકલીને ચુનીલાલભાઈ પ્રતિષ્ઠા પૂર્વે જ બંને બોલીની રકમ તીર્થના ચરણે સમર્પિત કરી દીધા પછી મલ્લિનાથદાદાની પ્રતિષ્ઠા અને સંઘજમણનો લાભ લેવા દ્વારા કૃતાર્થ બન્યા. બાબુભાઈ કડીવાળા તરીકે સંઘમાં પ્રસિદ્ધ બનેલ વ્યક્તિત્વના મૂળમાં દાદા તરીકે ચુનીભાઈની આવી ઉદારતાભરી ભક્તિ છુપાયેલી હતી.

ભક્તિથી ભરપૂર શ્રી ચુનીભાઈનું ઔદાર્ય અને પ્રભુ પ્રત્યેની અખૂટ શ્રદ્ધાનું પ્રતીક બની જતી આ ઘટનાને હજી

આગળ જોઈએ. એ પ્રતિષ્ઠાપ્રસંગે સાધર્મિકોની ભક્તિ ઉપરાંત્ત ઔદાર્ય રૂપે શ્રદ્ધાળુ અજૈનોના જમણવાર પણ એવા અદ્‌ભુત થવા પામ્યા કે, 'શીરા માટે શ્રાવક થવાની' લોકોક્તિ ત્યારથી પ્રચલિત બની એમ કહેવાય છે.

જીવતરને અને લક્ષ્મીને કૃતાર્થ બનેલી માનીને નગરશેઠ ચુનીલાલે કડી જવાની તૈયારી કરી. ૨૫ હજાર રૂપિયાનો સદ્‌વ્યય કરવાથી એમની નામના - કામનાના ડંકા એ પ્રદેશમાં એ રીતે વાગી ચૂક્યા હતા કે, એનો ધ્વનિ ચોર લૂંટારા જેવી ગણાતી વ્યક્તિઓના કાનમાં પણ પ્રવેશ્યા વિના નહોતો રહ્યો. ભોયણીના ભગવાન મલ્લિનાથના ચરણે આવો સુંદર લાભ મળવા બદલ ઓળઘોળ બનીને નમવાપૂર્વક પુનઃ આવો લાભ મળતો રહે, એ માટેની પ્રાર્થના રજૂ કરીને અને ગાડાં જોડીને નગરશેઠ ચુનીલાલે કડી જવાના રસ્તે પ્રયાણ કર્યું.

ભોયણી-કડી વચ્ચે દેઉસણા નામનું એક ગામ આવતું હતું. દેઉસણા બહુ દૂર નહોતું.એ પૂર્વે જ રંગમાં ભંગ પાડતો કોઈ જંગ જામે, એવી બીકની પૂર્વભૂમિકા રચતો એક અવાજ આવ્યો. શેઠ ! ઊભા રહી જાવ અને જે કંઈ માલમત્તા હોય, એ પળનોય વિલંબ કર્યા વિના અમારી આગળ મૂકી દો,

સિંહની ત્રાડ જેવો આ અવાજ નગરશેઠને કંપાવી ન શક્યો, થોડી પણ સ્વસ્થતા ગુમાવ્યા વિના ભગવાન પર ભરોસો મૂકી દઈને એમણે કહ્યું : ભોયણીના ભગવાનનો પ્રસાદ લઈને હું આવ્યો છું માટે પહેલાં તમે એ પ્રસાદ આરોગી લો. પછી તમારી માંગણી અંગે જરૂર વિચારીશું.

ત્રાડ પાડનારા બે-ત્રણ ચોર લૂંટારા શેઠનો આ પ્રસ્તાવ સાંભળીને ઠરી જ ગયા. ભગવાનના પ્રસાદની વાત

આવી, ત્યાં બીજું તો શું બોલી શકાય ? શેઠે લાડવા-ગાંઠિયાનો કરંડિયો ખોલીને એ ચોરોની સામે ધરી દીધો. એટલું જ નહિ, આગ્રહ કરી કરીને શેઠે ત્રણે ચોરોને તૃપ્ત કરી દીધા. તૃપ્તિનો ઓડકાર ખાતા ખાતા ચોરો શેઠના આવા ઔદાર્ય પર ઓળઘોળ બની ગયા હતા. શેઠ સમક્ષ માંગણી રજૂ કરવા હવે ચોરોનું મન માનતું ન હતું. ત્યાં તો શેઠનો અવાજ આવ્યો : બોલો, હવે તમારે જે કંઈ માંગણી મૂકવી હોય એ મૂકો. તમને સાંભળવાની મારી પૂરી તૈયારી છે.

ચોરોને શેઠના દેદારમાં દેવનું દર્શન થઈ રહ્યું હતું. એમણે કહ્યું, શેઠ! માંગણી મૂકી, ત્યારે અમે ચોર હતા. હવે કંઈ અમે ચોર નથી રહ્યા કે, જેથી માલમત્તા મૂકી દેવાની વાત અમારા મોંમાંથી નીકળી શકે, ભગવાનનો પ્રસાદ અમારા પેટમાં ગયો અને અમારા વિચારોમાં પરિવર્તન આવી ગયું. અમે આવ્યા તો હતા ભક્ષક બનવા, પણ હવે તો તમારા રક્ષક બનવા માંગીએ છીએ, તમારું અન્ન અમારા પેટમાં ગયું છે, એથી નમકહરામ બનીએ, તો અમારામાં માણસાઈ પણ ટકે ખરી ? તમારા હાથે ભગવાનનો પ્રસાદ પામીને ધન્ય બની ગયા છીએ, એથી અમે વીનવીએ છીએ કે વોળાવિયા તરીકે અમને કડી સુધી સાથે આવવાની રજા આપો, તો તમારું અન્ન પેટમાં ગયું, એનું ઋણ કંઈક અદા કરી શકીએ.

આટલું બોલતાં બોલતાં તો ત્રણે ચોર ગળગળા બની ગયા, ચોરોના ચિત્ત પરિવર્તનથી ચમત્કૃત બનેલા શેઠની સ્થિતિ પણ આવી જ હતી, ચોરોની આ વાત સાંભળીને એમની આંખ પણ હર્ષાશ્રુથી છલકાઈ ઊઠી. એમને થયું કે, આનું નામ જ 'ધર્મો રક્ષતિ રક્ષિતઃ' મેં મારો ઔચિત્ય ધર્મ જાળવ્યો, તો એ ધર્મે આવા અણીના અવસરે મને રક્ષણ પૂરું પાડ્યું. ભક્ષકને જ રક્ષક બનાવનાર મલ્લિનાથ દાદાને ઘણી ખમ્મા!

●

## ૬

# જિનમંદિરનું ગૌરવ જાળવવા કાજે

સૌરાષ્ટ્રમાં જેટલું ભાવનગર પ્રખ્યાત છે, એથીય વધુ ભાવનગરમાં દાદાસાહેબ નામક સ્થાન વિખ્યાત છે. આ સ્થાનમાં શ્રી મહાવીસ્વામી ભગવાનનું જિનાલય આવેલું છે. એની પ્રતિષ્ઠા વખતનો એક પ્રસંગ સાંભળીએ, તો મંદિર કરતાં ઊંચી બહુમાળી બિલ્ડિંગોમાં રહેનારાઓની આંખ ઊઘડી ગયા વિના અને ઊંઘ ઊડી ગયા વિના ન રહે.

વિ.સં. ૧૯૫૯ના વૈશાખ મહિને શ્રી મહાવીરસ્વામી જિનાલયની પ્રતિષ્ઠાનો મહોત્સવ પૂ.પં.શ્રી ગંભીરવિજયજી મહારાજની નિશ્રામાં ઊજવાયો, આપણી કલ્પનામાં પણ બંધબેસતો ન થાય, એવો એક પ્રસંગ એ વખતે બનવા પામ્યો, જેના કારણે એ પ્રતિષ્ઠા-મહોત્સવ આજેય ભુલાયો નથી.

પ્રતિષ્ઠાના એ પ્રસંગે મુખ્ય મંદિરના શિખર પર ધ્વજારોપણ કરવાનો ચડાવો સારી બોલી બોલીને શ્રેષ્ઠી શ્રી ત્રિભુવન ભાણજી નામના શ્રદ્ધાનિષ્ઠ એક શ્રાવકે લીધો.

શુભ ઘડીપળ આવતાં તેઓ ધ્વજારોપણ કરવા શિખર પર ચડ્યા, મુહૂર્તની ઘોષણા થતાં જ એમણે અનેરા હર્ષોલ્લાસ વચ્ચે શિખર પર ધ્વજારોપણ પણ કર્યું. આ પછી એમની નજર આજુબાજુ ફરી રહી હતી, ત્યાં જ દેરાસરની સાવ નજીકમાં જ પોતાના નવા બંધાયેલા બંગલા પર એ નજર એકદમ સ્થિર થઈ ગઈ, પાંચ માળ ધરાવતો એ બંગલો નવો જ તૈયાર થયો હતો. એમાં પણ હવાઉજાસ પૂરતા પ્રમાણમાં મળી રહે, એ માટે બંગલાના પાંચમા માળમાં લગભગ મોટા પ્રમાણમાં લાકડાનો જ વપરાશ થયો હતો. લાકડાનું કામ પણ નકશી અને કલાકારીગરીથી એવું અદ્‌ભુત થયું હતું કે, એને જોનારો એક વાર તો ઠરી જ જતો.

ધ્વજારોપણ કરીને શિખર પરથી પોતાના બંગલાનું અવલોકન કરી રહેલા ત્રિભુવન ભાણજીને આજ લગી કોઈ વાર ન આવ્યો હોય, એવો એક વિચાર આવતાં જ એઓ ગંભીર અને ચિંતામગ્ન બની ગયા. બંગલાના પાંચ માળ બંધાઈને તૈયાર થઈ ગયા, ત્યાં સુધીમાં ક્યારેય ન આવેલા એ વિચારનો પ્રકાર એવો હતો કે, જિનમંદિરના શિખરની ઊંચાઈ કરતા મારા બંગલાની ઊંચાઈ વધારે હોય, તો મારે એમ ચોક્કસ માની જ લેવું જોઈએ કે, જિનમંદિરના ગૌરવને હું સમજ્યો નથી. આવા ગૌરવનો મને વિચાર આવ્યો હોત, તો મેં મારા બંગલાને જિનમંદિરના શિખર કરતાં વધુ ઊંચો બનતાં અટકાવી જ દીધો હતો. સારું થયું કે, આજે વહેલીમોડી પણ મને મારી ભૂલનો ખ્યાલ આવ્યો.

ધ્વજારોપણ કરીને અન્ય અન્ય વ્યક્તિઓ નીચે ઊતરવા માંડી. પણ ત્રિભુવન ભાણજીને જે વિચારે ગંભીર અને

ચિંતિત બનાવી દીધા હતા, એનું આગળ વધતું વહેણ હજી અટક્યું નહોતું. એથી શિખર પર ઊભા ઊભા જ એઓ વિચારી રહ્યા હતા કે, જિનમંદિરનું ગૌરવ જળવાઈ રહે. એ માટે હવે શું કરવું જોઈએ. જિનમંદિરનું આ શિખર હજી ઊંચું બને, તો તો હજી ગૌરવની પુનઃ સ્થાપના થઈ શકે. પણ શિખરની ઊંચાઈ વધારવી હવે તો શક્ય જ ગણાય નહીં, હા. હજી મારા બંગલાની ઊંચાઈને ઘટાડવી હોય, તો જરૂર ઘટાડી શકાય, જિનમંદિરના ગૌરવને અખંડિત રાખવા મારો બંગલો ખંડિત થાય, તોય મારે મન એ ગૌરવાસ્પદ ગણાય. આવું મારું ભાગ્ય ક્યાંથી કે, એક માળ ઉતારી લેવાથી જિનમંદિરની ઊંચાઈ બિનહરીફ બની રહે.

શિખર પર ઊભા ઊભા જ મનોમન એક નક્કર નિર્ણય લઈ લીધા પછી જ ત્રિભુવન ભાણજી નીચે ઊતર્યા. ઘરમાં તો આજે આનંદના અબીલગુલાલ ઊડી રહ્યા હતા, કેમ કે પૂરા પુણ્યની પ્રતીતિ કરાવતો ધ્વજારોપણનો લાભ અને લહાવો મળ્યો હતો અને એ રંગેચંગે ઊજવાઈ પણ ગયો હતો. આ રંગમાં ભંગ પડ્યાં જેવું વાતાવરણ ત્રિભુવન ભાણજી સર્જવા માંગતા નહોતા. એથી બીજે દિવસે એમણે પરિવારને એકત્રિત કરીને, ગઈ કાલે મનોમન લીધેલ નક્કર નિર્ણયની જાહેરાત થઈ શકે એવી ભૂમિકા રચતાં કહ્યું :

'જિનમંદિર અને જૈનશાસનના ગૌરવની પ્રતિષ્ઠાના પ્રતીક સમો ધ્વજારોપણનો લાભ તો આપણને પૂરા પુણ્યે મળી ગયો. પણ આપણું પુણ્ય આટલું જ સીમિત નથી. આવો જ બીજો લાભ આપણી પ્રતીક્ષા કરી રહ્યો છે. બોલો, આપણને જ મળી શકે, એવો એ લાભ લેવાની ઇચ્છા છે ખરી ? આ લાભ મળે તો આપણને જ મળે એમ

છે. આવો લાભ તો કોણ જતો કરે ? માટે વિચારીને કહો કે, આવો એક લાભ લેવો છે ખરો?'

પૂરા પરિવારનો જવાબ 'હકાર'માં જ હોય, એ અસંભવિત નહોતું, સૌ કોઈએ જ્યારે ઊછળતા ઉલ્લાસ વચ્ચે લાભ લેવાની તત્પરતા દર્શાવી, ત્યારે ત્રિભુવન ભાણજીએ ધીમે રહીને મૂળ વાત પર આવતાં સવાલ કર્યો કે, જિનમંદિર વધુ ઊંચુ હોવું જોઈએ કે આપણો બંગલો વધુ ઊંચો હોવો જોઈએ? આપણા બંગલાથી જિનમંદિરની ઊંચાઈ વધુ હોય, તો એ આપણા માટે ગૌરવ લેવા જેવું ગણાય, પરંતુ જો જિનમંદિર કરતાં આપણા બંગલાની ઊંચાઈ વધુ હોય, તો તે આપણા માટે શરમજનક ગણાય કે નહિ ?

શેઠના આ સવાલનો જવાબ પણ હકારમાં આપવો પડે એમ હોવાથી સૌ કોઈએ એકી અવાજે બંગલાની ઊંચાઈને શરમજનક ગણાવી, ત્યારે લાલચોળ લોઢા પર ઘણનો ઘા કરીને એને ધાર્યો ઘાટ આપવાની તકને ઝડપી લેતાં શેઠે કહ્યું : મેં ગઈકાલે શિખરે ઊભા રહીને અંદાજ કાઢ્યો કે, આપણો બંગલો જિનમંદિર કરતાં વધુ ઊંચો જણાય છે. તો બોલો, હવે આ માટે આપણે શું કરવું જોઈએ? જિનમંદિર પર ધ્વજ તો લહેરાતો થઈ ગયો, પણ ઊંચાઈની દૃષ્ટિનો ગૌરવ-ધ્વજ હજી લહેરાતો થયો નથી, આનો લાભ આપણા સિવાય કોઈ મેળવી શકે એમ નથી. માટે તમે બધા જ સંમત થતા હો, તો મેં મનોમન એવો નક્કર નિર્ણય લઈ લીધો છે કે, આપણે આપણા બંગલાનો પાંચમો માળ જો ઉતરાવી નાખીએ, તો ઊંચાઈમૂલક ગૌરવધ્વજની પ્રતિષ્ઠા જિનમંદિરના શિખરે કરવાનો લાભ આપણને મળે. પાંચમા માળામાં લાકડાનો જ વધુ ઉપયોગ

થયો હોવાથી આ માળ ઉતારી નાખવામાં બહુ તકલીફ કે મુશ્કેલી પણ પડે એમ નથી.

ત્રિભુવન ભાણજીએ એવી કુનેહપૂર્વક વાત રજૂ કરી કે, પૂરા પરિવારે બંગલાનો પાંચમો માળ ઉતારી નાખવા દ્વારા જિનમંદિરના ગૌરવની પ્રતિષ્ઠાના એ નિર્ણયને વધાવી લીધો. શેઠ તો 'કર્યું એ કામ ને વીધ્યું એ મોતી' આ કહેવતને યથાર્થ કરવામાં માનનારા હતા. એથી એ જ દિવસે સુથાર-કડિયાને બોલાવીને એમણે કહ્યું કે, જે હર્ષોલ્લાસપૂર્વક તમે આ બંગલાનો પાંચમો માળ બનાવ્યો હતો, એથીય સવાયા હર્ષોલ્લાસ સાથે તમારે આ પાંચમો માળ ઉતારી લેવાનો છે. કેમ કે જેમ જેમ આ માળ ઉતારાતો જશે, એમ એમ જિનમંદિરની ઊંચાઈ વધતી જશે.

શેઠની આ વાત સાંભળીને સુથાર-કડિયા તો ઠીક આખા ભાવનગરનો જૈનસંઘ આશ્ચર્યવિભોર બની જવા પામ્યો, જિનમંદિરનું ઊંચાઈ-મૂલક ગૌરવ વધારવા આ રીતે પોતાના બંગલાના પાંચમા માળને તોડી પાડવાનો નિર્ણય લેવો, એ ધ્વજારોપણનો ચડાવો લેવા ખાતર હજારો લાખોની બોલી બોલવા કરતાંય વિશેષ હતું, ભાવનગરને એ દહાડે સગી આંખે એ જોવા-જાણવા મળ્યું. એ પ્રતિષ્ઠા-પ્રસંગ આજેય ભુલાયો નથી, એના મૂળમાં આ ઘટનાનો સવિશેષ હિસ્સો હોવાનો કોઈ દાવો કરે, તો તે વધુ પડતો ન ગણાય.

•

# ૭

# આશ્ચર્યકારી ગુરુ-મૂર્તિનાં માતર તીર્થમાં દર્શન

ગૌરવવંતો ગુજરાત દેશ છે. તીર્થ સદશ જિનમંદિરોથી ધર્મ-સમૃદ્ધ અમદાવાદ અને ખંભાત જેવા નગરોની વચ્ચે આવેલું સાચાદેવ સુમતિનાથ પ્રભુથી મંડિત માતર તીર્થ શોભી રહ્યું છે. ચમત્કારોથી ભરપૂર આ તીર્થનો ઈતિહાસ ચોમેર સુવાસ રેલાવી રહ્યો છે. એ ઈતિહાસનેય ટપી જાય, એવા એક ઈતિહાસને આ તીર્થમંદિરના પ્રદક્ષિણા-પથમાં આવતી એક દેરીએ જીવ-જાનની જેમ જતન કરીને જાળવી રાખ્યો છે. જિનમૂર્તિઓથી મંડિત દેરીઓમાંની એક દેરીમાં કોઈ સાધ્વીજીની પ્રતિમાનાં દર્શન થતાં જ દર્શકો આશ્ચર્યવિભોર બનીને એવી એક જિજ્ઞાસા વ્યક્ત કર્યા વિના રહી શકતા નથી કે, એ મહત્તરા પ્રવર્તિની સાધ્વીજી શ્રી પદ્મશ્રીજી વળી એવી તે કેવી વિભૂતિ તરીકેનું જીવન જીવી ગયાં હશે કે, એમની પ્રતિમા આ તીર્થમંદિરમાં પધરાવવામાં આવી?

મંદિરમાં આચાર્યદેવની પ્રતિમાનાં ક્યારેક દર્શન થાય, મુનિવરની પ્રતિમા તો ભાગ્યે જ જોવા મળે, ત્યાં

સાધ્વીજીની ગુરુમૂર્તિનાં દર્શન માતર જેવા તીર્થમાં થતાં દર્શક આશ્ચર્ય અનુભવે એ સહજ ગણાય. અસંભવિત લાગતી આ ઘટના હકીકત હોવાથી એનો ઈતિહાસ જાણીશું, તો વધુ આશ્ચર્યવિભોર બની ગયા વિના નહિ રહેવાય. રોમાંચક અને અભૂતપૂર્વ એ ઈતિહાસનાં પૃષ્ઠો ઉથલાવીએ.

વિ.સં. ૧૨૯૮ની સાલ સ્તંભનપુર-ખંભાતના ખોળે કોઈ કરોડપતિ શ્રેષ્ઠીના આંગણે એક એવી બાળકીનો જન્મ થયો કે, એનાં રૂપ-લાવણ્ય અને લલાટ જોઈને નાના-મોટા સૌ આભા થઈ ગયા. અરે! એની જન્મકુંડલી બનાવવા જ્યોતિષીને આપવામાં આવી, તો જાતકના ગ્રહચાર જોતાં જ જ્યોતિષીના મોઢામાંથી 'અહો અહો'નો ધ્વનિ નીકળી પડ્યો.

ચંદ્રની ચાંદની જેવી દીકરીનો જે ઘરમાં જન્મ થયો, એ ઘરનાં દાદા-દાદી અને માતા-પિતા ધર્મસંપન્ન હતાં. તેથી સાક્ષાત લક્ષ્મીદેવી જેવી એ પુત્રીને જોઈને સૌ બોલી ઊઠ્યા કે, દેવકુમારીને જોવાનું તો આપણું પુણ્ય ક્યાંથી હોય ! પણ આ પુત્રીનાં દર્શન કરીને એવો સંતોષ લઈ શકાય કે, દેવકુમારી આથી તો વધુ રૂપ-લાવણ્ય નહિ જ ધરાવતી હોય!

માનસ સરોવરમાં પેદા થયેલું સહસ્રદળ કમળ જેમ ખિલવટ પામતું જાય, એમ ખિલવટ પામતી એ પુત્રીને મન મૂકીને સૌએ 'પદ્મલક્ષ્મી'ના નામે વધાવી અને એના ભાવિ અંગે ભાતભાતની કલ્પનાસૃષ્ટિ રચતા સૌ એને જેમ અનિમેષ નજરે નિહાળતા, એમ વધુ ને વધુ અતૃપ્તિનો ભોગ બનતા. એ બોલતી તો જાણે ફૂલડાં ખરતાં, એ ચાલતી તો જાણે પાયલનો ધ્વનિ રેલાતો.

પદ્મલક્ષ્મીના ભાગ્યમાં જેમ બાહ્ય સંપત્તિ લખાયેલી હતી, એમ આથીય ચડિયાતી આધ્યાત્મિક સંપત્તિ પણ અંકાયેલી હતી. દાદા-દાદીની સાથે પ્રતિદિન ઉપાશ્રયમાં ગુરુવંદન માટે જતી પદ્મલક્ષ્મીના અંગેઅંગમાં જે તરવરાટ જોવા મળતો, એ જોઈને સૌને એવો વિચાર આવી જતો કે, આ પુત્રીના ભાગ્યમાં શું દીક્ષા જ લખાયેલી હશે?

એક વાર ખંભાતના આંગણે ધર્મમૂર્તિ સમા એક આચાર્યદેવની પધરામણી થવા પામી. તેઓ જ્યોતિષ આદિનું વિશિષ્ટ જ્ઞાન ધરાવતા હતા. પદ્મલક્ષ્મી રોજના ક્રમની જેમ આચાર્યદેવના વંદનાર્થે જતી-આવતી રહેતી. આચાર્યદેવની નજર પદ્મલક્ષ્મીના લલાટ પર પડતી અને એની ભાગ્યલિપિ વાંચીને તેઓ મનોમન પ્રસન્ન બની ઊઠતા. એક દિવસ એમણે પદ્મલક્ષ્મીનાં દાદા-દાદીને અનુલક્ષીને કહ્યું :

'ઘરમાં રહેલી સારામાં સારી ચીજ પ્રભુ ચરણે સમર્પિત કરવી, એ સર્વશ્રેષ્ઠ ભક્તિ-સેવા ગણાય. આવી સેવા-ભક્તિ કરવાનો જે એક અવસર તમને સાંપડ્યો છે, એ તમારા ચડિયાતા ભાગ્યની નિશાની છે. પરંતુ એ અવસરનો તમને અણસાર પણ આવ્યો છે ખરો ?'

આચાર્યદેવના મુખેથી આવી નવી નવાઈભરી વાત સાંભળીને પદ્મલક્ષ્મીનાં દાદા-દાદીના આશ્ચર્યનો પાર ન રહ્યો. એમણે સાવ સહજ ભાવે જવાબ વાળતાં કહ્યું : આચાર્યદેવ ! લક્ષ્મીની મારા ઘેર છોળો ઊછળે છે. આપ ફરમાવો એ રીતે સંપત્તિનું દાન કરવા હું યથાશક્ય પ્રયાસ કરીશ. કયા ક્ષેત્રમાં લક્ષ્મીનું વાવેતર કરવામાં આવે, તો લક્ષ્મી વધુ કૃતાર્થ બને, એ ફરમાવશો, તો મારા પર મહોપકાર કર્યો ગણાશે.

આચાર્યદેવની આંખ પદ્મલક્ષ્મી પર કેન્દ્રિત હતી. આ તફાવતને દૂર કરવા આચાર્યદેવે કહ્યું : લક્ષ્મી-સંપત્તિ પર કેન્દ્રિત તમારી નજરને મારે આ પદ્મલક્ષ્મી પર કેન્દ્રિત કરાવવી છે. તમારા ઘરની સર્વશ્રેષ્ઠ ચીજ શું પદ્મલક્ષ્મી નથી ? ખરી રીતે તો લક્ષ્મી-સંપત્તિ કરતાં ઘરની સર્વશ્રેષ્ઠ ચીજ તરીકે બધી જ રીતે આ પુત્રી પદ્મલક્ષ્મી જ ઘટી શકતી હોય, એમ તમનેય લાગ્યા વિના નહિ રહે. નામથી જ નહિ, કામથી પણ પદ્મલક્ષ્મીમાં આવી યોગ્યતા સાબિત કરવાની સમર્થતા હોય, એમ એની બોલચાલ પરથી મને જણાય છે.

કોઈ નવો જ પ્રસ્તાવ સાંભળવા મળતો હોય, એમ અજબગજબ આશ્ચર્યની અનુભૂતિપૂર્વક પદ્મલક્ષ્મીનાં દાદા-દાદીએ કહ્યું : આચાર્યભગવંત ! આપની વાત સાવ જ નવી છે, છતા 'પદ્મલક્ષ્મી'માં આ વાત જરૂર ઘટી શકે છે. પરંતુ આને પ્રભુ-ચરણે કઈ રીતે સમર્પિત કરી શકાય? પદ્મલક્ષ્મી એવી લક્ષ્મી નથી કે, એને ભગવાનના ચરણે ભંડારમાં અર્પિત કરી શકાય ?

આચાર્યદેવે સમય જોઈને પ્રશ્ન કર્યો કે, લક્ષ્મીના સમર્પણ કરતાંય વધુ શ્રેષ્ઠ રીતે પદ્મલક્ષ્મીનું સમર્પણ થઈ શકે એમ નથી શું? લક્ષ્મીથી ભંડાર ભરવો એ પૂર્ણ સમર્પણ નથી, પરંતુ ઘરમાં જે સર્વસ્વ રૂપ હોય, એનું જીવન પ્રભુ શાસનને ચરણે ધરી દેવું એનાથી ચડિયાતું અને સંપૂર્ણ બીજું સમર્પણ મળવું દોહ્યલું છે. દીકરી આમ પણ પારકાનું જ ધન ગણાય. પણ તમે જો પદ્મલક્ષ્મીને પ્રભુચરણે સમર્પિત કરી દો, તો એ તમારા જ ધન તરીકે સલામત રહીને તમને અને અન્યને પણ લાભાન્વિત બનાવી શકે.

આચાર્યદેવને એ ઘડી-પળે તો પદ્મલક્ષ્મીનાં દાદા-દાદીએ એટલો જ જવાબ વળ્યો કે, પદ્મલક્ષ્મીનું વળી આવું

ભાગ્ય ક્યાંથી કે, મારા ઘરનું આ સર્વસ્વ શાસનના ચરણે સમર્પણ પામીને અજર-અમર બની જાય.

આચાર્યદેવની આ પ્રેરણા સાંભળીને પદ્મલક્ષ્મીએ જે રોમાંચ અનુભવ્યો, એ જોઈને આચાર્યદેવ તો વિશ્વસ્ત બની જ ગયા કે, આ લક્ષ્મી શાસનની લક્ષ્મી બનવા જ જન્મી છે. આના લલાટ પર આ જાતનો સુવર્ણલેખ જ અંકિત અને સુશોભિત બનવા પામશે.

પદ્મલક્ષ્મીના ઘરના વાતાવરણમાં એ જ દિવસથી 'દીક્ષા-સંયમ'ની વાતો શરૂ થઈ જવા પામી, એમાં પણ પાછો આચાર્યદેવનો સદુપદેશ તો સતત ચાલુ જ હતો. પદ્મલક્ષ્મીને માટે આ સદુપદેશ ભૂખ્યાને ભાવતું ઘેબર ભોજન મળ્યા જેવો સાબિત થયો.

જે રૂપ-સૌન્દર્યની સાથે સુકુમારતા-સુકોમળતા પદ્મલક્ષ્મીની કાયાને વરી હતી, એ જોઈને એનાં દાદા-દાદી આદિ પરિવારને એમ થતું કે, સંયમનાં કષ્ટ આ કઈ રીતે સહન કરી શકશે? આ શંકાને મૂળથી નિર્મૂળ કરી નાખતાં પદ્મલક્ષ્મી એટલો જ જવાબ વાળતી કે, શાલિભદ્ર કરતાં તો વધુ સુકોમળતા મને વરી નહિ હોય ને ? શાલિભદ્ર વૈભારગિરિની ધખધખતી એ શિલાઓ પર સંયમ-સાધના કરી શક્યા, તો શું હું ઉપાશ્રયમાં રહીને સાધના નહિ કરી શકું !

જ્યોતિષી જે ભાગ્યલેખ ઉકેલી શક્યા ન હતા, એને આચાર્યદેવ આબાદ ઉકેલી શક્યા હતા, એની ખાતરી થોડા જ સમય બાદ ખંભાતને ત્યારે થવા પામી કે, જ્યારે આઠ વર્ષની કુમળી વયે પદ્મલક્ષ્મી સંસારનો ત્યાગ કરીને સાધ્વીજી શ્રી પદ્મશ્રીજી તરીકે સંયમજીવનમાં પ્રવેશ પામીને ધન્ય બની ગઈ. જેણે જેણે આ પ્રસંગ જોયો, એણે એ

દહાડે સાધ્વી-સંઘ માટે આશાસ્પદ કોઈ નવી જ સ્વપ્ન-સૃષ્ટિ નિહાળી:

જેનું ભાગ્ય આમ પણ ભરતીથી ભવ્ય ભવ્ય ભાસતું હતું, એ પદ્મલક્ષ્મી માટે સંયમ સ્વીકાર્યા બાદ તો જાણે ભાગ્યને આરે વૈશાખી-પૂર્ણિમા જેવી ભરપૂર ભરતીનાં દર્શન થવા માંડ્યાં. જ્ઞાન-ધ્યાનમાં આગળ વધતાં વધતાં સાધ્વી પદ્મશ્રીજીએ માત્ર ત્રણ વર્ષના સંયમ-પર્યાયમાં જ સ્વપરોપકારની એવી સરવાણી વહેતી કરી દીધી કે, ૬૦૦/૭૦૦ સાધ્વીજીઓનું ગુરુણિ-પદ એઓ શોભાવવા માંડ્યાં. એમની પુણ્યાઈ અને પ્રતિભા જ એવી ઝગારા મારતી હતી કે, મોટા પર્યાયવાળાં સાધ્વીજીઓ બેઠાં હોય, તોય આગંતુકોને સાધ્વી પદ્મશ્રીજી જ વડીલ જેવાં જણાય. આવો પ્રભાવ અને આવી પુણ્યાઈના પ્રતાપે સાધ્વીજી શ્રી પદ્મશ્રીજી 'પ્રવર્તિનીપદે' સ્થાપિત થયાં. સાધ્વી-સંઘના ઈતિહાસ માટે આ અદ્‌ભુત અને અભૂતપૂર્વ અવસર બની ગયો. આ અવસરિયો એ જાતના આનંદપૂર્વક ઊજવાયો કે, ઉજવણી પૂર્ણ થયા બાદ પણ ઉલ્લાસ-ઉમંગનો રંગ દિન-દિન ચડતે રંગે જ રહેવા પામ્યો.

કહેવાય છે કે, અમૃતનાં કઈ કુંડ ન હોય, એનાં તો છાંટણાં મળે તોય ઘણાં કહેવાય. એ જ રીતે અત્તરનાં પણ કઈ સિંધુ ન સાંપડે, એનાં થોડાં બિન્દુ મળે, તોય સિન્ધુ જેવડી સુવાસ ફેલાવી શકાય. અમૃતને અને અત્તરને લાગુ પડતો આ ન્યાય ગેરવાજબી પણ જણાતો હોતો નથી. પરંતુ જ્યારે આ જ ન્યાય આશાસ્પદ ભાવિ ધરાવતા પુણ્યાઈ-પવિત્રતા અને પ્રતિભાથી સૂર્યની જેમ ઝગારા મારતા કોઈ વિરલ વિશિષ્ટ વ્યક્તિત્વનેય લાગુ પાડવાની ધૃષ્ટતા કુદરત દ્વારા થતી હોય છે, ત્યારે એનું વાજબીપણું

કોઈ રાજીખુશીથી સ્વીકારવા તૈયાર થતું નથી અને છતાં આવી ઘટનાને મૂંગા મોઢે સ્વીકારી લેવા મજબૂર પણ બનવું પડતું હોય છે. પરંતુ એ ઘટનાના સ્વીકારની પળોમાં એવો નિસાસો નીકળી જતો હોય છે કે, અરે! આ તો મધ્યાહ્ને જ સૂર્યાસ્ત !

પ્રવર્તિની મહત્તરા સાધ્વીજી શ્રી પદ્મશ્રીજી માટે બરાબર આવું જ બનવા પામ્યું. હજી તો સૂર્યની જેમ ઝગારા મારતું એમનું જીવન યૌવન વયની મઝધારમાં આવીને આગળ વધે, એ પૂર્વે જ લગભગ ૨૮ વર્ષની ભર યુવાવયે અપૂર્વ સાધના સાથે સાધ્વીજી શ્રી પદ્મશ્રીજી કાળના ધર્મને વશ બનીને પરલોકના પંથે પ્રયાણ કરી ગયાં. તત્કાલીન સંઘે એ મહત્તરાની અણધારી વિદાયથી મધ્યાહ્ને જ સૂર્ય અસ્ત થઈ જવા પામ્યો હોય, એવું આઘાતજનક આશ્ચર્ય અનુભવ્યું. અમૃતનાં છાંટણાં કરીને જ એઓ વિદાય થઈ ગયાં હતાં, છતાં એ પ્રદાન ભુલ્યું ભૂલાય એવું ન હતું. એથી તત્કાલીન સંઘે એમની ગુરુપ્રતિમાનું નિર્માણ વિ.સં. ૧૨૯૮ની સાલમાં ઉપકારની સ્મૃતિ અર્થે કર્યું.

વિ.સં. ૧૨૯૮ની સાલમાં નિર્મિત મહત્તરા પ્રવર્તિની સાધ્વીજી શ્રી પદ્મશ્રીજીની ગુરુમૂર્તિ આજે માતરતીર્થના મંદિરની પ્રદક્ષિણામાં આવતી દેરીઓમાંની એક દેરીમાં બિરાજમાન છે.

●

૮

# આત્મારામજી મહારાજની શ્રેષ્ઠ સંગીતજ્ઞતા

શતાબ્દી કરતાં થોડા વધુ સમયગાળા પૂર્વેનું જૈન જગત એવી વ્યક્તિશક્તિની સોત્કંઠ પ્રતીક્ષા કરી રહ્યું હતું કે, જે સૂર્ય સમો તેજપુંજ ધરાવતી હોય! સાધુઓની સંખ્યા એ કાળે આંગળીના વેઢે ગણી શકાય એટલી પણ ન હતી, સાધુઓની ખોટની થોડાઘણા અંશેય પૂર્તિ કરી શકે, એવો પ્રબુદ્ધ શ્રાવક વર્ગ પણ મળવો મુશ્કેલ હતો. ત્યારે ઘણીબધી અને ઘણાબધાની સુદીર્ઘ પ્રતીક્ષાની ફળશ્રુતિ રૂપે જ જાણે પૂ. આત્મારામજી મહારાજે ગંજાવર શિષ્ય સંખ્યાની સાથે સ્થાનકવાસી સંપ્રદાયનો ત્યાગ કરીને મૂર્તિપૂજક સંઘમાં પ્રવેશ કર્યો. સૂર્યસમો તેજપુંજ ધરાવતા આ પુણ્યપુરુષનાં પગલાં પડતાંની સાથે જ જાણે જૈનજગતમાં ધર્મજાગૃતિના એક નવયુગનો પુણ્યપ્રારંભ થઈ જવા પામ્યો.

અનેકવિધ શક્તિ-ભક્તિના અખૂટ અને ભરપૂર ભંડાર સમા પૂ. આત્મારામજી મહારાજની વિદાય થઈ ચૂક્યાને યુગોના યુગ વીતી ગયા પછી આજે પણ એઓશ્રીના

નામકામની સ્મૃતિ થતાં જ અનેક આંખો અશ્રુસભર બની ગયા વિના અને અનેક મસ્તકો નત બની ગયા વિના નથી રહેતાં. હીરા જેવું અમૂલ્ય જીવન-કવન ધરાવતી આ યુગવિભૂતિના અઢળક જીવનપ્રસંગો પ્રસિદ્ધ છે, એના માધ્યમે એઓશ્રીની અજબગજબની તાર્કિકતા, પ્રચંડ પુણ્યાઈ, સર્વતોમુખી પ્રતિભા, ભલભલા પ્રતિવાદીને ચૂપ કરી દેતું વાદ-નૈપુણ્ય, સત્યના સ્વીકાર માટેની સતત તત્પરતા, જેવા ગુણવૈભવનો સાક્ષાત્કાર થવા પામે છે. પરંતુ કાવ્ય-સર્જનના કૌશલ્યની જેમ એ સર્જનને વિવિધ રાગ-રાગિણીઓપૂર્વક ગાવાની સંગીતકળાની સિદ્ધહસ્તતા પણ તેઓશ્રીને વરી હતી, આ વાતની પ્રતીતિ કરાવતો એક પ્રસંગ અજ્ઞાતપ્રાય છે. અજાણ્યા એ પ્રસંગથી પરિચિત બનીશું, તો આત્મારામજી મહારાજાના જીવનની શ્રેષ્ઠ શાસ્ત્રીય સંગીતજ્ઞ તરીકેની વિશેષતાથી પણ આપણે ઠીક ઠીક પરિચિત અને પછી પ્રભાવિત બની શકીશું.

શ્રી કાંતિવિજયજી મહારાજ લિખિત ડાયરીમાં નોંધાયેલા એ પ્રસંગનો રંગ કંઈક આવો છે : શ્રી આત્મારામજી મહારાજ પ્રચંડ પાંડિત્ય અને તત્કાલીન જૈન જગતનું સમર્થ સ્વામીત્વ ધરાવતા હોવા છતાં સ્વભાવે રમૂજી અને શાસ્ત્રીય સંગીતના અચ્છા જ્ઞાતા હોવા ઉપરાંત અવસરે અવસરે શાસ્ત્રીય સંગીતનું ગાન અને શ્રવણ કરવાની તક ઝડપી લીધા વિના ન રહેતા.

દિવસ ઉપરાંત રાત્રિના સમયે પણ શ્રી આત્મારામજી મહારાજની આસપાસ વિદ્વાન જિજ્ઞાસુઓનું વર્તુળ જામેલું જ રહેતું. એ સમયે વાર્તાલાપોના માધ્યમે જાતજાત અને ભાતભાતના વિષયમાં અદ્ભુત શાસ્ત્રીય વાતોની જાણકારી સહેજે મળી આવતી. એક વાર એ જાતની જિજ્ઞાસા વ્યક્ત

થઈ કે, શ્રી ઉત્તરાધ્યયનસૂત્રમાં 'ત્રિતાલ' નામના રાગમાં ગાઈ શકાય એવું એક અધ્યયન હોવાનો ઉલ્લેખ મળે છે. તો આ રાગ કઈ રીતે ગાઈ શકાય ? આવી જિજ્ઞાસા લઈને હું આપની સમક્ષ આવ્યો છું.

પૂ.આત્મારામજી મહારાજ શ્રેષ્ઠ સંગીતજ્ઞ હતા, એમનો કંઠ પણ અતિમધુર હતો. એમની વ્યાખ્યાનશૈલી ભૈરવી-રાગના પ્રાધાન્યવાળી રહેતી. એમને પોતાને ગાવાની રૂચિ રહેતી, એમ સાંભળવાની પણ સવિશેષ રૂચિ રહેતી હતી. એથી પોતે ત્રિતાલ રાગમાં ગાઈને જિજ્ઞાસુને સંતોષી શકે, એવા સમર્થ હોવા છતાં ત્યાં જ હાજર એક સંગીતજ્ઞ તરફ આંગળી ચીંધીને એમણે કહ્યું : સંગીતના અચ્છા એક ગાયક અહીં આ સમયે હાજર જ છે. તમારી જિજ્ઞાસા સંતોષવા તેઓ ત્રિતાલ રાગ ગાઈ બતાવશે, તો તમને વાંધો નથી ને?

જિજ્ઞાસુએ હકારાત્મક જવાબ આપતાં પૂ. આત્મારામજી મહારાજની સંમતિ પામેલા સંગીતકારનો આનંદ બેવડાઈ ગયો. એ સંગીતકાર પોતાની કળા દર્શાવવા જ આવ્યા હતા, એમાં સામેથી ખુદ આત્મારામજી મહારાજ તરફથી સાનુકૂળ સૂચના થતાં સંગીતકારે પોતાની તમામ કળા કામે લગાડી દઈને ત્રિતાલ રાગ ગાવાની શરૂઆત કરી. પ્રારંભ તો ખૂબ આશાસ્પદ જણાયો, પણ આગળ જતાં જે લય જામવો જોઈએ અને માથાં ડોલી ઊઠવાં જોઈએ, આવી તન્મયતા સાધવામાં સંગીતકારને સફળતા ન જ મળી. એમણે ઘણો ઘણો પ્રયાસ કર્યો, પરંતુ ઠીક ઠીક આરોહ અવરોહ લેવાપૂર્વક લયની જમાવટ કરવામાં એમને સફળતા ન મળી, તે ન જ મળી, ત્યારે એમણે ગાન પૂર્ણ કર્યું.

સંગીતકારને પોતાને પણ ખ્યાલ આવી ગયો હતો કે, સોંપાયેલી જવાબદારી પાર પાડવામાં પોતાને પૂરી સફળતા

મળી શકી ન હતી. એ જ રીતે પૂ. આત્મારામજી મહારાજ ઉપરાંત સંગીતના જ્ઞાતા જિજ્ઞાસુને પણ આ વાતનો ખ્યાલ આવી જ ગયો હતો. એથી જિજ્ઞાસુએ સારા શબ્દોમાં પૂ. આત્મારામજી મહારાજ સમક્ષ પુનઃ વિનંતી કરી કે, ત્રિતાલ રાગનો સામાન્ય રીતે તો પરિચય આ સંગીતકારને સાંભળવાથી આવી શક્યો, એટલા અંશમાં મારી જિજ્ઞાસા સંતોષાઈ, એમ મને જણાય છે, માટે આપના શ્રીમુખેથી આપ ત્રિતાલ રાગ ગાવાની કૃપા કરશો, તો સૌ આનંદિત બની ઊઠશે.

પૂ. આત્મારામજી મહારાજને તો ઘણાં આગમો કંઠસ્થ હતાં, એમાં ઉત્તરાધ્યયન સૂત્રનું ત્રિતાલ રાગમાં ગાઈ શકાય એવું અધ્યયન પણ એમને કંઠસ્થ હતું. એટલે ત્રિતાલ રાગમાં એ અધ્યયન સંભળાવવાની શરૂઆત કરતાંની સાથે જ મેઘની અને સમુદ્રની ગર્જના ધીરે ધીરે જમાવટ સાધતી હોય, એમ લાગવા માંડ્યું. એક તો ઉત્તરાધ્યયન સૂત્રનું અધ્યયન અને બીજી બાજુ ત્રિતાલ રાગના લય-આલાપ પૂર્વકનું એનું ગાન! તાર, તંબૂરા, તબલાંનો સાથ ન હોવા છતાં પૂ. આત્મારામજી મહારાજ માત્ર કંઠના જ માધ્યમે આ ગાન જેમ જેમ આગળ વધારતા ગયા, એમ સાક્ષાત્ મેઘગર્જના અને સમુદ્રગર્જના સંભળાઈ રહ્યાની સૌને અનુભૂતિ થવા માંડી. એકાદ ઘડી જેટલો સમય ક્યાં વીતી ગયો, એનું કોઈનેય સાન-ભાન ન રહ્યું.

જિજ્ઞાસુનું જિગર તો પૂરેપૂરું સંતોષાઈ ગયું હતું. ઉત્તરાધ્યયન સૂત્રનું એક અધ્યયન ત્રિતાલ રાગમાં સાંભળીને એ તો ધન્યાતિધન્ય બની જ ગયો હતો. પણ બધાની વચ્ચે ઊભા થઈને એણે આત્મારામજી મહારાજના પગ પકડી લેતાં એવું આશ્ચર્ય વ્યક્ત કર્યું કે હું તો મારી

કળા દર્શાવવા આપની સમક્ષ આવ્યો હતો. પણ કોઈ જાતના વાદ્યની પરાધીનતા વિના માત્ર કંઠ અને કળાની સ્વાધીનતાના સહારે આપે જે રીતે સમગ્ર વાતાવરણને ત્રિતાલમય બનાવી દીધું, એ જોઈને મને લાગે છે કે, આપ તો સંગીતના પારગામી છો. જ્યારે હું તો સંગીતના સરોવરમાં હજી છબછબિયાં મારતો બાળક પણ નથી.

સંગીતકારની આ જાતની અહોભાવિતતાની સામે પૂ. આત્મારામજી મહારાજ મૌન જ રહ્યા, પણ એ મૌન જાણે મુખરિત બનીને એવો જવાબ વાળી રહ્યું કે, ભગવાન તરફની ભક્તિની જ આ શક્તિ અને પ્રભાવ છે કે, મને માત્ર માધ્યમ બનાવીને એ શક્તિ-પ્રભાવ જ આ રીતે પ્રગટિત થઈ શક્યો છે.

પૂજા-સ્તવનો-પદો આદિની રચનાઓમાં પૂ. આત્મારામજી મહારાજની શ્રેષ્ઠ સંગીતજ્ઞતા જે રીતે ગુંજિત થવા પામી છે, એ રીતના ગુંજન-ગાન કરવા તો આપણે સમર્થ નથી, એથી એ રચનાઓને ફિલ્મી રાગોમાં ગાવા-સંભળાવવાનો અક્ષમ્ય અપરાધ આચરતાં અચકાતા પણ નથી. અને એથી પૂ. આત્મારામજી મહારાજને અંતરના અહોભાવપૂર્વક 'શ્રેષ્ઠ સંગીતજ્ઞ' તરીકેની અંજલિ પણ આપી શકતા નથી. બાકી પીલુ-આશાવરી-મલ્હાર-પંજાબી-ઠુમરી-કહરવા-દીપચંદી-ખમાજ-કલિંગડ આદિ શાસ્ત્રીય રાગોના અઠંગ અભ્યાસી સંગીતકારોના મુખે પૂ. આત્મારામજી મહારાજની રચનાઓ આપણે સાંભળવા મથીએ, તો જ પૂ.આત્મારામજી મહારાજના નામની આગળ 'શ્રેષ્ઠ સંગીતજ્ઞ' આ વિશેષણ જોડાઈને કેટલું બધું ધન્ય અને સાર્થક બની ગયું, એનો અંદાજ પામીને આપણે નાચી ઊઠ્યા વિના ન જ રહી શકીએ.

•

## ૯

# સંઘર્ષ વચ્ચે સંયમ-સ્વીકાર

જેની હજી શાહી પણ સુકાઈ નથી, એવા અનેકવિધ ઇતિહાસના સર્જક તરીકે પૂ. આચાર્યદેવ શ્રી નેમિસૂરીશ્વરજી મહારાજનાં નામકામથી ઠીક ઠીક પરિચિતો માટે પણ એઓશ્રીના પ્રથમ શિષ્ય તરીકે શ્રી સુમતિવિજયજી મહારાજનું નામ જાણીતું નહીં હોય, તેમજ કેટકેટલાં વિઘ્નોનો સામનો કરવાપૂર્વક સંભવિત સંઘર્ષ વચ્ચેય સંયમની ભાવનાને પૂર્ણ કરવા કેવું સાહસ ખેડવાની અને ખતરાભર્યો કેવો અખતરો અજમાવવાની એમની તૈયારી હતી, અને એથી છેક છેલ્લી ઘડીએ કઈ રીતે આખી બાજી પલટાઈ જતાં, એમની શાસનપ્રભાવક દીક્ષા થવા પામી, એની રોમાંચક વાતોની તો પ્રાયઃ બહુ ઓછાને માહિતી હશે ? જાણવા જેવી છે એ રસિક અને રોમાંચક વાતો !

વિ.સં. ૧૯૫૦નું પૂ. મુનિરાજ શ્રી નેમવિજયજી મહારાજનું ચાતુર્માસ જામનગર ખાતે થવા પામ્યું. સટ્ટા બજારના રાજા તરીકે પંકાયેલા ડાહ્યાભાઈ ચાતુર્માસના

પુણ્યપ્રભાવે વૈરાગ્ય-વાસિત બનીને સંયમી બનવા સજ્જ બની ગયા. એમના મોટા ભાઈનું નામ હતું ટોકરશીભાઈ ! આ બંને ભાઈઓની પ્રતિષ્ઠિત પરિવાર તરીકેની ગણના થતી હતી. સટ્ટાનો ધંધો હોવાથી પૈસાની રેલંછેલ હતી, એમાં વળી સટોડિયા મિત્રોની સંગત થતાં ડાહ્યાભાઈ ખાવાપીવાનાં કેટલાંક વ્યસનોના રવાડે પણ ચડી ચૂક્યા હતા. એમના મનમાં દીક્ષાના મનોરથ જાગે, એ કોઈને સ્વપ્નેય સંભવિત જણાતું નહોતું. છતાં સુગુરુ અને સદુપદેશના પ્રભાવથી કમ્મે શૂરા મટીને તેઓ ધમ્મે શૂરા બનવા કમ્મર કસીને ખડા થઈ ગયા હતા, એ એક હકીકત હતી.

ડાહ્યાભાઈએ વડીલ બંધુ ટોકરશીભાઈ સમક્ષ મનના મનોરથ જણાવીને સંયમ સ્વીકારવાની ભાવના જ્યારે રજૂ કરી, ત્યારે એમણે મનોમન એવી માંડવાળ કરી કે, વ્યસનોને તો છોડી શકતો નથી, પછી ક્યા મોઢે સંસારને છોડવાની વાત આ કરી રહ્યો હશે? કોઈ જાતનો પ્રતિભાવ ન મળતાં નાના ભાઈએ પુનઃ મનોરથ દોહરાવ્યો, ત્યારે ટોકરશીભાઈએ ઘસીને ના પાડી દેતાં સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે, હવે બીજી વાર આ વાત કોઈની આગળ ઉચ્ચારતો નહિ, દીક્ષા લેનારનાં તો લક્ષણ જ જુદાં હોય! દીક્ષાની ભાવના પણ જેના મનમાં જાગી હોય, એનું તો જીવન જ જુદી જાતનું હોય. માટે હવે દીક્ષાની વાત કરીને દીક્ષાને અને તારી જાતને લજવતો નહિ.

ટોકરશીભાઈની આ ટકોર ખોટી ન હતી. કારણ કે ડાહ્યાભાઈનું જીવન જ એવું મોજીલું અને વ્યસની હતું કે, તેમના મોઢે દીક્ષાની વાત શોભે જ નહિ. એમના મોઢેથી ઉચ્ચારાતો દીક્ષા શબ્દ એમને ગૌરવ તો ન જ અપાવે,

ઉપરથી એ દીક્ષા શબ્દનું જ અવમૂલ્યન કરાવવામાં નિમિત્ત બની જાય. વડીલભાઈની વાત સાંભળીને ડાહ્યાભાઈને ગુસ્સો આવવાની વાત તો દૂર રહી, ઉપરથી એમ થયું કે, મારું જીવન જ એવું હતું અને થોડુંઘણું હજીય છે, એથી મને આવી સલાહ મળે, એ સહજ છે. માટે મારે મારી છાપ સુધારવી હોય, તો સૌપ્રથમ જીવનમાં સુધારો કરવાની બાંહેધરી તો આપવી જ જોઈએ. એમણે કહ્યું કે, મોટા ભાઈ ! આપની વાત આપની દૃષ્ટિએ સાચી હોઈ શકે છે. એ રીતે એ પણ એટલું જ સાચું છે કે, સત્સંગ અને સદુપદેશ દ્વારા અશક્ય પણ શક્ય બની શકતું હોય છે. વ્યસનના વળગણથી મુક્ત થવાનો મારો પ્રયત્ન ચાલુ છે. બીજી પણ ખાવા-પીવાની કુટેવો આપની આવી ટકોરના પ્રભાવે દૂર કરવામાં હું જરૂર સફળ બની શકીશ, એવો મને વિશ્વાસ છે, પછી તો આપ મને દીક્ષાની અનુમતિ આપશો ને?

ડાહ્યાભાઈની આ વાત સાંભળીને ટોકરશીભાઈને થયું કે, વ્યસનનું વળગણ ભૂતના વળગાડ કરતાંય વધુ ભયંકર હોય છે. એથી મારો આ ભાઈ વ્યસનમુક્ત બને, એ શક્ય જ નથી. માટે રોજની બલા ટાળવા માટે, એની આ વાત અત્યારે સ્વીકારી લેવામાં જ મજા છે. એ કંઈ વ્યસનમુક્ત બની શકવાનો નથી, અને એથી મારે કંઈ દીક્ષાની રજા આપવાનો સવાલ-અવસર ઉપસ્થિત થવાનો નથી. આવી મુરાદ મનમાં રાખીને એમણે કહ્યું મને વ્યસનમુક્તિની પૂરી પ્રતીતિ થશે, તો દીક્ષા માટેની રજા આપવામાં હું પળનોય વિલંબ નહિ કરું.

દીક્ષાની રજા માટે રોજેરોજ હા-ના કરવાની બલામાંથી છૂટવાની અદાથી જ ટોકરશીભાઈએ આપેલા આવા

જવાબથી આશ્વસ્ત બનીને ડાહ્યાભાઈએ વ્યસનોનાં બંધનો પર કાતર ચલાવી દેવાનો દૃઢ સંકલ્પ કરી દીધો. સમગ્ર સંસારને લાત મારીને છોડી દેવાની જેની તૈયારી અને ગણતરી હતી, એના માટે ગમે તેવાં વ્યસનોના વળગણમાંથી મુક્ત થવું તો ક્યાંથી મુશ્કેલ હોય ? જેને વ્યસન તરીકે વખોડી શકાય, એવા વળગણોથી સંપૂર્ણ મુક્ત બનતાં ડાહ્યાભાઈને ઝાઝી વાર ન લાગી. સંયમ સ્વીકારવાની સાચી લગનની અગન અંતરમાં પેટાઈ ચૂક્યાની નિશાની રૂપે એક બે દિવસમાં જ પુનઃ ઉપસ્થિત થઈને સંયમાનુમતિ યાચતા પૂર્વે વ્યસનમુક્તિની પ્રતીતિ કરાવવા ડાહ્યાભાઈએ વડીલબંધુને કહ્યું : આપે ટકોર કરી, એ ઘડી-પળ શુકનવંતી હોવી જોઈએ, એથી વ્યસનમુક્ત બનવામાં હું તરત જ સફળ બની શક્યો છું, જેને વ્યસન તરીકે વખોડી શકાય, એવાં તમામ વળગણોથી મુક્તિ અપાવતી પ્રતિજ્ઞા મેં પૂજ્યશ્રી પાસે સ્વીકારી લીધી છે. અને એ પ્રતિજ્ઞાને પ્રાણ સાટે પાળવા વચનબદ્ધ બનવા જ હું આપની પાસે ઉપસ્થિત થયો છું. હવે તો હું આપની સંયમ-સંમતિ માની લઉં ને ?

જેની કોઈ કલ્પના ન હતી, એવી શક્યતા જ્યારે શક્ય બનીને સામે આવી ઊભી, ત્યારે હવે તો સંમતિ આપવી જ પડે, પણ ટોકરશીભાઈને સંમતિ તો આપવી જ નહોતી. આવું કરવા માટે બહાના-બાજી શોધનારને વળી બહાનાની ખોટ ક્યા દિવસે વરતાતી હોય ? સંમતિની વાતને ઉડાડી દેતા ટોકરશીભાઈએ કહ્યું : પેંડા ખાવાનો તને લાગુ પડેલો ચસ્કો પૂરો કરવા કઈ માસી દીક્ષા લીધા પછી તારી પાછળ પાછળ ફરવા નવરી છે ? પેંડા આમ તો વ્યસન ન ગણાય, પણ પેંડાનો સ્વાદ જે રીતે તારી દાઢમાં ચોંટી ચૂક્યો છે

અને એથી તને જે રીતે રોજ પેંડા આસ્વાદવા જોઈએ છે, એને તો વ્યસન જ ગણવું પડે એમ છે. માટે મગજ પર સવાર થયેલી દીક્ષાની ધૂનથી મુક્ત થઈને સંસારમાં રહીને થઈ શકે, એટલો ધર્મ કર્યા કરવાની તને છૂટ છે. પણ આથી આગળ વધવાનો વિચાર પણ માંડી વાળવાની મારી તને શાણી સલાહ છે. આને તું મરજીથી સ્વીકારી લે, તો તો સારી વાત છે. નહિ તો મારે આજ્ઞાનો આશરો લઈનેય તારી પાસે નામરજીપૂર્વક પણ આ વાત માન્ય રખાવવી જ પડશે.

ટોકરશીભાઈના શબ્દોમાં જે કડકાઈ અને હુકમ લાદી દેવાનો જે ભાવ હતો, એ સ્પષ્ટ પ્રતીત થતો હતો, પણ ડાહ્યાભાઈના દિલ પર એની બીજી વિપરીત અસર ન થઈ, ધર્મની સમજણ પછી એવું સમાધાન કરી લેવાની સમર્થતા એમને વરી ચૂકી હતી કે, મોહઘેલા સંસારી પાસે આવા શબ્દો સિવાય બીજી શી આશા રાખી શકાય. એથી એમણે ખૂબ જ નરમાશપૂર્વક કહ્યું કે, આપની વાત સાચી હોવાથી હું શિરોધાર્ય કરું છું. અને આ પળે જ હું પ્રતિજ્ઞા સ્વીકારું છું કે, જ્યાં સુધી સંયમ સ્વીકારી ન શકું, ત્યાં સુધી આજની આ પળથી જ મારે પેંડાનો ત્યાગ!

નાના ભાઈના આ શબ્દોમાં સંયમને કોઈ પણ ભોગે સ્વીકારવાના સંકલ્પનો કાંસાની થાળી જેવો રણકાર પડઘાતો હતો. એને નજરઅંદાજ કરવાનું તો દૂર રહ્યું, ઉપરથી એ સંકલ્પને ઊગતા જ ડામી દેવાનું પાશવી બળ દાખવતા ટોકરશીભાઈએ ગુસ્સાપૂર્વક કહ્યું કે, મારી શાણી સલાહને માની જા, હઠ પકડીશ, તો સારું પરિણામ નહિ આવે. હું તને સ્પષ્ટ શબ્દોમાં છેલ્લી વાત ચોખ્ખે ચોખ્ખી કહી દેવા માગું છું કે તને કોઈ પણ ભોગે દીક્ષાની રજા આપવાની

અમારી તૈયારી નથી, માટે સંયમના આ સ્વપ્નને સાકાર કરવા મથવાની માંડવાળ કરી દઈને, આ સ્વપ્નને એ રીતે વેરણછેરણ કરી દે કે, ભવિષ્યમાં પણ એ સ્વપ્નની સાકારતા શક્ય બને નહિ.

ડાહ્યાભાઈને થયું કે, મોહનો આવેશ આવો જ હોય. માટે અત્યારે વધુ આગ્રહ કરવો યોગ્ય ન ગણાય. પોતાના સંકલ્પથી જરાય ડગ્યા વિના અને છતાં મોઢા પર જરાય ગુસ્સો કે ગ્લાનિની રેખા ઊપસવા દીધા વિના તેઓ પૂજ્યશ્રી પાસે પહોંચી ગયા. એમણે દિલ ખોલીને બધી વાતની રજુઆત કરી. અંતે પૂજ્યશ્રીએ પણ એવી જ મક્કમતાપૂર્વક કહ્યું કે, ડાહ્યાભાઈ ! તમારો સંકલ્પ જો દૃઢ હોય, તો એને સાકારતા બક્ષવા જે કંઈ કરવું પડે, એ કરવાની મારી પણ એટલી જ મક્કમતા છે. એ મંત્રણામાં એક સૂર એવો પણ રહ્યો કે, સંયમ માટેની સંમતિ મળે, એ તો અશક્ય જ જણાય છે, એથી સંઘર્ષ તો જાગવાનો જ ! બે ત્રણ મુલાકાતના અંતે સંયમ સ્વીકારવાનું મુહૂર્ત પણ નિર્ણીત થઈ ચૂક્યું. અને થોડા દિવસો બાદ તો મુહૂર્તનો એ દિવસ અજાણ્યો પણ ન રહ્યો.

ટોકરશીભાઈ અને ડાહ્યાભાઈ વચ્ચે ખાસ મળવાનું થતું ન હતું, છતાં બંને પોત-પોતાના માર્ગે મક્કમતાપૂર્વક આગળ વધી રહ્યા હતા, થોડા દિવસ પછી તો ડાહ્યાભાઈનો દીક્ષા-દિવસ જાહેર થઈ ચૂક્યો, આથી છંછેડાઈ જઈને ટોકરશીભાઈ દીક્ષાના આ વિવાદને કોર્ટમાં ઘસડી ગયા. કોર્ટમાં કેસ દાખલ થઈ જતા આખા જામનગરમાં ચકચાર મચી જવા પામી. એક તરફ નક્કી થયેલો દીક્ષાદિવસ જાહેર થઈ ચૂક્યો હતો, બીજી તરફ કેસ ચાલુ થઈ ગયો હતો. આ પ્રશ્નને નાકનો સવાલ બનાવી

દઈને લાગવગ વાપરવાપૂર્વક દીક્ષાનો જે દિવસ નક્કી થયો હતો, એ દિવસની જ મુદત પડાવવામાં ટોકરશીભાઈને સફળતા મળી.

ડાહ્યાભાઈની મક્કમતા જરાય મોળી પડી નહોતી. મુહૂર્તનો જે દિવસ નક્કી થયો હતો, એ જ મુહૂર્ત સાધી લેવાની વાતમાં એઓ પહેલા કરતાંય વધુ મક્કમ જણાતા હતા. એથી પૂજ્યશ્રીને મળીને અંદર ખાને એવો વ્યૂહ ઘડવામાં આવ્યો કે, મુદતના દિવસે પૂજ્યશ્રી પણ કોર્ટમાં પધારે અને મુહૂર્તના ઘડીપળ આવતાં જ કોર્ટમાં દીક્ષાવિધિ કરવામાં આવે. ઘણુંઘણું સાહસ હોય, તો જ પાર પડી શકે, એવો ખતરાભર્યો આ અખતરો કરવાનું નક્કી થઈ જતાં જ એની વાતો પણ ધીરે ધીરે ફેલાઈ જવા પામી. ડાહ્યાભાઈ કંઈ નાની કાચી ઉંમર ધરાવતા ન હતા, જેથી આવું સાહસ કરતાં એમને કાયદાથી રોકી શકાય !

આ જાતના નિર્ણય પછી દીક્ષાના વિવાદે કોઈ નવું જ રૂપ ધારણ કર્યું, આ વિષયની ચકચારે આખા જામનગરને જાગ્રત બનાવી દીધું. ડાહ્યાભાઈએ જે નિર્ણય લીધો હતો, એ એમના વિરાગને આભારી હતો. એમાં રાગ-દ્વેષના રંગની જરાય છાંટ ન હતી, જ્યારે ટોકરશીભાઈએ લીધેલા પગલામાં બંધુપ્રેમ નહિ, દ્વેષ, પક્કડ અને નાકની ટેક પ્રેરિત રાગ-દ્વેષના ભડકીલા રંગો સ્પષ્ટ વરતાઈ રહ્યા હતા. એથી થોડાઘણા ડાહ્યા માણસોને થયું કે, ટોકરશીભાઈએ જ સમજી જઈને હવે પક્કડ ઢીલી મૂકી દેવી જોઈએ. કોર્ટના કાંગરે ડાહ્યાભાઈ સાધુ બની જાય, એથી એમના વ્યક્તિત્વમાં તો વૈરાગ્યની દૃઢતાના ચાર ચાર ચાંદ ખીલી ઊઠવાના હતા, જે કંઈ કલંક લાગવાનું હતું, એ ટોકરશીભાઈના કપાળે જ લાગવાનું હતું, એથી ડાહ્યા

માણસોએ વચ્ચે પડીને ટોકરશીભાઈને સમજાવવાનો પ્રયત્ન કરવા માંડ્યો.

ટોકરશીભાઈ શરૂઆતમાં તો ભૂલ સ્વીકારવા તૈયાર ન જ થયા, પણ જ્યારે ડાહ્યા માણસોએ કહ્યું કે, તમે જે ભૂલ કરી છે, એ સુધારી લઈને ગુમાવી દીધેલી આબરૂને પણ પાછી રાખી લેવાનો આ જ ઉપાય છે કે, માત્ર સંમતિ જ નહિ, પણ ઘરઆંગણેથી વરઘોડો ચડાવીને ધામધૂમથી દીક્ષા અપાવો. આવી તકને વધાવી લઈને બગડેલી બાજી સુધારી લેવાનો હજી અવસર છે. આ અવસર ચૂકી જશો, તો પછી આખી જિંદગી સુધી પસ્તાવાનો વારો આવશે. અને એ પસ્તાવો 'રાંડ્યા પછીના ડહાપણ' જેવો જ સાબિત થશે. લાંબી મથામણના અંતે ડાહ્યા માણસો પોતાની આ વાત ટોકરશીભાઈના ગળે ઉતારવામાં સફળ થયા . એથી કેસ પાછો ખેંચી લેવાતાં જ આખું જામનગર દીક્ષાના દિવ્યરંગે રંગાવા માંડ્યું. આકાશે ગોરંભાતાં વિઘ્નોના વાદળ વરસ્યા વિના જ વિખેરાઈ ગયાં.

ટોકરશીભાઈએ નાના ભાઈના પગે પડીને ક્ષમા માંગી અને રંગેચંગે દીક્ષા મહોત્સવ મંડાયો. અટ્ઠાઈ મહોત્સવ પૂર્વક ૯ નાતોને તેડાવીને સાધર્મિક વાત્સલ્યની રીતે જમાડીને ટોકરશીભાઈએ થઈ ગયેલી ભૂલના પ્રાયશ્ચિત્ત રૂપે ડાહ્યાભાઈને દીક્ષા અપાવતા પૂજ્યશ્રીના પ્રથમ શિષ્ય રૂપે ડાહ્યાભાઈ મુનિરાજશ્રી સુમતિવિજયજી મહારાજના નામે જાહેર થયા. ભુલાયેલા આ ઈતિહાસથી જામનગરની જૂની પેઢી તો એકદમ અજાણી નહિ જ હોય. પ્રસ્તુત લેખન પવન બનીને એ ઈતિહાસ પર છવાયેલી ધૂળને ખંખેરી નાખવા અને પૂરા જૈન જગત સમક્ષ ઝળકતો કરી જવામાં જરૂર સફળતા વરશે જ, એવી આશા જરૂર રાખી શકાય.

●

# ૧૦

## બ્રાહ્મણ શ્રાવક

અમદાવાદ શહેરથી નજીકમાં જ વસેલા અડાલજ ગામની વિખ્યાત 'વાવ' નું નામ તો કોનાથી અજાણ્યું હશે? પણ એ વાવ કરતાંય વધુ વખાણવા યોગ્ય એક બ્રાહ્મણ - શ્રાવકનું નામ-કામ કેટલાએ સાંભળ્યું હશે ? એ સવાલ છે. જન્મે જાતે બ્રાહ્મણ હોવા છતાં ધર્મે-કર્મે શ્રાવક શ્રેષ્ઠ સાબિત બનેલા એની પ્રતિબોધ કથા પ્રેરણાથી ભરપૂર છે. આપણે એને બ્રાહ્મણ-શ્રાવક તરીકે ઓળખીને આગળ વધીએ.

વિ.સં. ૧૯૬૩ની સાલ. ચાતુર્માસ સિવાયના આઠ મહિના મુનિવરોના ગમનાગમનથી ગાજતા રહેતા અડાલજમાં કેટલાક મુનિરાજો પધાર્યા. જૈન પરિવારોની વસતિ ઓછી અને વિહારમાં પૂ.સાધુ-સાધ્વીજીઓની અવર-જવર વધારે, એથી જૈનો ઉપરાંત અજૈનો પણ ગોચરી-પાણીનો લાભ લેવાની ભાવનાવાળા હોવાથી જૈન-સાધુઓના સંપર્કનો લાભ મેળવવા ભાગ્યશાળી બનતા.

ગોચરી-પાણીનો લાભ મળવા માત્રથી જ અડાલજના જૈનો-અજૈનો સંતોષ ન અનુભવતા, પરંતુ વ્યાખ્યાન - વાણી સંભળાવવાની વિનંતી સ્વીકૃત થાય, ત્યારે તો એમના આનંદનો પાર ન રહે. એક દહાડો વ્યાખ્યાન ઉપરાંત કોઈ એક મુનિરાજે નાનાં-મોટાં બાળકોને વાર્તા દ્વારા સંસ્કાર સિંચન કરવા માટેય સમય ફાળવ્યો.

વાર્તાના માધ્યમે મુનિરાજે બાળકોને ઘણીબધી પ્રેરણાઓનું અમૃતપાન બાળકોની શૈલીમાં કરાવ્યું. એમાં એક એ વાત પણ વધુ ભાર મૂકીને સમજાવી કે, ત્રણ વાર ખાય એ રોગી ગણાય, બે વાર ખાનારો ભોગીમાં ખપે અને એક વાર ખાનારો તો યોગીની કક્ષાને શોભાવનારો ગણાય.

આ સિવાય રાતે ન જમવું, કાંદા-બટાટા ન ખાવા, જીવ-જંતુની હિંસા ન કરવી, વગેરે વગેરે ઘણી પ્રેરણાઓનું મુનિરાજે પાન કરાવ્યું. એમાં એક બ્રાહ્મણ બાળકને એક જ વખત ખાવાની વાત ગમી ગઈ, એણે વધારામાં રોટલો-છાશ જેવાં બે જ દ્રવ્યથી એક ટંક ભોજન કરવાનો સંકલ્પ અભ્યાસ કરવા રૂપે વ્યક્ત કર્યો.

એ પળ પાવન હશે, એ ઘડી રળિયામણી હશે, એની ત્યારે કોઈને કલ્પના નહિ હોય, પણ સ્વાતિનક્ષત્રના સમયે છીપ જે રીતે મેઘબિન્દુ ગ્રહણ કરે, એ રીતે બ્રાહ્મણ-બાળકે જૈન મુનિના મુખેથી એક ટંક ભોજનની પ્રેરણા ગ્રહણ કરી. બીજા જ દિવસથી અનેક ટંક અને અનેક વાના-વસ્તુઓનો ત્યાગ કરીને રોટલો અને છાશના બે વાના એક ટંકે લેવાનો તેણે અભ્યાસ પાડવા માંડ્યો. શરૂઆતમાં તો થોડી તકલીફનો અનુભવ થવા માંડ્યો. પણ બ્રાહ્મણ-બાળકે મનને મક્કમ અને મજબૂત બનાવીને અભ્યાસ ચાલુ જ

રાખ્યો, એથી થોડા દિવસોમાં જ એને આ રીતનું ભોજન એવું ફાવી ગયું કે, રોટલો-છાશના બે વાના હોવા છતાં અમૃત આરોગવા મળતું હોય, એવી અનુભૂતિ એને થવા માંડી.

બ્રાહ્મણ-બાળકની એક ટંકની આ ટેક પ્રસિદ્ધ થતી ચાલી, એમ વિહારમાં આવનારા મુનિવરો એને ખાસ સમય કાઢીને જૈનધર્મના આચારવિચારની સમજણ આપવા માંડ્યા. બધા મુનિઓને એમ જ થતું કે, આ કોઈ ઊંચી જાતનો આત્મા છે, આથી એક ટંકનું આનું ભોજન 'એકાસણું' બની જાય, તો કેવું સારું ? અને આની દિનચર્યા શ્રાવકના આચારવિચારમાં પલટાઈ જાય તો કેવું સારું ?

મુનિઓની આવી ભાવનાને ઝીલવાની ભરપૂર પાત્રતા બ્રાહ્મણ-બાળકમાં હતી. એથી સાધુઓના સતત સમાગમના યોગે એને જેમ જેમ સમજણ મળતી ગઈ, એમ એમ એ સમજણને એ વર્તનમાં પલટાવતો ગયો. એના પ્રભાવે એનું બ્રાહ્મણત્વ શ્રાવકત્વથી વધું શૃંગારિત બનવા માંડ્યું. પ્રતિક્રમણાદિ સૂત્રોના અભ્યાસ ઉપરાંત ઉભયટંક આવશ્યક, સામાયિક, પ્રભુપૂજા આદિની ટેક એણે એવી રીતે જાળવી જાણી કે, બ્રાહ્મણ-શ્રાવક તરીકેની એની નામના-કામના ચોમેર ફેલાવો પામી રહી.

કુમારત્વ, યૌવન, પ્રૌઢત્વ અને વૃદ્ધત્વના કાળ-સાગરના કિનારા તરફ એ બ્રાહ્મણ-શ્રાવકની જીવનનૈયા જેમ જેમ આગે બઢતી ગઈ, એમ એમ એના જીવનમાં સાધના પણ પ્રગતિશીલ બનતી ગઈ. બ્રાહ્મણ-શ્રાવકના આવા જીવનને આદર્શ બનાવીને કેટલાયના જીવનમાં જૈનત્વની જ્યોત જલી ઊઠી.

૧૪ વર્ષની ઉંમરે એક ટંક અને બે વાનાની સ્વીકારેલી ટેક જીવનના ૮૯મા વર્ષ સુધી અખંડિત રહી. તબિયતનું બહાનું, પ્રવાસનું ઓઠું કે આવી કોઈ બહાનાબાજી એ બ્રાહ્મણ શ્રાવકને ટેકથી વિચલિત ન બનાવી શકી. જે એવું સાધનામય જીવન જીવી જાણે, એના મૃત્યુને સમાધિ અને સાહજિકતા વરે એમાં આશ્ચર્ય શું ? વિ.સં. ૨૦૩૯ની સાલના કોઈ દિવસે એ બ્રાહ્મણ-શ્રાવક પૂજા, સામાયિક આદિની સાધનામાં જાગ્રત હતા. ત્યારે મધ્યાહ્નનો સમય થયો હોવાથી પુત્રવધૂએ એમને એકાસણું કરવાનું આમંત્રણ આપ્યું. ત્યારે એમણે જવાબ આપ્યો કે, થોડી નવકારવાળી ગણવાની હજી બાકી છે.

આટલો જવાબ વાળીને એ બ્રાહ્મણ-શ્રાવક પ્રભુજીના ફોટા સમક્ષ પદ્માસનની મુદ્રામાં બેઠા અને નવકાર - જાપની એમણે શરૂઆત કરી. આ રીતે નવકારની માળા ગણતાં ગણતાં જ એ બ્રાહ્મણ શ્રાવકનો જીવન દીપ સાહજિક રીતે ઓલવાઈ ગયો. ન એને વ્યાધિની આંધી નડી કે ન એને ઉપાધિની ઉલઝન કનડી શકી. જીવન જેણે સાધનામય જીવી જાણ્યું, એને મૃત્યુટાણે સમાધિ સ્વયંવરા બનીને વરવા સામે પગલે ન આવે, તો બીજા કોને વરવા આવે?

બ્રાહ્મણ-શ્રાવકની આ ઘટના જાણ્યા બાદ હવે તો અડાલજનું નામ સાંભળતાંની સાથે જ એકલી વાવનું જ સ્મરણ નહિ થાય, આવા બ્રાહ્મણ-શ્રાવક પણ હવે સ્મૃતિના સરોવરે ઊપસી આવ્યા વિના નહિ જ રહે.

•

# ૧૧

# અજબની વૈરાગ્ય-સમૃદ્ધિ, ગજબની વચન-સિદ્ધિ

જેણે પુરુષાર્થ કરીને પણ વિરાગની સમૃદ્ધિ મેળવી હોય એ જો વિભૂતિ તરીકે પૂજાય, અને વચન-સિદ્ધ તરીકે પણ એ વ્યક્તિત્વ વંદનીય બની શકે, તો જે વિભૂતિને સાહજિક વિરાગ-વારસો મળ્યો હોય અને એના યોગે 'વચનસિદ્ધ' સ્વયંવરા થઈને જેને વરવા પામી હોય, એને વરેલી વંદનીયતા તો કોઈ ઓર જ હોય, એમાં આશ્ચર્ય શું?

સહજ સિદ્ધ વૈરાગ્ય અને સાહજિક વચન-સિદ્ધિની આંખે ઊડતી રહેલી જેમની નામના-કામનાની કીર્તિ વર્ષોનાં વર્ષો વીતી ગયા બાદ આજે પણ ઝાંખી પડી નથી, એવી એક વિભૂતિ એટલે જ પૂ. ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી ગણિવર ! જેમનાં નામ-કામ જૈન ઇતિહાસના ગુંબજમાં હજી પડઘાઈ જ રહ્યાં છેઃ સકલાગમ રહસ્યવેદી પૂ. આ. શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજાના એ પરમ ગુરુદેવ! વીરવિભુની પટ્ટપરંપરામાં 'ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી

ગણિવર’ તરીકેની અનેરી નામના-કામનાને વરનારા તેઓશ્રી કેવા સાહજિક વૈરાગ્યના અને કેવી સ્વાભાવિક વચન-સિદ્ધિના સ્વામી હતા, એની ઝાંખી મેળવવા મથીશું, તો એ ઝાંખી ઝલકનાં માત્ર દર્શન પામીનેય આપણે ન્યાલ અને માલંમાલ બની જઈશું.

ભાવનગર પાસેના વડવાના વતની અને ભાવસાર જ્ઞાતિમાં જન્મ પામનારા વીરજીમાં એક વિભૂતિ છુપાઈ હશે, એવી તો કોઈને માત્ર કલ્પના પણ નહિ આવી હોય. કેમ કે લગ્નજીવનની લોઢાની બેડીથી એઓ નખશિખ બંધાઈ ગયા હતા. એથી વિરતિ-દીક્ષા સ્વીકારીને એઓ વિભૂતિ બને, આવું સ્વપ્નેય કોને સંભવિત જણાય ? પરંતુ લગ્નના બંધનથી બદ્ધ બનવા છતાં એમના દિલ-દિમાગમાં બુઝાયા વિના સતત જ્વલંત રહેલી વૈરાગ્યની જ્યોતનાં અજવાળાં એ દહાડે છતાં થઈ ગયા કે, શ્રી થોભણ વિજયજી મહારાજનો સત્સંગ પામવાના પ્રભાવે એ વીરજી એક દહાડો વડવાથી ભાગી છૂટીને પંજાબ પહોંચી ગયા અને આ ઉપકારીના ચરણોમાં સંયમી બનવાનો અડગ નિરધાર એમણે વ્યક્ત કર્યો.

વીરજી લગ્નજીવનમાં પ્રવેશી ચૂક્યો હતો, છતાં એને સહજ સિદ્ધ વૈરાગ્યનો જ વારસો મળ્યો હતો, એની થોડી ઘણી ઝાંખી તો પરિવારને થઈ ચૂકી હતી. એથી ગુમ થઈ ગયેલા વીરજીને પકડી પાડવા એનું પગેરું શોધતો શોધતો પરિવાર પંજાબમાં છેક ત્યાં પહોંચીને અટક્યો, જ્યાં શ્રી થોભણવિજયજી મહારાજાની નિશ્રામાં વીરજી સંયમ જીવનની તાલીમ લઈ રહ્યો હતો. શ્રી થોભણવિજયજી મહારાજ અને વીરજી સમગ્ર પરિસ્થિતિ પામી ગયા. એમને ખાતરી થઈ ચૂકી કે, વડવાથી છેક પંજાબ સુધી લાંબા થઈને જે પરિવારે વીરજીને શોધી કાઢ્યો, એ પરિવાર

વીરજીને પાછો લઈ ગયા વિના નહિ જ જંપે! ઘણી ઘણી આનાકાની બાદ અંતે વીરજીને વડવા ભણી વિદાય થવું પડ્યું. પણ એણે મનોમન નક્કી કરી નાખ્યું કે, માતા પાસેથી એવું કોઈ વચન લીધા પછી જ ઘરમાં પગ મૂકીશ કે, જેથી સંયમનું મારું સ્વપ્ન સિદ્ધ થયા વિના જ રોળાઈ ન જાય.

પરિવાર સાથે વીરજી ઘરે આવ્યો. પણ જે પિંજરમાંથી માંડ માંડ ઊડીને બહાર આવવાનું શક્ય બન્યું હતું, એ પિંજરામાં પાછા પ્રવેશવા વીરજીનું મન માનતું નહોતું, એણે પોતાની આંખમાં રમતા સંયમના સ્વપ્નને સાકાર કરવા અંગેની ભાવનાસૃષ્ટિ આંખમાં આંસુ લાવીને રજૂ કરી, ત્યારે એની માતાએ નમતું તોળતાં એટલું જ કહ્યું કે, વીરજી! તારી ભાવનાની જેમ તારે મારા ભાવિનો પણ વિચાર ન કરવો જોઈએ શું ? તું જો દીક્ષા લઈ લે, તો મારું શું અને મારું કોણ ? હું તને વચન આપું છું કે, ઘડપણમાં લાકડીનો ટેકો બની શકે, એવા એકાદ દીકરાનો જન્મ થાય, ત્યાં સુધી તો તું ઘરમાં રહેવાનું સ્વીકારી લે. આટલું તું મારું માની લે, તો તારી ભાવનાને સાકાર કરવા તારે જે કંઈ કરવું પડે, એ કરવા દેવામાં રુકાવટ ન કરવાનું વચન આપવા બંધાવાની મારી તૈયારી છે.

આ રીતનો વિકલ્પ સૂચવતી વખતે માતાના મનમાં તો એવો આકંઠ વિશ્વાસ હતો કે, જન્મેલા દીકરાનું બંધન તોડીને મુક્ત થવું, એ સંસારી માટે આસાન નથી હોતું, પત્નીનો પ્રેમ હજી તરછોડી શકાય, પણ પુત્રનો પ્રેમ તો ભલભલા વૈરાગીને બાંધી રાખવા સમર્થ નીવડતો હોય છે.

માતાના આ વચનને વીરજીએ સહર્ષ સ્વીકારી લેતાં કહ્યું કે, હું મારા વચનને વળગી રહીશ, મને એવો વિશ્વાસ છે કે, આપ પણ વચનની વફાદારી જાળવશો જ. વીરજીએ ઘરમાં પગ મૂક્યો અને ઘરનું વાતાવરણ પલટાઈ ગયું, આંગળી

આપનારા વીરજીના આખા અંગને બાંધી દેવા માટે પ્રેમના પાશ ચોતરફથી ફેંકાવા માંડ્યા. પણ સાહજિક વૈરાગ્ય ધરાવનારા વીરજીને એ પાશ બાંધી શકે એ શક્ય જ ન હતું.

સંસારમાંથી મુક્તિ મેળવવા માટેની મીઠી દવા લેવા રૂપે વીરજીએ પોતે ભોગવાઈ ન જાય, એ રીતના ભોગના ભોગવટા રૂપે ન છૂટકે રાગમાં રંગાવા માંડ્યું. આમ કરતાં કરતાં સમય વીતવા માંડ્યો. થોડો સમય પસાર થયા બાદ પત્નીની કૂખમાં કોઈ માળો બંધાઈ રહ્યો હોય, એનો અણસાર આવી જતાં જ વીરજી એમ ઇચ્છી રહ્યો કે, સંતાન તરીકે પુત્ર અવતરે તો સારું, જેથી હું સંયમ પંથે વહેલી તકે પ્રયાણ કરી શકું.

એક તરફ વીરજીની મનોરથમાળા પર થઈ રહેલા આવા જાપની સંખ્યામાં વધારો થતો ગયો, બીજી તરફ એમની પત્નીનો ગર્ભ વૃદ્ધિ પામી રહ્યો. એક દિવસ માતાએ તપેલી આપીને વીરજીને ઘી લેવા બજારમાં મોકલ્યો. થોડો સમય વીત્યો ન વીત્યો, ત્યાં તો પ્રસૂતિની પીડા ઊપડી અને વીરજીની પત્નીએ એક બાળકને જન્મ આપ્યો. વધામણાના આ સમાચાર વીરજીને આપવા એક માણસ બજારમાં પહોંચી ગયો. ઘીની ખરીદી કરીને પાછા ફરી રહેલા વીરજીને ખુશાલીના ખબર આપતાં એણે કહ્યું : ઘરે બાળકનો જન્મ થયો છે, માટે વિના વિલંબે ઘરે પધારો અને પુત્રના મુખદર્શનનો લહાવો લો.

ખુશાલીના ખબર સાંભળવા મળતાં જ વીરજીનો સાહજિક વૈરાગ્ય એકદમ વૃદ્ધિંગત બની ગયો. એમને વિચાર આવ્યો કે, માતાને આપેલા વચન મુજબ હવે મારી જવાબદારી પૂર્ણ થઈ જાય છે. માટે ઘરે જવાની પણ હવે શી જરૂર! અહીંથી સ્ટેશને જઈને પંજાબ તરફ જતી ગાડી

પકડી લઈને અંબાલા પહોંચી જાઉં, તો સંયમનું મારું સ્વપ્ન વિના વિલંબે સાકાર થઈ જાય.

વૃદ્ધિંગત વૈરાગ્યનાં મોજાં પર તરતા-ઝીલતા વીરજીએ ખુશાલી આપનારના હાથમાં ઘીની તપેલી સોંપી દેતાં કહ્યું કે, આ તપેલી માતાજીને સુપરત કરશો અને મારા વતી કહેજો કે, જવાબદારી પૂર્ણ થઈ જતાં વીરજી સીધો જ પંજાબ તરફ જવા રવાના થઈ ગયો છે. માટે એના સંયમ-પંથની શુભ કામના ઇચ્છજો, જેથી સંયમજીવનની પ્રાપ્તિ વહેલી તકે થઈ શકે.

આટલું કહીને વધુ કંઈ સાંભળ્યા વિના જ વીરજી રેલવે સ્ટેશન તરફ જવા રવાના થઈ ગયો. ખુશાલીના ખબર લાવનારને એવી કલ્પના ન હતી કે, ઘીની તપેલી લઈને જનારા પોતાની ઉપસ્થિતિ ઘરમાં કેવું વાતાવરણ સરજી જશે. વીરજીનો વૈરાગ્ય ધન્યવાદને પાત્ર બને એવો હતો, તો એની માતાને વરેલો વિવેક પણ કંઈ ઓછો ધન્યવાદને પાત્ર ન હતો. પંજાબ તરફ જવા રવાના થઈ ગયેલા વીરજીની વાત સાંભળીને એમની માતાએ મન મનાવી લીધું કે દીકરો આજે નહિ તો કાલે જો પંજાબ તરફ જવાનો જ હોય, તો પછી મારે એના પથમાં પથરો નાખવાની શી જરૂર ? દીકરાએ જવાબદારી બરાબર નિભાવી છે. તો મારે હવે મારું વચન બરાબર પાળી જ બતાવવું જોઈએ.

આ સમાચાર ફેલાઈ જતાં થોડી વારમાં વીરજી ભાવસારના ઘરમાં લોકો એકઠા થઈ ગયા, પુત્ર-જન્મની ખુશાલી માણવી કે વીરજી વિરાગની વાટે પ્રયાણ કરી ગયો હતો, એનો આઘાત અનુભવવો, આવી દ્વિધા વચ્ચે અટવાતા પરિવારને માતાએ કહ્યું કે, વીરજીએ જવાબદારી પૂર્ણ કરી છે, તો હવે તમારે વચન-પાલન માટે મને સહાયક થવું જ જોઈએ. આપણે સૌ ઇચ્છીએ કે, એનો માર્ગ નિષ્કંટક બને !

કાષ્ટની કષ્ટદાયક કેદને સહેલાઈથી ભેદવામાં સફળતા પામનારો ભ્રમર કમળની કામણગારી કેદને ભેદવામાં નિષ્ફળ નીવડતો હોય છે, એવું જાણનારો વીરજી પુત્રના મુખદર્શનના પ્યારમાં જરાય લપેટાયા વિના પંજાબની વાટે ચાલી નીકળી શક્યો, પોતાનામાં જાગેલ આવા સામર્થ્ય બદલ શ્રી થોભણ વિજયજી મહારાજનો ઉપકાર માનતો માનતો વીરજી પંજાબમાં પહોંચીને અંબાલાના આંગણે વિ.સં. ૧૯૩૫માં દીક્ષિત બન્યો અને વીરવિજયજીના નામે સંયમસાધનામાં આગળ વધવા માંડ્યો. સાહજિક વૈરાગ્યના બળે વીરજી મટીને મુનિરાજ શ્રી વીરવિજયજી બનવામાં સફળતા સાંપડી, આ પછીનાં વર્ષોમાં વચનસિદ્ધિ સ્વયંવરા બનીને આવા સંયમીને વરવામાં ધન્યતા અનુભવે, એમાં શી નવાઈ?

સાહજિક વૈરાગ્યના વારસાને દીપાવનારા પૂ. મુનિરાજ શ્રી વીરવિજયજી મ. ને સંયમ-યાત્રામાં આગળ વધતાં વધતાં કેવી અજબગજબની વચનસિદ્ધિ વરી, એના થોડાક પ્રસંગો પણ જાણવા-માણવા જેવા છે.

ગુજરાત-સૌરાષ્ટ્રના વતની શ્રી વીરવિજયજી મહારાજનું પંજાબ પ્રદેશમાં જ સવિશેષતઃ વિચરણ થયું. પંજાબ એટલે 'ગાના-બજાના'ની વૃત્તિ-પ્રવૃત્તિથી પંકાયેલો દેશ ! મૂળમાં જ શ્રી વીરવિજયજી મહારાજના ભીતરમાં ભગવદ્ ભક્તિનો પ્રવાહ વહેતો હતો. એથી પંજાબના પરિચયના કારણે એઓ અચ્છા ભક્ત કવિ અને ગાયક તરીકે ધીમે ધીમે પ્રસિદ્ધ થયા. એક વાર તેઓશ્રી વરતેજમાં બિરાજમાન હતા, ચોમાસાના દિવસો વીતી રહ્યા હતા. શ્રી સંભવનાથ ભગવાનના મંદિરે ૯૯ પ્રકારી પૂજાનું આયોજન થયું હતું. સંઘના હૈયે એ વાતનો આનંદ સમાતો ન હતો કે, શ્રી વીરવિજયજી મહારાજના મુખે ગવાતી પૂજા સાંભળવા

મળશે. પણ બન્યું એવું કે, તેઓશ્રી પૂજામાં પધારી જવા છતાં પણ ભાવનગરથી આવનારા ભોજક ગાયક વરસાદના કારણે આવી શક્યા ન હતા અને આવી શકે એવી શક્યતા પણ જણાતી ન હતી, એથી પૂ.ઉપાધ્યાયજી શ્રી વીરવિજયજી મહારાજે પૂજાનું ગાન શરૂ કર્યું, પણ ગાનને તાન ચડાવનાર હારમોનિયમનું સંગીત શરૂ થયા વિના રંગ કઈ રીતે જામે?

પૂ. ઉપાધ્યાયજી મહારાજે આસપાસ નજર દોડાવી તો સાકરચંદ નામના એક ભાઈ પર નજર ઠરતાં એમણે કહ્યું : સાકરચંદ ! તું મહેનત કરીશ, તો તને હારમોનિયમ વગાડતાં આવડી જશે. સાકરચંદને થયું કે, મને તો હારમોનિયમનો 'હ' લખતાય આવડતું નથી, તો વગાડતાં તો ક્યાંથી આવડશે ? છતાં વચનસિદ્ધ વીરવિભૂતિ પરના વિશ્વાસને કારણે એણે ગુરુના આશીર્વાદ લઈને હારમોનિયમ વગાડવા માંડ્યું, તો ખરેખર એના તાનથી ગીતગાનનો રંગ જામી ગયો અને ઠાઠમાઠથી પૂજા પૂર્ણ થઈ. ભક્ત કવિ તરીકે એ દહાડે પૂ. ઉપાધ્યાયજી મહારાજને મન ભરીને સાંભળીને વરતેજનો સંઘ ધન્ય ધન્ય બની ગયો.

સાકરચંદ ખરેખર તો સંગીતનો સ પણ જાણતો નહતો, પણ ઉપાધ્યાયજીના આશીર્વાદ એનામાં અવતરિત થતાં એ સંગીતજ્ઞ બની જવા પામ્યો. પછી તો પૂજા - ભક્તિના ગાનમાં એ એવો સિદ્ધહસ્ત બની ગયો કે, એની પૂજા વખણાવા માંડી. વિ.સં. ૨૦૨૦ની સાલ સુધી સાકરચંદની પૂજા સાંભળનારા વરતેજમાં હયાત હતા. સાકરચંદભાઈને જે સિદ્ધિ મળી હતી, એના મૂળમાં પૂ. ઉપાધ્યાયજી મ.ને વરેલી વચનસિદ્ધિ જ કારણ હતી, એમ સ્વીકાર્યા વિના ચાલે એમ નહોતું.

— ● —

વરતેજ પાસે આવેલા સિહોર ગામમાં બનેલી એક ઘટના પણ અઘટ લાગે એવી જ છે. ઉપાશ્રયમાં પોપટ નામનો એક મૂંગો માણસ કામ કરતો હતો. મૂંગો હોવા ઉપરાંત એ બહેરો પણ હતો. ખૂબ ખૂબ સેવાભાવથી ઉપાશ્રયને સંભાળનારો પોપટ પૂ. ઉપાધ્યાયજી મહારાજની વૈયાવચ્ચ તો ખૂબ જ ભાવથી કરતો હતો. જાણે બીજાં કાર્યો ઉપરાંત પૂ. ઉપાધ્યાયજીની સેવામાં તો એ દિલ રેડી દેતો. પૂજ્યશ્રી રાતે સૂઈ જાય, ત્યારે એ ચરણ-સેવા એવા હળવા હાથે કરતો, કે, પૂ.ઉપાધ્યાયજીને દિવસે લાગેલો બધો જ થાક દૂર થઈ જાય. પોપટ મૂંગો હતો, એ પૂજ્યશ્રી જાણતા હતા, પરંતુ એક દિવસ અચાનક જ પૂજ્યશ્રીના અંતરમાંથી આશીર્વાદ પ્રેરક એવા બોલ નીકળી પડ્યા કે, પોપટ ! બોલ, બોલ, બોલતાં ક્યું નહિ હૈ?

પૂજ્યશ્રીના આ શબ્દો સાંભળનારા આશ્ચર્યવિભોર બનીને વિચારી રહ્યા કે,પોપટ બિચારો મૂંગો છે,એ કઈ રીતે બોલી શકે? પૂજ્યશ્રી પણ આ વાત જાણે છે, છતાં પૂજ્યશ્રીના શ્રીમુખેથી શા માટે આવું બોલાઈ ગયું હશે ? આ જાતની વિચારધારા આગળ વધે, ત્યાં તો મૂંગો પોપટ બોલતો થઈ ગયો, એના મોઢેથી નીકળેલા બોલ સાંભળીને સૌ આશ્ચર્યમગ્ન બનીને આ અઘટ ઘટનાનું રહસ્ય વિચારી રહ્યા, તો એમ જણાઈ રહ્યું કે, પોપટ પોતાની વિશેષતાને કારણે બોલતો થયો, એમ માની શકાય એમ ન હતું અને પૂ. ઉપાધ્યાયજીની વચન-સિદ્ધતા જ મૂંગા પોપટને બોલતો કરી ગઈ, એમ સ્વીકાર્યા-માન્યા સિવાય ચાલે એમ નહોતું. કેમ કે પોપટ મૂંગો હોવાથી સાંભળતોય ન હતો, છતાં પૂજ્યશ્રીની આશીર્વાદાત્મક આજ્ઞા એ સાંભળી શક્યો અને આજ્ઞાના અમલ રૂપે એ બોલી શક્યો.

— ● —

શિયાળાની ઋતુ હતી, વિહારનું વહેણ આગળ વધી રહ્યું હતું. પૂ. ઉપાધ્યાયજી મ. ઠંડીને કારણે નવકારશી વાપરીને જરા મોડા વિહાર કરવાના હતા. એથી શ્રી દાનવિજયજી મહારાજ આદિ સમયસર વિહાર કરી ગયા. સૌના મનમાં એ વાતની ચિંતા હતી કે, પૂ. ઉપાધ્યાયજી મ. નવકારશી પતાવીને વિહાર કરશે. તો મુકામે કેટલા વાગે આવી શકે ? ઠંડીની ઋતુ હોવાથી બીજી તો કાંઈ જાતની ચિંતા થાય એમ ન હતું, એથી બધા મુનિવરો ધીમે ધીમે આગળ વધી રહ્યા હતા, સામું ગામ આવ્યું અને જ્યાં ઉપાશ્રયમાં સૌ પ્રવેશ્યા, ત્યાં જ સૌના આશ્ચર્યનો પાર ન રહ્યો. કેમ કે પાટ પર પૂ. ઉપાધ્યાયજી મહારાજનું દર્શન થઈ રહ્યું. એક વાર તો સૌને એમ થઈ ગયું કે, નજર દગો તો દેતી નથી ને ? પણ ધારી ધારીને જ્યાં જોયું, ત્યાં જ સૌને એ વાતનો સાક્ષાત્કાર અનુભવાયો કે, ક્યારેક પ્રત્યક્ષની સીમાને ઓળંગી જતું પણ દર્શન થતું હોય છે અને એ પાછું સાવ સાચું હોય છે.

હિન્દી ભાષામાં 'ક્યું ન હો સુનાઈ સ્વામી ઐસા ગુના ક્યા કિયા' જેવી અઢળક અમર-રચનાઓ દ્વારા આજે પણ કંઠે કંઠે ગવાતા પૂ. ઉપાધ્યાયજી મહારાજની અજબની વૈરાગ્ય-સમૃદ્ધિ અને ગજબની વચનસિદ્ધિ ઉપરના પ્રસંગોમાં તો પડઘાઈ જ રહી છે, આવા બીજા કેટલાય પ્રસંગો હજી અપ્રસિદ્ધ હોય, એ અસંભવિત ન ગણાય શું ? વિ.સં. ૧૯૭૫માં ખંભાતમાં સ્વર્ગવાસી બનનારા પૂ. ઉપાધ્યાયજીની ઉપાસના તરીકે આપણે વૈરાગ્યની સમૃદ્ધિ પ્રાપ્ત કરવા મથીએ, તો વચનસિદ્ધિ આપણને સામેથી સ્વયંવરા બનીને વર્યા વિના રહી શકશે ખરી?

●

**૧૨**

# ગંગાએ વહાવી દીક્ષાની ગંગા

જગદ્‌ગુરુ પૂ. આચાર્યદેવ શ્રી હીરવિજયસૂરિ મહારાજાનું પવિત્રતા અને પુણ્યાઈથી ભર્યુંભર્યું જીવનકવન જ્યારે એકછત્રી સામ્રાજ્ય ધરાવતું વિસ્તરી રહ્યું હતું, એ યુગની આ એક ઘટના એ સચ્ચાઈની પ્રતીતિ કરાવી જાય એવી છે કે, જ્યોતના સંગે જ્યોત જલી ઊઠે, એમાં કોઈ આશ્ચર્ય નથી. પરંતુ કેટલાકનાં જીવન એવી જ્યોત સમા તેજસ્વી હોય છે કે, એનો સંગ પામીને જેણે પ્રકાશનું સ્વપ્ન પણ ન સેવ્યું હોય, એવા કેટલાયની જીવનજ્યોત જલી ઊઠી હોય, ત્યારે તો આશ્ચર્ય અને આનંદની અનુભૂતિ થયા વિના ન રહે ! આ રીતે જ્યોતથી જ્યોત જલી ઊઠવામાં જગદ્‌ગુરુના પુણ્ય-પ્રભાવનો કંઈ ઓછો ફાળો નહોતો. કેવા કેવાની જીવન-જ્યોત કઈ રીતે અણધારી અચાનક જ જલી ઊઠી અને એના સંગે કેટલાંય કોડિયાં ઝગમગી ઊઠ્યાં, એની પ્રતીતિ કરાવતી આ ઘટના જેમ જેમ આગળ વધતી જશે, એમ 'જ્યોત સે જ્યોત જલે' નું ગીત આપણી સમક્ષ વધુ ને વધુ ગુંજતું જતું જણાયા વિના નહિ જ રહે.

દીવબંદરના વેપારી અભયરાજને એ ઘડીપળે તો કોઈ કલ્પનાય નહિ હોય કે, નગરમાં આજે એવી એક જીવન-જ્યોતનો પ્રવેશ થઈ રહ્યો છે કે, એના સંગે કેટલાંયનાં જીવનકોડિયાં ઝળહળી ઊઠશે, પૂ. સાધ્વીજી સન્મતિશ્રીજી-એ ચાતુર્માસ માટે જ્યારે દીવ બંદરમાં પ્રવેશ કર્યો, ત્યારે એવી તો કોઈને કલ્પનાય નહિ આવી હોય કે, એક એવી જ્ઞાનજ્યોત રૂપે સન્મતિનાં અજવાળાં પાથરતી વ્યક્તિ-શક્તિ નગરમાં પધારી રહી છે કે, જેનાં સંગે કેટલાયના જીવનમાંથી અંધારાં ઉલેચાઈ ગયા વિના નહિ રહે!

પ્રવેશ પછીના થોડા જ દિવસોમાં એ જ્ઞાનજ્યોતનાં અજવાળાં વિસ્તરવા માંડ્યાં અને અનેકને આકર્ષિત-આવર્જિત બનાવવા માંડ્યા, અભયરાજની પુત્રી ગંગાનું પણ એમાં એક અદકેરું સ્થાન-માન હતું. સાધ્વીજી જે રીતે પઠન-પાઠન-વાચના વગેરેનું પ્રદાન કરી રહ્યાં હતાં, એનો રંગ ગંગાના જીવનને એ રીતે રંગી ગયો કે, ગંગાનું જીવનવહેણ જ પલટાઈ ગયું. પૂર્વે એને ઉપાશ્રયમાં ફાવતું નહોતું હવે એને ઉપાશ્રય સિવાય ઘરમાં રહેવું અકારું થઈ પડ્યું. પૂર્વે એને ભણવું ગમતું ન હતું. હવે એને ભણ્યા વિના ચેન પડતું ન હતું.

જૂની આંખે નવા દૃશ્યનાં દર્શન રૂપે દીવબંદર ગંગાના આ જીવન-પરિવર્તનને આશ્ચર્યભરી આંખે નિહાળી રહ્યું. એમાં જ્યારે એક દહાડો દીકરી ગંગાએ પોતાની આંખમાં ઘૂંટાતા 'સંયમ જીવનના' સોણલાની વાત પિતા સમક્ષ ખુલ્લી કરી અને એની આ ભાવનાથી નગર જેમ જેમ પરિચિત બનતું ગયું, એમ એમ ચોતરફ વધુ ને વધુ આનંદાશ્ચર્ય ફેલાતું ગયું કે, આ તો સૂર્ય પશ્ચિમમાં ઊગ્યો ગણાય ! ગંગા અને દીક્ષા ? દીવબંદર જ્યારે આવું આશ્ચર્ય અનુભવી રહ્યું, ત્યારે અભયરાજની પણ એક આંખમાં આનંદ તો બીજી આંખમાં આશ્ચર્ય ઊભરાવા

માંડ્યું. એમના ઘરમાં સંસ્કારની આછીપાતળી જ્યોત જલતી તો હતી જ. પણ એનાં 'અજવાળાં' આ રીતે ખિલવટ સાધીને ગંગાને જીવન-પરિવર્તનના આરે ખેંચી લાવશે, એ તો એમને શક્ય કે સંભવિત જ જણાતું ન હતું. છતાં આવું સંભવિત બને, તો એ સંભાવના અને ભાવનાને સત્કારવાની એમની તૈયારી હતી. એથી અનેકવિધ પ્રશ્ન-પરીક્ષાના માધ્યમે અભયરાજ ગંગાને ચકાસી રહ્યા, જ્યારે ગંગા એમાં ઉત્તીર્ણ થતી જણાઈ, ત્યારે એની માતા અમરાદેવીએ બાજી સંભાળી લેતાં પૂછ્યું :

'ગંગા ! તારી બધી વાત સાચી ! પરંતુ ફૂલ જેવો તારો દેહ વજ્રથી પણ કઠોર સંયમ-સાધનાનું અણિશુદ્ધ પાલન-આચરણ કરી શકશે ખરું ? '

ગંગાએ જવાબ વાળતાં જણાવ્યું કે, મા ! સંયમ પર જો સ્નેહ જાગી જાય, તો વજ્રમાં પુષ્પની કોમળતાનું દર્શન થયા વિના ન રહે અને આવા સ્નેહનું જાગરણ ન થયું હોય, તો ફૂલમાંય વજ્રની કઠોરતાનો ભાસ થવા માંડે. માટે આપે તો મને એમ જ પૂછવું જોઈએ કે, તને જિનાજ્ઞા જિગર કરતાં વધુ વહાલી લાગી છે ખરી? જો તું જિનાજ્ઞાને જિગરથી વધુ ચાહતી હોય, તો જા, મારી તને કંટકાકીર્ણ કેડીએ કદમ ભરવાની સહર્ષ સંમતિ છે.

આ જવાબ એટલો બધો લાજવાબ હતો કે, માતા અમરાવતીને જ સામેથી કહેવું પડ્યું કે, ગંગા! તારામાં જિનાજ્ઞા પ્રત્યેના પ્રેમમાં તો કોઈ કચાશ દેખાતી નથી કે કોઈ ઓછાશ કળાતી નથી, એમ તારા આચારવિચાર જોઈને કબૂલ્યા વિના ચાલે એમ જ નથી.

આ સાંભળીને ગંગાએ કહ્યું કે, માતા ! તો પછી બીજો શો વિચાર કરવાનો હોય! આપના જેવી ધર્મમાતા પાસે તો અનુમતિથી ઓછી આશા મારે રાખવાની જ ન

હોય ને? પ્રશ્નાત્મક આ જવાબ જ એવો સચોટ હતો કે, અમરાવતી નિરુત્તર બનવા ઉપરાંત વિચાર કરતી બની ગઈ. ગંગાના ઉરબોલ સાંભળીને એનું હૈયું હલબલી ઊઠ્યું કે, કુમળી વય ધરાવતી ગંગા જ્યારે સંયમની રજા આપવા મારી સમક્ષ કાકલૂદી કરતી હોય, ત્યારે મારાથી માત્ર અનુમતિ આપીને જ સંતોષાઈ જવાનું ન હોય ! દીકરીની પૂર્વે જ મારે સંયમ સ્વીકારવું જોઈતું હતું, આ વિલંબના પ્રાયશ્ચિત્ત રૂપે હવે દીકરીની સાથે સાથે પણ સંયમી બનું તોય મારું પ્રાયશ્ચિત્ત પૂર્ણ રૂપે વળે કે કેમ, એ શંકા છે. છતાં હું સાથે સાથે સંયમ-ગ્રહણ કરું, તો મારો આ વિલંબ જરૂર ક્ષંતવ્ય-કોટિમાં પલટાઈ જાય.

દીકરીની પરીક્ષા લેવા સજ્જ બનેલી માતાની જ પરીક્ષા લેવાઈ ગઈ અને એમાં ઉત્તીર્ણ થવા રૂપે એણે કહ્યું કે, બેટી ! ગંગા! તું એકલી એકલી સંયમ માર્ગે જાય, એ મને શી રીતે ગમે ? શું તું મને સાથે લઈ નહિ જાય ? હવે આપણે બન્ને સંયમમાર્ગે સહપ્રયાણ કરીશું, તો બીજા કોઈનેય પ્રેરણા મળવા પામશે.

આટલો જવાબ વાળતાં વાળતાં માની આંખ આંસુભીની બની જવા પામી. એ જોઈને દીકરી ગંગાનું હૈયું પણ હર્ષાશ્રુથી છલકાઈ ઊઠ્યું. નગરમાં આ નિર્ણયની જાહેરાત થતાં જ અસંભવિત ગણાતું સંભવિત બની ગયાનું આશ્ચર્ય સમગ્ર નગરમાં મહાસાગરનાં મોજાંની જેમ ફરી વળ્યું.

દીકરી ગંગાની જ નહિ, માની સાથે ગંગાની દીક્ષાની વાત ફેલાતાં જ ગંગાના પિતા અભયરાજ પણ મોહ-નિદ્રામાંથી સફાળા જાગીને સીધા જ બેઠા થઈ ગયા. એમને એવો એક વિચાર, ભોગમાંથી જગાડીને ત્યાગમાર્ગે હરણફાળ ભરવાની હાકલ કરી ગયો કે, મા-દીકરી જે સંસારને લાત મારવા સજ્જ બનતાં હોય, એ સંસારને જો

હું પંપાળતો રહું, તો મને પુરુષ કહેવડાવવાનો શો અધિકાર ? એથી કાયરતાનું કલંક પ્રક્ષાળીને સાચો કીર્તિધ્વજ લહેરાવવો હોય, તો મારે પણ સંયમનો સ્વીકાર કરવા સજ્જ બનવું જોઈએ. જલી ઊઠેલી જ્યોતના સ્પર્શે એક પછી એક કોડિયાં પ્રકાશિત બની રહ્યાં હતાં. માતા-પિતા અને બહેનની સંયમ-નિર્ણયની વાત સાંભળીને મેઘ ખડો થઈ ગયો. મેઘ ગંગાનો ભાઈ હતો અને અભયરાજ- અમરાવતીનો લાડકવાયો દીકરો હતો. એણે કહ્યું : માતા પિતા અને ભગિની ! શું મને સંસારમાં રઝળતો-રખડતો મૂકી દઈને આપ સૌ દીક્ષા લઈ લેશો ? મારા ક્યા ગુના બદલ મને સંસારમાં રઝળતો મૂકી દેવાની સજા ફટકારવા આપ તૈયાર થયાં છો, એ જ મને સમજાતું નથી, માટે મને પણ આપની આંગળી ઝાલીને સાથે સાથે પ્રવ્રજ્યાના પંથે ચાલવાની અનુમતિ મળવી જોઈએ.

એક ગંગાની દીક્ષાની માંગણીમાંથી ત્રણ ત્રણ દીક્ષાઓનો નિર્ણય લેવાયો. એ બધાનાં કાળજાંનાં કોડિયાં જાણે દિવેલ-દિવેટથી એકદમ સજ્જ બનીને, માત્ર કોઈ જ્યોતિના સ્પર્શની જ પ્રતીક્ષા કરી રહ્યાં હશે, એથી ગંગાની જીવનજ્યોતનો પારસ સ્પર્શ થતાં જ ધડાધડ એ બધા કોડિયાં ઝગમગી ઊઠવા માંડ્યાં. માતપિતા અને ભાઈ-બહેનની દીક્ષાનો નિર્ણય કોઈ સન્નાટાની જેમ સમગ્ર દીવ બંદરમાં છવાઈ ગયો. જ્યોતના સ્પર્શે જલી ઊઠેલી જ્યોતની શ્રેણી અટકવાનું નામ લેતી ન હતી.

મેઘની દીક્ષાનો નિર્ણય સાંભળીને એની એક કાકીનું કાળજું કપાઈ ગયું. મેઘ પર એને સગા સંતાનથીય સવાયો સ્નેહ-રાગ હતો. મેઘની દીક્ષાને રોકવા એ ધસમસતી આવી પહોંચી, એણે થોડાઘણા ધમપછાડા પણ કર્યા. પરંતુ અભયરાજનો સંપૂર્ણ પરિવાર જે રીતે સંયમ સ્વીકારવા કૃતસંકલ્પ બન્યો

હતો, અને જે મક્કમતા દાખવીને સૌ નિર્ણયમાં અણનમ રહ્યાં હતાં, એ જોઈને એ કાકીનો માત્ર રોષ જ ન શમી ગયો, પણ આવી મક્કમતાએ એવો ચમત્કાર સરજ્યો કે, એ કાકી પણ ભત્રીજાના માર્ગે કદમ ઉઠાવવા ભાવનાશીલ બની ગયાં. ગંગાના જીવનમાં જલી ઊઠેલી એ જ્યોત કેવી જ્વલંત હશે કે, એના સ્પર્શે પાંચ પાંચનાં જીવન-કોડિયાં ઝગમગી ઊઠ્યાં. એ કાકીની દીક્ષાનો નિર્ણય સાંભળીને તો સૌની કીકી પહોળી થઈ જવા પામી. સૌને થયું કે, જ્યોતથી જ્યોત જલી ઊઠવાની આ પ્રક્રિયા હજી કેટલી લંબાશે? કોઈને એવો પણ વિચાર આવી ગયો કે, હવે તો આ પ્રક્રિયા આગળ નહિ જ વધે ! આ વસુંધરા તો બહુરત્ના છે. એ વાતને વીસરી જઈને તેઓ આવા નિર્ણય પર આવ્યા હતા.

એક જ્યોતના સ્પર્શે પાંચ પાંચ જ્યોત જલી ઊઠી હતી. ગંગાની દીક્ષાનું આ નિમિત્ત પામીને એનાં માતા-પિતા, ભાઈ અને કાકી સંયમની ભાવનામાં રમતા થઈ ગયાં હતાં. આ સમાચાર સાંભળીને શેઠ અભયરાજની પેઢીનો કાર્યભાર વહન કરતા ચારેચાર મુનીમો વિચારમગ્ન બની ગયા. એમના મનમાં એક એવો મનોરથ રમતો થઈ ગયો કે, જે શેઠની સેવામાં જીવન સમર્પિત કરીને આટલાં વર્ષો વિતાવ્યાં, એ સેવાને હવે ખંડિત ન થવા દેવી હોય, તો આપણે પણ શેઠના પગલે પગલું બઢાવીને આ સંસારને સલામ ન ભરી દેવી જોઈએ શું?

સંયમના સંકલ્પથી બદ્ધ બન્યા બાદ શેઠ અભયરાજે સંસારની પેઢીને સંકેલવાની તૈયારીઓ પૂરઝડપે આરંભી દીધી હતી. શેઠને એમ થયું કે, જે મુનીમોએ મને ઢગલાબંધ કમાણી કરાવી આપી, એમને તો મારે ખુશ ખુશ કરી દેવા જ જોઈએ. પેઢીની બધી જવાબદારી વહન કરતા ચારેચાર મુનીમોને તાકીદે આવવાનું તેડું પાઠવવામાં આવ્યું. મુનીમો હાજર

થઈ જતા શેઠે કહ્યું : સંસારને સમેટવો હોય, તો સૌ પ્રથમ પેઢીને જ સમેટવી પડે. પરિવાર સાથે સંસારને સમેટવાના મારા નિર્ણયથી તમે વાકેફ જ હશો? જો વાકેફ ન હો તો આ નિર્ણયથી તમને સત્તાવાર માહિતગાર બનાવવા માટે જ તમને યાદ કર્યા છે. તમે બધાએ આજ સુધી મને ખૂબ ખૂબ કમાણી કરાવી આપી છે. હવે હું આત્મિક કમાણી કરી આપતી પેઢી ખોલવા માગું છું. એથી ફૂલ નહિ, તો ફૂલની પાંખડીથી તમારી સેવાને આજે-અત્યારે સત્કારવા માગું છું.

આટલું કહીને મુનીમો સમક્ષ સોનામહોરોથી ભરેલી થેલીઓનો ઢગલો કરી લઈને શેઠ મુનીમોનો મનોભાવ જાણવા પ્રશ્નાત્મક નજરે એમની સામે જોઈ રહ્યા. અણધાર્યો અને અણકલ્પ્યો મનોભાવ સામેથી મળતાં શેઠના આશ્ચર્યાનંદનો પાર ન રહ્યો. શેઠે એવું ધાર્યું ન હતું કે, દીકરી ગંગાએ કરેલો સંયમ-સંકલ્પ આટલી બધી પુણ્ય-અસરો સરજી જશે? મુનીમોનો પ્રતિભાવ એવો હતો કે, શેઠ! જ્યારે સાચી કમાણી કરવાનો અવસર આવી લાગ્યો છે, ત્યારે જ આપ શું અમને પેઢીમાંથી છૂટા કરી દેશો? આત્મિક કલ્યાણની કમાણી જ સાચી હોવાથી ઝવેરાતની પેઢી જેવી છે, જ્યારે આવી સોનામહોરો તો કાચી કમાણી હોવાથી સામાન્ય ફેરી કરતા કોઈ ફેરિયાની તોલે પણ આવી શકે તેમ નથી. છતાં આવા વેપલામાં જેમ અમને સાથ મળ્યો, એમ હવે ઝવેરાતની પેઢીમાં પણ અમે જોડાયેલા જ રહેવા માંગીએ છીએ. આપ તો ઉદાર હોવાથી અમે એમ નથી કલ્પી શકતા કે, આપ દબાણ કરીનેય અમને છૂટા કરી દેવા ઇચ્છતા હો !

આશ્ચર્ય અને અહોભાવથી ગદ્ગદિત બની જઈને શેઠ પૂછી બેઠા : એટલે શું તમે અમારી સાથે સાથે દીક્ષિત બનવાની ભાવના ધરાવો છો, એમ ? આ તો જૈનધર્મની દીક્ષા છે. આ કંઈ ખાવાના ખેલ નથી ! મુનીમોએ સમસ્વરે જવાબ આપ્યો

'શેઠ, જો કાળા માથાનો માનવી જે ધારે  એ કરી શક્તો હોય, તો અમે અમારું ધારેલું કેમ પાર પાડી ન શકીએ ? અણધાર્યો આવી પડેલો ફૂલનો પ્રહાર પણ અસહ્ય બનતો હોય છે. જ્યારે સામે પગલે  જઈને હસતે હૈયે આવકારાતાં તીક્ષ્ણ બાણના પ્રહાર પણ ફૂલહાર જેવા જણાતા હોય છે. પાંચનો આંક શુભ છે. પંચ ત્યાં પરમેશ્વર એમ કહેવાય છે, પણ નવનો આંક તો અખંડ છે. કોઈ એને ખંડિત કરી શકતું નથી. નવ ત્યાં નવેનિધાન એવી લોકવાણી છે, માટે આપ અનુમતિ આપો, તો આપ પાંચ જ નહિ, પરંતુ આપણી નવની નાવ સંસાર-સાગર તરવા સહપ્રયાણ આદરી શકે.

આ તો અત્તર અને કપૂરની દલાલી હતી, આવી દલાલી કરવા કોણ રાજી ન હોય ? શેઠ અભયરાજે સંમતિ દર્શાવતાં નવ-નવ દીક્ષાઓની દુંદુભિના નાદથી દીવબંદર ગાજી ઊઠ્યું. ભાઈ-બહેન મેઘ અને ગંગાને માટે તો ઝાઝું કંઈ સમેટવા જેવું નહોતું. સંસારનો પથારો જેમણે લાંબો લાંબો તાણ્યો હતો, એ બીજા મુમુક્ષુઓ સંસારને ઝડપભેર સમેટવા કાજે સજ્જ બની ગયા. સંસારની જાળ તો ઉકેલવા જાવ, એમ વધુ ગૂંચવાય એવી હોવાથી 'એક ઘા ને બે ટુકડા'ની નીતિનો આશ્રય લઈને સૌ સંસારની આળ-પંપાળ અને જાળ-જંજાળને ઉકેલવા ધારદાર કાતર લઈને બેસી ગયા, એથી થોડા સમયમાં જ મુક્તિની મોજ માણી શકવાની પૂર્વભૂમિકા રચાઈ ગઈ, એટલામાં તો ચાતુર્માસ પૂર્ણતાના આરે પહોંચવા આવ્યું. દીવબંદરના વાતાવરણના કણકણમાં ૯/૯ દીક્ષાઓ દુંદુભિના નાદની જેમ ગાજી રહી.

જગદ્ગુરુ પૂ.આ.શ્રી હીરવિજયસૂરિજી મહારાજા એ વખતે સ્તંભતીર્થ ખંભાતના આંગણે બિરાજમાન હતા, એથી દીવબંદરમાં ગાજેલી દીક્ષાની દુંદુભિના નાદને છેક ખંભાત સુધી લંબાવીને જગદ્ગુરુની નિશ્રામાં જ દીક્ષાગ્રહણ કરવાની શેઠ અભયરાજ આદિ નવેનવ મુમુક્ષુઓની ભાવના

હોય, એ સહજ હતું. આ ભાવનાને સાકાર કરવા દીવબંદરથી વિદાય લઈને નવ મુમુક્ષુઓ ખંભાત તરફ વિદાય થયા, ત્યારે દીક્ષાધર્મની દિવ્યતા અને દીક્ષાના દીવે દીવો પેટાયાના ચમત્કારનો ચમકારો આખા દીવબંદરને અજવાળી રહ્યો. એ મુમુક્ષુઓ જ્યારે ખંભાતમાં પ્રવેશ્યા, ત્યારે તો એ મુમુક્ષુઓનેય એવી કોઈ જ કલ્પના નહિ હોય કે, દીવબંદરમાં ચમકેલા ચમત્કારની આછીપાતળી ઝાંખીનાં દર્શનનો લાભ મેળવવા ખંભાત પણ બડભાગી નીવડનાર હશે?

ખંભાતના તત્કાલીન આગેવાન શ્રેષ્ઠી શ્રી વાઘજીભાઈ પોતાના ગૃહાંગણે મુમુક્ષુઓના નિવાસનો લાભ લેવા બડભાગી બન્યા. ૯/૯ મુમુક્ષુઓ દીવબંદરના નિવાસી હોવા છતાં ખંભાતે એમને ખંભાતના જ નિવાસી માનીને એવો મહોત્સવ માંડ્યો કે, ત્રણ ત્રણ મહિના સુધી ચાલેલા એ મહોત્સવ દરમિયાન જ્યારે વર્ષીદાન-યાત્રાનો અતિ ભવ્ય વરઘોડો નીકળ્યો, ત્યારે એનાં દર્શને શ્રીમાળી જ્ઞાતિ ધરાવતા શ્રી નાગજીભાઈના દિલમાં આછી આછી જલી રહેલી વૈરાગ્ય જ્યોત જાણે સૂર્યની જેમ પ્રકાશી ઊઠી, અને એમણે જગદ્ગુરુને વિનંતી કરી કે, હું પણ દીક્ષા ગ્રહણ કરવા તલપાપડ બન્યો છું, માટે દશમા મુમુક્ષુ તરીકે મને જોડાવાની અનુજ્ઞા આપવા વિનંતી.

દીવબંદરમાં દીક્ષાના દીવે દીવા પેટાયાનો જે ચમત્કાર સરજાયો હતો. એની સચ્ચાઈની વધુ સાક્ષાત્ પ્રતીતિ બીજે દિવસે ત્યારે ખંભાતને પણ થવા પામી કે, જ્યારે દીક્ષા-મંડપમાં દીક્ષા-વિધિ કરતા શેઠ અભયરાજ આદિ દશ મુમુક્ષુઓનું ખંભાતને પુણ્યદર્શન થવા પામ્યું. ગંગાની દીક્ષાએ જે રીતે દીક્ષાની ગંગા વહાવી, એવી રીતે વહી નીકળેલી ગંગાનું દર્શન ઇતિહાસનાં પાને ત્યાર પછી પ્રાયઃ જોવા મળતું નથી.

•

**૧૩**

# સમય ને સંપત્તિના સદ્વ્યયથી સમૃદ્ધ એક અનોખો સંઘ

કહેવાતી સંપત્તિનોય આજે સુકાળ નથી, સાચી શાંતિના ક્ષેત્રે તો આજે કારમો દુકાળ જ ડોકાઈ રહ્યો છે. પૂર્વકાળમાં લોકો ફુરસદ ફાળવીનેય ધર્મ કરતા હતા, કેમ કે ધર્મમાં રસ હતો, રસ હોવાથી ધર્મ કરવાનો રસ્તો એમને મળી જ રહેતો. અથવા તો એઓ રસ્તો મેળવીને જ જંપતા. પારકા પૈસે નહિ, સ્વ-સંપત્તિના સદ્વ્યયથી થતો ધર્મ વધુ ઉપકારક બને, એવી સમજણ તો હજી જોવા મળે, પણ સંસાર ખાતે જમા સમયની મૂડીનું ધર્મદેવનાં ચરણે સમર્પણ કરવા દ્વારા થતું ધર્મારાધન તો વધુ ફળપ્રદ બને, આવી સમજણ કેટલા ધરાવતા હશે? આજે ફુરસદ ફાળવીને ધર્મ કરવાની વાત તો જવા દઈએ, પણ ફુરસદ હોય તોય ઘણાને ધર્મ સૂઝતો નથી, કેમ કે ધર્મનો રસ જ જગાડ્યો નથી. એથી શક્તિ અનુસાર પણ ધર્મ થતો નથી અને અધર્મ તો શક્તિથી ઉપરવટ થતો જ રહે છે. ધર્મ પરથી

રસરૂચિ ઘટી જવાના કારણે આજે અઢળક સુખ-સામગ્રી-સંપત્તિ વચ્ચેય જે શાંતિ જોવા નથી મળતી, એ પૂર્વકાળે સુખના સાધનોની ખોટ અને ઓટ વચ્ચેય જોવા-અનુભવવા મળતી હતી. કેમ કે પૂર્વકાળમાં શાંતિના મૂળસ્રોતો સમી ધાર્મિક સમજણ અને રૂચિનો સર્વત્ર સુકાળ જોવા મળતો હતો.

સંઘો તો આજેય નીકળે છે. પૂર્વકાળેય નીકળતા હતા. આજના સંઘ-આયોજકોએ વધુ યાત્રિકોને આકર્ષવા પહેલાં તો એ જ વિચારવું પડે કે, ઓછા દિવસો અને વધુ યાત્રિકો ધરાવતો સંઘ હશે. તો જ માહોલ જીવતો-જાગતો રહી શકશે. નહિ તો પાણીની જેમ પૈસો વહાવી દેવા છતાં માહોલ નહિ જામે. કેમ કે માનવોના મહેરામણ વિના માહોલ કેવો અને સુદીર્ઘ સમયના સંઘમાં જોડાવાની ફુરસદ કેટલાને હોય ?

ગઈકાલ અને આજ વચ્ચેના આવા વિપરીત અને વિષમ વાતાવરણની સામે હજી બહુ દૂરના નહિ, એવા ભૂતકાળમાં નીકળેલા એક સંઘની ચમત્કાર સમી ભાસતી કેટલીક વિગતોનું વિહંગાવલોકન કરીશું, તો એ જાતનું આશ્ચર્ય થયા વિના નહિ જ રહે કે, અધ... ધ ત્રણ ત્રણ વર્ષ સુધી સંઘ ચાલ્યો, છતાં એમાં સાતસો સાતસો જેટલા યાત્રિકોનો મહેરામણ ! લોકો ત્યારે ધર્મ કરવા કેટલી બધી ફુરસદ ફાળવી શકતા હશે? અને એમના જીવનમાં કેવી નિરાંત અને શાંતિ છવાયેલી રહેતી હશે?

'જ્ઞાનવિમલ' આવાં હુલામણાં કવિનામથી ઠેરઠેર ગુંજતા અને ગિરિરાજ સિદ્ધાચલજીનાં ચરણે-શરણે સંપૂર્ણ સમર્પિત વ્યક્તિત્વ-કૃતિત્વ તરીકે શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ.નાં નામકામથી ભગવદ્ભકત ક્યું હૈયું અપરિચિત હશે?

કેમ કે સહસ્રાધિક સ્તવનો તો એ મહાકવિએ શત્રુંજય ગિરિરાજની સ્તવના રૂપે જ બનાવ્યાં હતાં. એવી એક જનશ્રુતિ છે કે, જ્યારે જ્યારે સિદ્ધાચલજીમાં સ્થિરતા કરવાનો લાભ મળતો, ત્યારે ત્યારે પ્રતિદિન નવી નક્કોર ખીલેલા ગુલાબ જેવી એકદમ તરોતાજા સ્તવન-રચના દ્વારા તેઓશ્રી ભગવાન શત્રુંજયની ભાવપૂજામાં લયલીન બની જતા, એમનાં સ્તવનો ઉપરાંત પ્રવચનોમાં ગિરિરાજનો મહિમા એવી રીતે ગુંજતો રહેતો કે, શ્રોતા-ભક્તોનું હૈયું પણ ગિરિરાજના ગુણગુંજનથી ગુંજિત-મુખરિત બની ઊઠ્યા વિના ન રહે!

ચોક્કસ સાલ-સંવતનો ઉલ્લેખ ઉપલબ્ધ નથી થતો, સુરતમાં આવેલ શ્રાવકશેરીમાં શ્રી જ્ઞાનવિમલસૂરિ મહારાજનું ચાતુર્માસ હતું. આરાધનાની મોસમ, શ્રાવકશેરીનો ભાવિક સંઘ અને સિદ્ધાચલજી તરફ સમર્પિત વ્યક્તિત્વ-કૃતિત્વ ધરાવતા શ્રી જ્ઞાનવિમલસૂરિજી મહારાજ જેવા વક્તા : પછી તો પ્રવચનોમાં સિદ્ધાચલજીની ગુણગાથાની ગંગા ખળખળ નાદે વહેતી જ રહે, એમાં શું આશ્ચર્ય ? ચાતુર્માસ દરમિયાન પ્રવચનોમાં ગિરિરાજ ગુંજતો જ રહ્યો અને અવનવી સિદ્ધાચલ-સ્તવનાઓ પણ પ્રતિક્રમણમાં ગુંજન કરતી જ રહી. આના પ્રભાવે ઘણા ઘણાનાં હૈયે સંઘના સથવારે શત્રુંજયની યાત્રા કરવાની મનોરથમાળા ગૂંથાતી જ રહી. એમાં વળી સંઘ સાથે થતી ગિરિરાજની યાત્રાનું ફલવર્ણન શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ. દ્વારા જાણીને તો સકળ સંઘનો હર્ષોલ્લાસ ઓર વૃદ્ધિંગત બની જવા પામ્યો અને ફાગણ ચોમાસી આસપાસના મંગલ મુહૂર્તે સુરતથી સિદ્ધાચલના એ સંઘનું પ્રયાણ થયું, ત્યારે તેમાં ૭૦૦ જેટલા યાત્રિકો જોડાઈને ધન્ય ધન્ય બની ગયા. એ જમાનામાં આજની જેમ સંઘ-પ્રયાણનો દિવસ તો નક્કી

રહેતો, પણ તીર્થપ્રવેશ કે સંઘમાળનો દિવસ તો નિર્ધારિત ન રહેતો. વચમાં અથવા આસપાસ આવતાં તીર્થોને ભેટવાપૂર્વક જ્યારે એ તીર્થ નજીક જણાય કે, જેને ઉદ્દેશીને સંઘનું પ્રયાણ થયું હોય, ત્યારે પ્રવેશ કે સંઘમાળના દિવસનો નિર્ણય થતો. ધાર્યા જેટલા દિવસે તો એ યુગમાં પહોંચાતું જ નહિ, લગભગ દિવસો વધી જતા, પણ આ સંઘમાં તો અઠવાડિયાં, પખવાડિયા કે મહિનાઓ જ નહીં, વર્ષો વધી જવાનાં હતા. કારણ કે શ્રી જ્ઞાનવિમલસૂરિજી મ.નાં પ્રવચનો અને સ્તવનોનું એવું આકર્ષણ યાત્રિકો પર છવાઈ જવા પામ્યું હતું કે, કોઈને ઘર, દુકાન કે પેઢી જ નહિ, પરિવારની યાદ પણ સતાવતી નહીં. તીર્થયાત્રાને ધર્મનો રસ તો સહુના હૈયે સ્વયંભૂ જામેલો જ હતો. એથી જ્યાં થોડીક પ્રેરણા મળતી, ત્યાં સંઘ મૂળ રસ્તેથી ફંટાઈને પણ આજુબાજુના ગામ-નગરોની યાત્રા કરવા તૈયાર થઈ જતો, આ રીતે આગળ વધતાં વધતાં નડિયાદ નગર આવ્યું. અહીંથી બે માર્ગ ફંટાતા હતા, એક સીધો સિદ્ધાચલજીની પ્રાચીન તળેટી વડનગર થઈને પછી પાલિતાણા તરફ જવાતું હતું.

થોડાઘણા ભાવિકોના દિલમાં એવી ભાવના જાગી કે, વડનગર થઈને આગળ વધીએ, તો ઘણાં ઘણાં ગામ-નગરોની યાત્રાનો લાભ મળે, વળી એટલા વધુ દિવસો સુધી ગુરુનિશ્રામાં રહેવાનોય લાખેણો લાભ મળવા પામે. એમાં વળી શ્રી જ્ઞાનવિમલસૂરિજી મહારાજ તરફથી પણ એવી પ્રેરણા મળવા પામી કે, શત્રુંજયતીર્થની પ્રાચીન તળેટી તરીકે 'વડનગર' ખરેખર નગરોમાં વડાઈ ભોગવવા ભાગ્યશાળી નીવડે એવું જ નગર છે. ઐતિહાસિક દૃષ્ટિએ પણ અનેરી નામના-કામના ધરાવતા આ નગરની ધરતી પર કલ્પસૂત્રની વાચનાઓ સકળ સંઘ સમક્ષ પ્રથમ વાર

પ્રારંભાઈ હતી. જૈન શાસનની દૃષ્ટિએ પણ નગરોમાં વડાઈ ભોગવતા વડનગરનાં પુણ્યદર્શન સંઘના ભાવોલ્લાસમાં અનેરી ભરતી લાવવામાં પોતાનો ફાળો નોંધાવી જશે.

આ જાતની પ્રેરણાને સૌએ શિરસાવંદ્ય કરી લેતાં સંઘની દિશા વડનગર તરફ ફંટાઈ. વચ્ચે આવતાં નાનામોટા ગામનગરોનાં જિનમંદિરોને જુહારતો જુહારતો એ સંઘ વડનગરના દર્શને તો ધન્ય ધન્ય બની ગયો, ત્યારે લગભગ વર્ષાઋતુના આગમનની વધામણી આપતું આકાશી વાતાવરણ વાદળઘેર્યું બની ચૂક્યું હોવાથી ચાતુર્માસનો કાળ વડનગરમાં વિતાવવાનું નક્કી થયું, એથી ચાર મહિના જિનવાણીની સરવાણીમાં આકંઠ સ્નાન-પાન કરવાનો મળેલો અવસરિયો માણી લેવાના સંકલ્પપૂર્વક બધા જ યાત્રિકો ઉપરાંત સ્થાનિક સંઘ પણ યથાશક્તિ આરાધનાના એ યજ્ઞમાં જોડાઈ ગયો.

અનેરી પ્રવચનધારા, વડનગરના વાતાવરણમાં વ્યાપ્ત ફેલાયેલી પાલિતાણાની સ્મૃતિ કરાવતી પવિત્રતા અને આવાં અનેકાનેક પ્રેરક આલંબનોના પ્રભાવે ચાર મહિનાનો ગાળો ક્યારે પૂર્ણ થવા આવ્યો, એનો યાત્રિકોને ખ્યાલ પણ ન રહ્યો. સુરતના ચાતુર્માસ દરમિયાન શ્રી જ્ઞાનવિમલ-સૂરિજી મ. નો પરિચય, પ્રવચન પ્રેરણા, પર્વોની ઉજવણી આવું બધું જ માણવા મળ્યું હતું. વડનગરમાં પણ આ બધું માણવા મળ્યું, પણ બંને વચ્ચે આભ-ગાભ જેવો જે ફરક અનુભવાતો હતો, એનું એક માત્ર કારણ ઘર-દુકાન-મકાન-વેપાર-વ્યવહાર આદિની આળપંપાળ અને જંજાળથી મુક્ત વડનગરનું વાતાવરણ જ હતું. એની હાર્દિક પ્રતીતિ યાત્રિકોને થવા માંડી. એથી આરાધનાનો ભાવોલ્લાસ એટલી હદે વૃદ્ધિંગત બની જવા પામ્યો કે, વડનગર જ્યારે

પાલિતાણાની તળેટી હતી, ત્યારે તારંગા-કુંભારિયા-આબુ-સુવર્ણગિરિ-જાલોર આ બધાં પાવર્તીય તીર્થો ગિરિરાજનાં જ શિખરો તરીકે શોભતાં હશે ને? માટે આ બધાં તીર્થોને ભેટતાં ભેટતાં આગળ વધવું !

ભાવના તો ભવનાશિની ગણાય. યાત્રિકોની આ ભાવનામાં ભાવ ભળ્યો હતો અને હૈયાનોય હકાર હતો. એથી ખૂબ જ નિરાંતે આવાં અનેક તીર્થો-મંદિરોને ભેટતો ભેટતો સંઘ જ્યાં સુવર્ણગિરિ સુધી આગળ વધ્યો, ત્યાં તો વર્ષાૠતુની વધામણી આપતું વાતાવરણ ચોમેર છવાઈ ગયું. વડનગરના દિવ્ય, ભવ્ય વાતાવરણમાં આરાધના-સાધનાની માણેલી એ મસ્તીની સ્મૃતિઓને વાગોળતાં સંઘે જાલોરગિરિ પર જ ચાતુર્માસ ગાળવાનું આયોજન કરીને વડનગરમાં આરાધનાની પુણ્યકમાણી કરી હતી એથી વધુ કમાણીનું લક્ષ અને પક્ષ નજર સમક્ષ રાખીને જાલોરમાં ચાતુર્માસિક આરાધનાનો યજ્ઞ પુનઃ પ્રારંભાઈ ગયો.

સુરતથી પ્રયાણ કર્યાના ઘડી-પળ પર દિવસો મહિનાઓ અને વર્ષો વીતી રહ્યાં હતાં, એમ એમ આરાધના-સાધનામાં પણ વેગ વધી રહ્યો હતો. સુરત કરતા વડનગર, વડનગર કરતાં જાલોર-ગિરિમાં આરાધના અને આનંદધારામાં જે સર્વતો વૃદ્ધિની અનુભૂતિ યાત્રિકો કરી શક્યા, એથી વધુ ઉલ્લસિત બનીને સુવર્ણગિરિના ચાતુર્માસ દરમિયાન જ યાત્રિકોના હૈયે ભાવનાની એવી ભરતી ચડી કે, ગરવા ગઢ ગિરનારની યાત્રા કરી પછી સિદ્ધગિરિ તરફ જવું ! દિવસો વીતતા હતા, એમ દેવ-ગુરુ તરફનો ભાવોલ્લાસ વૃદ્ધિંગત બનતો જતો હતો. ગિરનાર પહોંચતાં જ વૈશાખ - જેઠ મહિનો આવી જવાની શક્યતા જણાતાં સંઘને એમ લાગ્યું કે, સિદ્ધાચલજી તીર્થે પહોંચતાં અષાઢ

મહિનો તો આવી જશે. માટે સંઘના લાભની જેમ હવે સિદ્ધાચલજીમાં જ ગુરુનિશ્રામાં ચાતુર્માસ કરવાનો અણમૂલો લાભ તો કેમ મુકાય ? માટે સિદ્ધગિરિમાંય આવો લાભ લઈ જ લેવો જોઈએ.

એ સંઘના યાત્રિકોની હવે તો સુરત કાગડોળે પ્રતીક્ષા કરી રહ્યું હતું. પણ યાત્રિકો તો જાણે સુરત સાથેનો સ્નેહ-તાંતણો તોડી ચૂક્યા હતા. એથી એમની ભાવનાસૃષ્ટિ વાંઝણી નહિ, ફલપ્રદ નીવડ્યા વિના ન જ રહે. સંઘ અષાઢ મહિને સિદ્ધગિરિ પહોંચ્યો, સૌના મનમયૂર નાચી ઊઠ્યા. યાત્રિકોને લેવા આવનારા સુરતનાં સગાંવહાલાંઓને જ્યારે એવા સમાચાર મળ્યા કે, આ ત્રીજું ચોમાસું પણ યાત્રિકો સિદ્ધગિરિમાં જ કરવાના છે. ત્યારે સહુની નાભિમાંથી એવો જ નાદ ઊઠ્યો કે, સંપત્તિની સાથે સાથે સમયના પણ આવા સદુપયોગથી આ સંઘ ઈતિહાસનાં પાને અદ્વિતીય તરીકે નોંધાઈ જઈને વર્ષોનાં વર્ષો સુધી અહોભાવભરી આંખે વંચાતો જ રહે તો નવાઈ નહિ!

●

**૧૪**

## લીંબડીને લબ્ધ લોકખ્યાતિનું મૂળ શું?

દેશોમાં સૌરાષ્ટ્ર દેશ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયથી મંડિત હોવાના કારણે પૂજ્ય તરીકે પ્રખ્યાત છે. તો સૌરાષ્ટ્રનું શહેર લીંબડી હસ્તલિખિત જ્ઞાનભંડારના કારણે લબ્ધપ્રતિષ્ઠ છે. આ જ્ઞાનભંડારમાં એક એવી વિશિષ્ટતા છે, જે વિશ્વભરના કોઈ જ્ઞાનભંડારમાં જોવા ન મળે. મૂષક-ઉંદર આદિના ઉપદ્રવોથી ખવાઈ જવાને કારણે વાચનોપયોગી ન બની શકે એવી મૃતપ્રાયઃ નષ્ટપ્રાયઃ બની ચૂકી હોવા છતાં કાગળના હૂબહૂ અનુસંધાન અને અક્ષરોના અનુલેખન દ્વારા પુનર્જીવિત કરાયેલી એવી પાંચેક હસ્તલિખિત પ્રતોનાં દર્શન લીંબડીના ભંડાર સિવાય અન્યત્ર ક્યાંય મળી શકવા દુર્લભ જ નહીં, હાલ તો અશક્ય-અસંભવિત ગણી શકાય એમ છે. આ રીતે લીંબડીને લબ્ધ લોકખ્યાતિના મૂળમાં જ્ઞાન અને જ્ઞાનભંડારનું યોગદાન રહેલું છે.

લીંબડી હસ્તલિખિત ભંડારની અનોખી વિશેષતા સમી અને અનુસંધાન કળાનું ચમત્કારિક દર્શન કરાવતી એ પાંચેક

પ્રતો વર્ષોથી પોતાના પુનરુદ્ધારકની પ્રતીક્ષા કરી રહી હતી, એમાં સં. ૧૫૪૪માં પ્રતોનો એ પ્રતીક્ષા-પોકાર જ જાણે ખરતરગચ્છીય પૂ.આ.શ્રી જિનહર્ષસૂરિજી મહારાજને લીંબડી ખેંચી લાવ્યો. આ વર્ષથી આરંભીને ૧૫૬૩ સુધીના ગાળામાં ખવાઈ ગયેલી પ્રતોનાં સૈંકડો પાનાંઓનું અનુસંધાન કાર્ય એવી અજબગજબની કળાપૂર્વક કરવામાં આવ્યું કે, આજે એ પ્રતોને ધારીધારીને જોઈએ, તો પણ ખવાઈ ગયેલાં પાનાંનો જેટલો ભાગ કાપી નાખીને એ જગાએ નવો જોડેલો કાગળ કયો છે, એનો અણસાર સુધ્ધાં ન આવે તેમજ નવા અનુસંધાન તરીકે ફરી લખવામાં આવેલા અક્ષરોનો ભેદ પણ કળી ન શકાય. જોડેલા કાગળનો ભેદ પકડી પાડવો જ હોય, તો તડકા સામે એ પ્રત-પાનાંને ધારી રાખવામાં આવે, ત્યારે ચોડવામાં આવેલા કાગળનો ભેદ માંડ માંડ કળી શકાય. અક્ષરોનો આકાર જુદો ન પડી જાય, એ રીતે અનુલેખન કરવું તેમજ નવા-જૂના કાગળનો ભેદ કળી ન શકાય એવું અનુસંધાન કરવું, એ કહેવાતા વિજ્ઞાનના અને પ્રગતિના આ જમાનામાં પણ અસંભવિત-અશક્ય જેવું જણાય, ત્યારે અયાંત્રિક યુગની એ કળા પર આજેય ઓવારી ઊઠ્યા વિના રહેવાય ખરું ?

છૂટક છૂટક ઓગણીસ વર્ષના ગાળામાં જેનું પુનઃસંધાન કાર્ય ચાલતું રહ્યું, એ પાંચે પ્રતોના અંતભાગમાં નીચે મુજબ ઉલ્લેખ થવા પામ્યો છે. જીત કલ્પભાષ્ય(પાનાં ૩૮) સં. ૧૫૪૪ની સાલમાં, પંચકલ્પ ભાષ્ય(પાનાં ૪૫) પંચકલ્પ ચૂર્ણી (પાનાં ૪૩) સં. ૧૫૪૫ની સાલમાં, બૃહત્કલ્પ ચૂર્ણી (પાનાં ૧૫૭) સં. ૧૫૬૩ની સાલમાં નિશીથભાષ્ય (પાનાં ૯૭) સં ૧૫૬૧ની સાલમાં ખરતરગચ્છીય શ્રી જિનહર્ષસૂરિજી મહારાજે કાગળનું

પુનઃસંધાન કરાવીને અને ત્રુટિત લખાણનું પુનર્લેખન કરાવીને આ પાંચ પ્રતોને પુનરુદ્ધાર દ્વારા પુનર્જીવિત બનાવી.

ઓગણીસ ઓગણીસ વર્ષ સુધીની સુદીર્ઘ ધીરજનાં મીઠાં ફળ તરીકે પુનર્જીવન પામેલી એ પ્રતોનું લીંબડી જ્ઞાનભંડારમાં આજેય દર્શન પામી શકાય છે. દર્શનની એ પળોમાં એવું આશ્ચર્ય અને એવો અહોભાવ દર્શકના અંતરમાં જાગ્યા વિના નથી રહી શકતો કે, કેવી અપૂર્વ લગનથી શ્રુત-ભક્તિ રૂપે સાંધો ન જણાય, એવું કાગળનું અનુસંધાન કઈ રીતે કરવામાં આવ્યું હશે તેમજ જૂના-નવા અક્ષરોનો ભેદ ખ્યાલમાં ન આવે, એવું પુનર્લેખન પણ કઈ રીતે થવા પામ્યું હશે ?

લીંબડીના આ હસ્તલિખિત ભંડારમાં અંદાજે સાડા ત્રણ હજાર આસપાસ કાગળ પર લખાયેલા ગ્રંથોના સંગ્રહમાં પાંચેક પ્રતો તાડપત્ર પર જોવા મળે છે. ત્યારે એક એવો પ્રશ્ન જાગ્યા વિના નથી રહેતો કે આંગળીના વેઢે ગણી શકાય એટલી જ તાડપત્રીય આ પ્રતો આ ભંડારમાં ક્યાંથી આવી હશે અને કોના દ્વારા કયા સંઘના ભંડારમાંથી મેળવાયેલી આ તાડપત્રીય-પ્રતો લીંબડીના ભંડારમાં સ્થાન પામી હશે? આ સવાલનો જવાબ પામવા શ્રાદ્ધવર્ય ડોસા દેવચંદ વોરાને સંભારવા જ પડે. વિ.સં. ૧૮૦૦ પૂર્વે થયેલા ડોસા દેવચંદ વોરાનાં નામકામ આજેય લીંબડીના ઈતિહાસમાં સચવાયાં છે. સંઘના એક અગ્રણી તરીકે એમની સેવા અવિસ્મરણીય રહે એવી હતી. અન્ય અન્ય જવાબદારીઓની જેમ લીંબડીના જ્ઞાનભંડારની જવાબદારીનું પણ એમણે સારી રીતે વહન કર્યું હતું. મૂર્તિ નિર્માણ-પ્રતિષ્ઠા વગેરે કાર્યો પણ એમણે જીવન દરમિયાન કર્યાં હતાં. એના શિલાલેખ આજેય ઉપલબ્ધ છે.

લીંબડીમાં સ્થાનકવાસી સંપ્રદાયની ગાદી હોવાથી આ સંપ્રદાય પણ ઠીક ઠીક પ્રમાણમાં વર્ષોથી ફાલ્યો-ફૂલ્યો રહેતો આવ્યો હતો અને આજેય આ સંપ્રદાયનું ઠીક ઠીક સ્થાનમાન લીંબડીમાં જળવાઈ રહેલું જોઈ શકાય છે. ડોસા દેવચંદ વોરા ચુસ્ત મૂર્તિપૂજક હતા, એમના એક ભાગીદારનું નામ હતું : મહેતા ડોસા ધારસી. તેઓ સ્થાનકવાસી હતા. આવાં માન્યતા, ભેદના કારણે બંને વચ્ચે અવારનવાર વૈચારિક સંઘર્ષ પણ પેદા થતો. અનેક વાર જાગેલા આવા સંઘર્ષનો કાયમી ઉકેલ આણવા એક દહાડો એવા વિચાર પર સ્થિર થવા બંને સંમત થયા કે, સત્યાસત્યના નિર્ણય પર આવીને બંનેએ કાં તો મૂર્તિપૂજક બની જવું કાં બંનેએ સ્થાનકવાસી સંપ્રદાયનો સ્વીકાર કરવો!

વૈચારિક રીતે આટલું નક્કી થઈ ગયા બાદ હવે સંઘર્ષના શમન માટે સત્યાસત્યનો નિર્ણય કરવો જરૂરી બનતો હતો. આવો નિર્ણય તો શાસ્ત્રાધારે જ આવી શકે અને આ માટે તો મુદ્રિત કરતા તાડપત્ર પર હસ્તલિખિત શાસ્ત્રો જ ઉભય - પક્ષને વધુ સર્વમાન્ય બનાવી શકે. ડોસા દેવચંદ અને ડોસા મહેતા સ્વયં અભ્યાસી હતા, લીંબડીનો ભંડાર જરૂર વખણાતો હતો, પણ લીંબડીમાં તો કાગળ પર હસ્તલિખિત શાસ્ત્રો જ ઉપલબ્ધ હતાં. એથી ડોસા દેવચંદ ખંભાતના હસ્તલિખિત તાડપત્રીય ભંડારમાંથી જ્ઞાતાધર્મ- કથાંગ, રાજપ્રશ્નીયોપાંગ, ઉવવાઈસૂત્ર આદિ મૂર્તિપૂજા વિષયક તત્ત્વનિર્ણય માટે જરૂરી તાડપત્રીય પ્રતો મેળવવાની જવાબદારી સ્વીકારી લીધી, એ મુજબ ૫૦૦ રૂપિયા ડિપોઝિટ તરીકે ભરીને ડોસા દેવચંદ વોરા સત્યના નિર્ણય માટે જરૂરી જ્ઞાતાધર્મકથાંગ આદિ પાંચેક તાડપત્રીય પ્રતો ખંભાતના સંઘવી પાડાના ભંડારમાંથી મેળવવામાં સફળ થયા.

ખંભાતથી મળેલી એ તાડપત્રીય પ્રતોના આધારે ગીતાર્થ ગુરુદેવોની નિશ્રામાં દીર્ઘ વિચાર-વિમર્શ થયા બાદ અંતે મહેતા ડોસા ધારસી એવા નિર્ણય પર આવ્યા કે, સત્ય મૂર્તિપૂજાના પક્ષે છે. એના નિર્ણયની જાહેરાત થતા લીંબડીમાં સત્યનો જય જયકાર થવા પામ્યો. આમ, સત્યનો નિર્ણય થઈ જવા પામ્યો હોવા છતાં નજીકના ભવિષ્યમાં તાડપત્રીય આ પત્રોની સાક્ષી જોવાનો પ્રસંગ કદાચ ઊભો થવા પામે, તો પુનઃ ખંભાતથી પ્રતો મંગાવવાનો વખત ન આવે. એ માટે પ્રતો થોડા વખત સુધી લીંબડીમાં રાખવાનું નક્કી કરવામાં આવ્યું. ખંભાતમાંથી લીંબડી આવેલી એ પ્રતોના માધ્યમે ડોસા મહેતા ધારસી તો શ્રદ્ધામાં સુસ્થિત બની જ ગયા, પણ અન્ય અન્ય કેટલાંયને સત્યના પક્ષપાતી બનાવીને શ્રદ્ધામાં સ્થિર કરવાનો પરમોપકાર એ પ્રતોના માધ્યમે થતો જ રહ્યો.

સ્થિર યોગ ધરાવતી કોઈ ઘડીપળે એ તાડપત્રીય પ્રતોનો લીંબડીમાં પ્રવેશ થવા પામ્યો હશે? એથી આજકાલ આજકાલ કરતાં એ પ્રતો માટે પુનઃ ખંભાતગમનનો યોગ આગળ આગળ ઠેલાતો જ રહ્યો. ડિપોઝિટ ભર્યા બાદ પ્રતો આવી હોવાની વાત ખંભાતની પણ જાણ બહાર ન હતી. આમ છતાં કોઈ અગમ્ય કારણસર ખંભાતે ઉઘરાણી નહિ કરી હોય અને લીંબડીને ડિપોઝિટની રકમ કરતાં પ્રતો વધુ મૂલ્યવાન લાગી હશે, એમ નક્કી કહી શકાય. કેમ કે એ પ્રતો આજે પણ લીંબડી જ્ઞાનભંડારમાં જ સુરક્ષિત છે. ડિપોઝિટ ભર્યાની અને ડિપોઝિટ લીધાની નોંધ આજે પણ લીંબડી-ખંભાતના ચોપડે જોવા મળે છે.

કાગળ પર હસ્તલિખિત હજારોની સંખ્યા ધરાવતી પ્રતોથી સમૃદ્ધ લીંબડી જ્ઞાનભંડારમાં માત્ર આંગળીના વેઢે ગણી

શકાય, એટલી તાડપત્રીય પ્રતોનું અસ્તિત્વ કઈ રીતે શક્ય બન્યું ? આ સવાલ સાથે સંકળાયેલી ડોસા દેવચંદ વોરાની આ ઘટનામાંથી તત્કાલીન સંઘની જ્ઞાનપ્રિયતા, સત્યાસત્યને જાણવાની અદમ્ય જિજ્ઞાસા અને અસત્યના ત્યાગપૂર્વક સત્યના સ્વીકારની તત્પરતાનું પણ પુણ્યદર્શન મળવા પામે છે. જ્ઞાનપ્રેમી આવા આગેવાનોની કારમી ઊણપ આજે સાલી રહી છે, ત્યારે એની પૂર્તિ કરવાની ભાવના પણ આ ઘટના જાણ્યા પછી આપણા સંઘમાં જાગ્રત થશે ખરી?

— ● —

દીવે દીવો પેટાય, એમ ડોસા દેવચંદની વંશપરંપરા પણ ધર્મની સમૃદ્ધિથી ભરી ભરી નીવડી. ડોસા દેવચંદ વોરાને બે પુત્રો હતો. જેઠા વોરા અને કસલા વોરા એમનું નામ હતું. મોટા દીકરાની પત્નીનું નામ પુંજીબાઈ, અને નાના દીકરાની પત્નીનું નામ સોનબાઈ. જેઠા વોરાએ ૧૮૧૪માં સિદ્ધાચલનો સંઘ કાઢવાનો લાભ લઈને સંઘપતિનું તિલક કરાવ્યું હતું. ડોસા દેવચંદ વોરાનાં પત્ની હીરાબાઈ અને પુત્ર જેઠા વોરાની પત્ની પુંજીબાઈએ સં. ૧૮૧૭માં સંવિજ્ઞ પાક્ષિક પંડિત શ્રી ઉત્તમવિજયજી મહારાજની નિશ્રામાં ઉપધાન કરીને માળ પહેરી હતી. ૧૮૩૨ના પોષ વદ ૪થે પતિ જેઠા વોરા સ્વર્ગવાસી બનતાં પૂંજીબાઈએ ચોરાસી જમાડી હતા. આ સાલમાં લીંબડીમાં ચાતુર્માસાર્થે પધારેલા પંડિત શ્રી પદ્મવિજયજી મ. નો પ્રવેશ એમણે ખૂબ જ સુંદર ઊજવ્યો હતો. એ ચાતુર્માસમાં ખૂબ ખૂબ ધર્મારાધના પ્રભાવના થવા પામી હતી.

વિ.સં. ૧૮૩૯ની સાલમાં પંડિત પદ્મવિજયજી મ.નું પુનઃ ચાતુર્માસ થતાં પુંજીબાઈને પાંત્રીસ ઉપવાસ કરવાની પ્રબળ ભાવના જાગતાં એમણે કસલા વોરા સમક્ષ એ

ભાવના રજૂ કરતાં કહ્યું કે, ૩૫ ઉપવાસ કરવાની ભાવના રાખું છું તમારી બધાની સહર્ષ સંમતિ હોય તો તપ નિર્વિઘ્ને પાર પડે.

કસલા વોરાએ કહ્યું : પુંજીબાઈ, તમે શરીરનો ઘણો કસ કાઢ્યો છે. અત્યારે મોટી ઉંમરે જાગેલી તમારી ભાવના તો વધાવી લેવી જ જોઈએ. ઉપધાન, પાંચ-દસ-બાર-૧૫-૩૦ ઉપવાસની આરાધના તમે આ પૂર્વે કરી છે. તદુપરાંત કર્મસુદન, કલ્યાણક, વીશસ્થાનક, સિદ્ધચક્ર ઓળી, વર્ધમાનતપ આદિ અનેકવિધ તપોની આરાધના કરીને તમે જીવનને ઉજાળ્યું છે. હવે આ ઉંમરે આટલો મોટો તપ કરવાની અમે ના તો નથી પાડતા, પણ એટલી વિનંતી તો જરૂર કરીએ છીએ કે, સમજીને આ તપમાં આગળ વધવાનો વિચાર કરજો.

પુંજીબાઈએ જવાબમાં કસલા વોરાને જણાવ્યું કે દેહનો કસ કાઢીને પણ તપ કરવો એટલે કચરો કાઢીને કંચન ખરીદવું આવો સોદો કરવામાં ઝાઝો શો વિચાર કરવાનો હોય? તપશ્ચર્યાને અખંડ રાખવા બહુ બહુ તો દેહ છોડવો પડશે એટલું જ ને? આ માટે મારી પૂરેપૂરી તૈયારી છે. કસલા વોરા આદિ પરિવારને એમ લાગ્યું કે, ભાવનાની આ ભરતી ખાળી શકાય એવી નથી. એથી સૌ મૌન રહ્યા. એને જ સંમતિ માની લઈને પુંજીબાઈએ ૧૩ ઉપવાસનું પચ્ચક્ખાણ ગ્રહણ કર્યું. એમની આ તપશ્ચર્યા પરિવાર માટે ખૂબ પ્રેરક બની જવા પામી, એમનું આલંબન લઈને કસલા વોરાની ધર્મપત્ની સોનબાઈએ પૂર્વે માસક્ષમણ કર્યું હોવાથી ૩૫ ઉપવાસની ભાવનાથી તપ શરૂ કર્યો. પુત્રવધૂઓએ માસક્ષમણ શરૂ કર્યું. ઘરમાં આ રીતે માસક્ષમણની હાટ રચાઈ ગઈ. એટલું જ નહિ એ વર્ષે લીંબડી સંઘમાં ૭૫ જેટલી

મોટી સંખ્યામાં માસક્ષમણ તપ પ્રારંભાતાં આસપાસનાં ગામોનું પણ વાતાવરણ તપોમય બની જવા પામ્યું. પંડિત શ્રી પદ્મવિજયજી મહારાજે સ્વરચિત સમરાદિત્ય રાસની પ્રશસ્તિમાં આ વાત નોંધીને ૭૫ માસક્ષમણની ઘટનાને અમર બનાવી દીધી.

લીંબડીમાં છવાઈ ગયેલા તપોમય વાતાવરણમાં ભંગ પાડતી ઘટના રૂપે એક દહાડો પુંજીબાઈની તબિયત જરાક લથડી. તબિયત જેમ જેમ લથડતી ગઈ, એમ એમનું મનોબળ વૃદ્ધિંગત બનતું ગયું. સંઘના ઘણા ઘણા આગેવાનો આવીને પુંજીબાઈને એમ સમજાવવા માંડ્યા કે, હવે પારણું કરી લો. દેહ ટકશે, તો આથીય વધુ આરાધના કરી શકશો. પુંજીબાઈએ જવાબમાં જણાવ્યું કે મેં તો મનોમન પચ્ચક્ખાણ લઈ લીધું છે. એથી પારણા માટે હવે તો કોઈ આગ્રહ કરતા જ નહિ. દેહ પડી જાય તેની મને પરવા નથી. પણ પચ્ચક્ખાણનો ભંગ તો નહિ જ થવા દઉં.

તબિયતે જ્યારે ગંભીરતા ભણી વળાંક લીધો અને પુંજીબાઈની પારણું કરવાની તૈયારી જ્યારે ન જોઈ, ત્યારે સગાં-વહાલાંઓએ મોહવશ સાકરનું પાણી પિવરાવવા દ્વારા પણ દેહને ટેકો પૂરો પાડવા વિચાર્યું. સાકરના પાણીનો પ્યાલો ધરીને સૌએ પાણી પીવાની વિનંતી કરી, ત્યારે પુંજીબાઈ પાણીની ગંધ પરથી એ પાણીને સાકરનું પાણી કળી ગયાં. અને એમણે સૌને વીનવ્યા કે, આ રીતે પચ્ચક્ખાણ-ભંગ થાય એ મને ઇષ્ટ નથી. માટે મારી ભાવના મુજબ મને આગળ વધવા દો. તપ પૂરો કરવા જતાં મારો દેહ પડશે તો મને વધુ આનંદ થશે.

તબિયત વધુ ને વધુ લથડતી ચાલી. પુંજીબાઈ ઉપરાંત બીજાં સ્વજનો પણ એમની આશા ખોઈ બેઠા. પુંજીબાઈ

પૂરેપૂરાં સજાગ અને સાવધ હતાં. સમાધિમય અવસ્થામાં તેઓ વિ.સં. ૧૮૩૯ના શ્રાવણ વદ અગિયારસે પર્યુષણના એક દિવસ પૂર્વે સ્વર્ગવાસી બન્યાં, આ રીતે તપ પૂર્ણ કરવાની ભાવનામાં રમમાણ પુંજીબાઈની આ ઘટનામાંથી ડોસા દેવચંદ પરિવારની ધર્મભાવનાની ઝાંખી મળી શકે એમ છે. દેહને પડવા દઈને તપને અખંડિત રાખવાની પુંજીબાઈની આ ટેક શ્રી બાલવિજયજી વિરચિત 'તપ બહુમાન ભાસ'માં અદ્‌ભુત રીતે વર્ણવાઈ છે.

લીંબડી જૈન જગતમાં વર્ષોથી લબ્ધપ્રતિષ્ઠ રહ્યું છે, એના કારણ તરીકે લીંબડીનાં જિનમંદિરો-ઉપાશ્રયો અને જાહોજલાલી ધરાવતો જૈન સંઘ તો છે જ. પણ સર્વોપરી કારણ તરીકે લીંબડીના હસ્તલિખિત જ્ઞાનભંડારને જ અગ્રિમતા આપી શકાય, લીંબડીએ આવો જ્ઞાનભંડાર સાચવી-સંગ્રહી ન રાખ્યો હોત, તો કદાચ 'જૈનજગતમાં લીંબડીનાં નામ-ઠામ આટલાં બધાં ગૌરવપૂર્વક ગાજતાં ન હોત.'

•

## ૧૫

# શ્રુતની ઉપેક્ષા જો સમસ્યા, તો રક્ષા એ ઉકેલ

હસ્તલિખિત ગ્રંથો-શાસ્ત્રોનો ખૂબ મોટો ખજાનો નજીકના જ ભૂતકાળમાં પરદેશમાં પગ કરી ગયો, આજે પણ પરદેશમાં આવો ખજાનો ઠીક ઠીક પ્રમાણમાં રવાના થઈ જ રહ્યો છે, તો પણ હજી ઘણો સંગ્રહ ખૂણેખાચરે છુપાયેલો છે, નાણાંની કોથળી ખુલ્લી મૂકી દેવામાં આવે, તો એ સંગ્રહ હસ્તગત થઈ શકે એમ છે. એના માલિક બની બેઠેલાની લોભવૃત્તિમાં થોડો ઘટાડો થાય અથવા તો એ સંગ્રહ મેળવવા મથનારની ઉદારતામાં થોડો વધારો થાય, તદુપરાંત ગમે તે ભોગે એ સંગ્રહ મેળવી લઈને જૈન સંઘ હસ્તક જ રાખવાની લગન લોહીમાં વહેવા માંડે, તો જૈન સંઘ પાસેના સમૃદ્ધ હસ્તપ્રતોના સંગ્રહમાં આજેય ખાસો વધારો થવા પામે.

આજની આવી પરિસ્થિતિ નજર સામે તરવરતાં જ સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક સહજાનંદ સ્વામીના જીવનનો એક પ્રસંગ યાદ આવી ગયા વિના નથી રહેતો.

મોટેભાગે ગઢડામાં રહેતા એમને એક વાર એવી બાતમી જાણવા મળી કે, ભાવનગરમાં રહેતા એક બ્રાહ્મણની પાસે ભગવદ્ગીતાની એક અતિસુંદર હસ્તલિખિત પોથી છે. એ પોતે તો એનો ઉપયોગ કરી શકે એમ નથી, કેમ કે સંસ્કૃત ભાષા એને આવડતી નથી, છતાં માત્ર હસ્તલિખિત હોવાના કારણે જ એ પોથીને જીવની જેમ એ જાળવી રહ્યો છે.

સ્વામીને થયું કે, ભગવદ્ગીતાની એ પોથી ગમે તે રીતે મેળવી લેવી જોઈએ. જીવ અને જાન રેડીને કોઈએ લખેલી એ પોથી પઠન-પાઠનમાં ઉપયોગી બને, તો જ એના લખાણ પાછળ લેવાયેલો શ્રમ લેખે લાગે. પોતાના એક સેવકને સ્વામીજીએ ભાવનગર રવાના કર્યો. બ્રાહ્મણ સમક્ષ હાજર થઈને એણે સ્વામીજીની ભાવના વ્યક્ત કરી. થોડી ઘણી આનાકાની બાદ બ્રાહ્મણે ૩૦૦ રૂપિયામાં એ પોથી આપવાની મરજી દર્શાવી. સેવક ખુશખુશાલ બનીને ગઢડા આવ્યો. ને સ્વામીજી સમક્ષ બધી વિગત રજૂ કરી. એ જમાનાની દૃષ્ટિએ ૩૦૦ રૂપિયા કંઈ નાનીસૂની રકમ ન કહેવાય ! છતાં સ્વામીએ એ વાત તરત જ સ્વીકારી લીધી, અને રોકડા ૩૦૦ રૂપિયા આપીને સેવકને પાછો ભાવનગર તરફ રવાના કર્યો.

આશાભર્યા અંતરે બ્રાહ્મણ સમક્ષ પહોંચેલા સેવકને સ્વપ્નેય કલ્પના ન હોય, એવો જવાબ મળ્યો : તમારું મન રાખવા જ મેં હા પાડી હતી. પણ મારું મન માનતું નથી. માટે પોથી આપવાનો વિચાર મેં માંડી વાળ્યો છે. આવો જવાબ સાંભળીને હતાશ ન થઈ જતાં સેવકે ઘણું ઘણું સમજાવ્યું, અંતે એણે રકમ હજી પણ વધારે આપવાની વાત મૂકી. પરંતુ બ્રાહ્મણ ટસનો મસ ન થયો. 'આડી રાત એની શી વાત' જેવો ઘાટ ઘડાયો હતો. રૂપિયા ૩૦૦ની માંગણી

સ્વીકૃત થાય, એ ધારણા બહારની વાત હતી. છતાં તે સ્વીકૃત થઈ જતાં બ્રાહ્મણને પોથીની મૂલ્યવત્તાનો અંદાજ આવ્યો હતો, એમ એની લોભવૃત્તિમાં વધારો થયો હતો. એથી વચનબદ્ધતા નંદવાઈ જવા પામી. સેવક ગઢડા પહોંચીને સ્વામીજી સમક્ષ હાજર થયો. એના ચહેરા પરથી જ પરિસ્થિતિ કળી જઈને સ્વામીજી બેસી ન રહ્યા. આવી અમૂલ્ય હસ્તપોથી હસ્તગત કરવા માટેનો પ્રયાસ આગળ વધારવા પોતાના પ્રિયભક્ત ખુશાલદાસજીને આ જવાબદારી સોંપતાં એમણે કહ્યું : તમે ધારશો, તો આ હસ્તપોથી મેળવવામાં સફળ થશો. પૈસા કરતાં પોથીની મૂલ્યવત્તા વધુ છે, એટલું ભૂલતા નહીં.

ચકોરને તો આટલી ટકોર ઘણી હતી. સ્વામીના સેવક પાસેથી પૂરી માહિતી મેળવીને ખુશાલદાસજી ભાવનગર પહોંચી ગયા. બ્રાહ્મણને કલ્પના ન હતી કે, પોતાના આંગણે શેઠ ખુશાલદાસજીની પધરામણી થશે. એમના દોરદમામથી અંજાઈ જઈને એણે સારી આગતાસ્વાગતા કરી, શેઠે જ્યાં પોથીનો પ્રસ્તાવ મૂક્યો, ત્યાં જ બ્રાહ્મણે મક્કમતાથી એવો જવાબ વાળ્યો કે, શેઠ! પણ આ પોથી વેચવી જ નથી, પછી કિંમત અંગે શો વિચાર કરવાનો હોય !

શેઠ સમજી ગયા કે, હવે સમજાવવાનો કોઈ અર્થ નથી. છતાં થોડી સમજાવટના અંતે મક્કમ મને પોતાનો એવો નિરધાર જાહેર કરીને શેઠ વિદાય થઈ ગયા કે, આ પોથી હસ્તગત કરીને પછી જ હું ભાવનગર છોડવાનો છું. પોથી મેળવવા માટે પુણ્યબળ ઓછું પડે છે, એથી જ્યાં સુધી પોથી નહિ મળે, ત્યાં સુધી ઉપવાસનું વ્રત ચાલુ રાખવાનો મારો નિરધાર છે. મને વિશ્વાસ છે કે, આ

તપના બળે હું હસ્તપોથી મેળવવામાં જરૂર સફળ બનીશ. અહીં રહીને જેટલા દિવસ સુધી આ તપ ચાલુ રાખવો પડશે, એટલા દિવસ સુધી મારી સ્થિરતા આ ભાવનગરમાં જ શેઠ ઝીણાભાઈના બંગલે રહેશે. મને બોલાવવાની કે મને મળવાની આવશ્યકતા ઊભી થાય, તો આ શક્ય બને, એ માટે જ આટલી વિગત જણાવું છું.

બ્રાહ્મણ તરફથી કોઈ જાતના પ્રતિભાવની અપેક્ષા કે પ્રતીક્ષા કર્યા વિના શેઠ ખુશાલદાસ વળતી જ પળે બ્રાહ્મણના ઘરમાંથી બહાર આવી ગયા. શેઠ ઝીણાભાઈની ગાડી એમની પ્રતીક્ષા કરતી ત્યાં જ ઊભી હતી. શેઠનો નિરધાર સાંભળ્યા બાદ શો જવાબ વાળવો, એની ગડમથલ બ્રાહ્મણના દિલમાં ચાલી રહી હતી, એટલામાં શેઠ ખુશાલભાઈની ગાડી રવાના થઈ ગઈ. બ્રાહ્મણ હવે ખરેખરી દ્વિધા અનુભવી રહ્યો. શેઠ ઝીણાભાઈનાં નામ-કામ ભાવનગરમાં પ્રખ્યાત હતા, એમના અતિથિ બનેલા શેઠ ખુશાલદાસને શો જવાબ આપવો, એમની વાત અમાન્ય કઈ રીતે કરવી, ૩૦૦ રૂપિયા કરતાં વધુ માંગણી મુકાય, તોય એ સ્વીકૃત થઈ જાય એમ હતી. આખો દિવસ અને આખી રાત બ્રાહ્મણ આ જાતની ગડમથલમાં જ આમથી તેમ ગોથા ખાઈ રહ્યો.

ખુશાલદાસ શેઠના ઉપવાસનો નિરધાર થોડો જ ગુપ્ત રહી શકે? આખા ભાવનગરમાં આ ઉપવાસ ચર્ચાતો રહ્યો. શેઠને બીજો ઉપવાસ શરૂ થાય, એ પૂર્વે જ બ્રાહ્મણના મનમાં એવો વિચાર આવ્યો કે, ગીતાની આ પોથી હું તો વાંચી શકવાનો નથી. આની સાટે જેટલા રૂપિયા માંગીશ એટલા મને મળી પણ જશે. પરંતુ પછી મારી આબરુનું દેવાળું તો નહિ નીકળી જાય ને ? પૈસા મેળવીને

દેવાળિયામાં ખપવા કરતા તો આ પોથી રાજીખુશીથી સમર્પિત કરી દઈને અંતરના અમીર તરીકેની આબરૂની સમૃદ્ધિ કમાઈ લેવી શી ખોટી? મારા પટારામાં પડી રહેલી આ પોથી પડી પડી સડી જશે, તો હું પાપનો ભાગી બનીશ, જ્યારે સહજાનંદ સ્વામીને સમર્પિત થયેલી આ પોથીમાંથી હજારો ભક્તો પ્રેરણા પામશે, તો એનું પુણ્ય મને પણ મળશે.

આ વિચારને તરત જ અમલી બનાવવા એ બ્રાહ્મણ વળતી જ પળે શેઠ ઝીણાભાઈના બંગલે પહોંચી ગયો. ખુશાલદાસ શેઠના હસ્તકમલમાં પોથીને સમર્પિત કરી દેતા એણે કહ્યું : મારા વતી આટલી ભેટ સહજાનંદ સ્વામીના ચરણે ધરજો, એવી વિનંતી કરવા આવ્યો છું.

ખુશાલદાસના આશ્ચર્યનો પાર ન રહ્યો. રૂપિયા પાંચસો આપવાપૂર્વક એમણે પોથી ગ્રહણ કરવા પ્રયાસ કર્યો. પણ બ્રાહ્મણે રોકડા પાંચસો ન જ સ્વીકાર્યા. જ્યારે ખુશાલદાસને એ પોથી ગ્રહણ કરવી જ પડી. ગીતાની હસ્તલિખિત પોથીને માધ્યમ બનાવીને જાણે હૃદય પરિવર્તનનો એક અકલ્પિત ઈતિહાસ જ લખવાનો હતો. બ્રાહ્મણના દિલપરિવર્તનથી પ્રારંભાયેલો એ ઈતિહાસ આગળ વધ્યો. શેઠ ખુશાલદાસના હાથમાં આવેલી એ પોથીએ એમને એમ વિચારતા કરી દીધા કે, આ પોથીને ગુરુચરણે સમર્પિત કરવાનું મારું ભાગ્ય ત્યારે જ સફળ થયું ગણાય કે, હું મારા જીવનનેય આ પોથીની સાથે સમર્પિત કરવા સજ્જ બનું.

આવી ભાવનાથી ભાવિત ખુશાલદાસજીએ ગઢડા આવીને એ પોથી ગુરુચરણે સમર્પિત કર્યા બાદ પોતાના જીવનનું સમર્પણ સ્વીકારવાની ભાવના વ્યક્ત કરી, ત્યારે એ ગીતાને સૌએ 'જીવન-પરિવર્તક' તરીકે વધાવી લીધી.

આગળ જતાં ખુશાલદાસજીને સંન્યાસી તરીકે ગોપાલાનંદ સ્વામીના નામે પ્રવેશ મળવા પામ્યો.

સાત ક્ષેત્રોમાંથી સૌથી વધુ ઉપેક્ષિત જ્ઞાનક્ષેત્રને જો આવા થોડા ગુરુભક્તો મળી જવા પામે, તો કેટલી બધી મોટી માત્રામાં 'શ્રુત-રક્ષા' થઈ શકે?

સાચો ઝવેરી જ રત્નને પારખી શકે, સાચાં રત્નને ઝવેરી જ ઓળખી શકે. રત્ન જેમ સાચું જોઈએ, એમ ઝવેરી પણ સાચો જ જોઈએ, નહિ તો રત્નના નામે કાચના કટકા કીમતી માની લેવાય અથવા તો કીમતી રત્નોને કાચના કટકા સમજવાની ભારેખમ ભૂલના ભોગ બની જવાય. જેવું રત્ન, એવું જ જ્ઞાન! સાચો જ્ઞાની જ જ્ઞાનને પરખી શકે. સાચું જ્ઞાન જ્ઞાનીની નજરથી છૂપું ન રહી શકે.

જ્ઞાનીને મન જ્ઞાનનું મહત્ત્વ કેટલું બધું હોય, સમ્યગ્ જ્ઞાનની સુરક્ષા કાજે પોતાનું સર્વસ્વ હોમી દેવાની એની કેટલી બધી તૈયારી હોય, એ વિચારીએ, તો ઉપર જેવા બીજા થોડાક પ્રેરક પ્રસંગો ઠીક ઠીક બોધપ્રદ બની ગયા વિના ન જ રહે.

— ● —

કાવ્યકળા અને કવિતાની અપૂર્વ સમૃદ્ધિથી સમૃદ્ધ કવિ દયારામને વૃદ્ધાવસ્થા ઘેરી વળી અને મોત એમની આસપાસ આંટા મારી રહ્યું, ત્યારે એમને પોતાની કાયાની ચિંતા તો જરાય સતાવતી ન હતી, પણ પોતાની કાવ્યસમૃદ્ધિની સતત ચિંતા તો પળે પળે એમના કાળજાને કોરી ખાતી હતી, એમને થતું હતું કે, કાયાની કળી તો એક દિ' કરમાવાની જ છે. પણ અમર રહેવા સર્જાયેલી પોતાની પાસેની કાવ્ય-સમૃદ્ધિનું શું ? મારી કાયા નામશેષ થઈ જતાં અંતે મારી કાવ્યસમૃદ્ધિ પણ ધીમે ધીમે શું નષ્ટ થતી જતી

રહેશે? આ ચિંતા એમને નિરાંતે જીવવા દેતી ન હતી, એમ કદાચ શાંતિથી છેલ્લો શ્વાસ છોડવામાંય અંતરાયભૂત થઈ શકે એમ હતી. પાછળનો પુત્રાદિ પરિવાર જો કાવ્ય સમૃદ્ધિની કિંમત સમજતો થયો હોત, તો હજી એની પાસેથી સુરક્ષાની આશા રાખી શકાત ?

આ જાતની ચિંતાના ભારથી સતત-સચિંત રહેનારા એ લોકકવિની સમક્ષ એક દહાડો એમનો કોઈ અનન્ય ચાહક ખબરઅંતર પૂછવા આવ્યો. ચિંતાની રેખાઓથી વ્યગ્ર કવિનો ચહેરો જોતાં જ ચાહકને મનોમન એવો વિચાર આવ્યો કે, કવિની શૈલી અને શબ્દોમાં 'પ્રભુ મને મળજો એવું મોત, આ થયું હોત તો આ ન થયું હોત, આવા ઓરતડાઓની હોય ન ગોતમગોત. મને મળજો આવું મોત!' કવિ દયારામ આવું મોત ઇચ્છતા હોત, એના બદલે અંતિમ વિદાયની વેળાએ ચહેરા પર ચિંતાનો ભાર કેમ? એમણે પૂછ્યું : દયારામદાદા, આપનો ચહેરો પ્રસન્નતા-પ્રસાદથી ચમકતો જોવાની આશા લઈને આવ્યો હતો, પણ મને ચિંતાના ચોતરા જેવો ચહેરો કેમ જણાઈ રહ્યો છે ? બધી જ ચિંતાઓ અહીં મૂકીને એકદમ નિશ્ચિંત બનીને વિદાય લેવાની આ ઘડીપળે આપને વળી કઈ ચિંતા સતાવી રહી છે?

પોતાનાં કાવ્યોના અનન્ય ચાહકને જવાબ આપતાં દયારામે અંતરની વાત રજૂ કરતાં કહ્યું : મને બીજી તો કોઈ જ ચિંતા સતાવતી નથી, જીવનભર માતા શારદાના ચરણે કાવ્યોની અંજલિ અર્પતા રહીને સાહિત્યની સુંદર સમુપાસના કરી શક્યો છું, એનો એટલો બધો આનંદ છે કે, આવતા ભવે કદાચ આથીય વધુ પ્રમાણમાં શારદા-માતાને રીઝવી શકીશ, એવો આત્મનાદ ઊઠે છે, પણ આ

આનંદ પર અતિક્રમણ કરતી એક એવી ચિંતા જ અત્યારે મને સતાવી રહી છે કે, મેં સંગ્રહ કરેલો કાવ્યસાહિત્યનો અઢળક વારસો મારી વિદાય પછી મારાથી પણ સવાયી સારસંભાળપૂર્વક વધુ સચવાશે કે, મારો પરિવાર આ અણમૂલાં પુસ્તકોને પસ્તી ગણીને વેચી મારશે! જો આવું સંભવિત બને, તો એ કેટલું બધું દુઃખદ અને આઘાતજનક ગણાય ! લાખો રૂપિયાની નોટોને કોઈ પસ્તીના ભાવે વેચી મારે, તો જેટલું દુઃખ ન થાય, એટલું દુઃખ આ જાતની સંભાવનાથી મને થાય, એમાં કંઈ આશ્ચર્ય ખરું ?

કવિની આ સાવ સાચી અંતર્વેદના સાંભળીને એ ચાહક પણ ચોંકી ઊઠ્યો. એના ચિત્તમાંય ચકચાર મચી જવા પામી. એણે વળતી જ પળે વચનબદ્ધ બનતાં કહ્યું કે, દાદા, આપ આ વિષયમાં સાવ નિશ્ચિંત બની જાવ. આપે લોહી રેડીને જે સર્જન કર્યું છે, જે કાવ્યસાહિત્યને સાચવવા અને સમૃદ્ધ બનાવવા કેટલીય રાતોના ઉજાગરા પણ આપે વેઠ્યા છે, એને માત્ર પસીનો વહાવીને જ સાચવવો, એ તો અમારા બધાની ફરજ બની જાય છે. હું પોતે વચનબદ્ધ બની જાઉં છું કે, આ જ્ઞાન વારસાનું જીવની જેમ હું જતન કરીશ, આમાં હું તો જરાય પાછી પાની નહીં જ કરું.

એ ચાહકના આ જાતના ઉરબોલ સાંભળીને દયારામદાદાનો ચહેરો પ્રફુલ્લિત પુષ્પની જેમ મહોરી ઊઠ્યો. આ ઘડી-પળ પછીના દિવસોમાં જાણે અનેકક્ષેત્રે કૃતકૃત્યતા પામી શકાઈ હોય, એવી પરમ-પ્રસન્નતાપૂર્વક થોડાક દિવસોમાં જ એવા પરમસંતોષ સાથે એમણે વિશ્વ-વિદાય સ્વીકારી કે મારી કાયા ભલે માટીમાં મળી જશે, પરંતુ મારી કૃતિઓની સાથે સાથે એ જ્ઞાનવારસો તો યુગયુગ સુધી અમર રહેશે.

સાહિત્યના સર્જક, સાહિત્યના સંરક્ષક અને સાહિત્ય માટે જ સતત સચિંત આવા દયારામોના તો જાણે સુકાળ નથી જ, પરંતુ સંરક્ષણ કાજે સંકલ્પબદ્ધ બનનારા ચાહકોનોય આજે તો કારમો દુકાળ વરતાય છે.

— ● —

પરદેશથી ભારતમાં આવેલા હ્યુ એન સંગે કહેવાતી જ્ઞાનપિપાસાની તૃપ્તિ અર્થે વર્ષો સુધી ભારતભ્રમણ કર્યું અને અપૂર્વ જ્ઞાન-વિજ્ઞાનથી ભર્યાભર્યા અનેક ગ્રંથો ઠેરઠેરથી મેળવ્યા, લાખેણાં રત્નોની મૂડી મેળવી હોય, એવા અહોભાવપૂર્વક એ ગ્રંથરાશિનું જીવની જેમ જતન કર્યા બાદ જ્યારે પરદેશ ભણી જવાનો અવસર આવ્યો, ત્યારે રત્નરાશિ કરતાંય એ ગ્રંથરાશિને વધુ મૂલ્યવાન સમજીને એણે પરદેશ તરફ પ્રયાણ કર્યું. આગળ જતાં જ્યારે હોડી દ્વારા સાગર-પ્રવાસ આરંભાયો, ત્યારે હ્યુ એન સંગ વધુ સાવધાન બની ગયો, કારણ કે હવે પ્રાકૃતિક પરિબળોનું પીઠબળ મળે, તો જ જ્ઞાનવારસો સુરક્ષિત રહી શકે એમ હતો.

થોડા દિવસોના નિર્વિઘ્ન પ્રવાસ બાદ પરિસ્થિતિએ એકાએક જ પલટો લેતાં હોડીની સમતુલા જાળવવા જ્યારે વજન ઓછું કરવું અનિવાર્ય બન્યું, ત્યારે હોડીના હંકારનાર ખેવૈયાએ સ્પષ્ટ શબ્દમાં ચેતવણી આપી કે, હોડીને હેમખેમ રાખીને આગળ વધવું હોય, તો થોડું વજન ઓછું કરીને સમતુલા જાળવવી જ રહી. કાં થોડો સામાન દરિયામાં ફેંકી દેવો પડે, કાં એક બે પ્રવાસીઓએ જળસમાધિ લેવી પડે. બધા જ યાત્રિકોને સહીસલામત રાખીને આગળ વધવું હોય, તો ભારતમાં ભમીભમીને એકઠા કરેલા ગ્રંથોને કકળતા કાળજે જળશરણ કરી દેવા જ પડે.

હ્યુ એન સંગના મોઢા પર ફરી વળેલી ચિંતાનો ઓછાયો જોઈને બે પ્રવાસીઓએ જળસમાધિ લેવા દરિયામાં કૂદી પડવા દ્વારા એ ગ્રંથરાશિને સુરક્ષિત રાખવાનું જીવલેણ કદમ ઉઠાવવા હ્યુ એન સંગની અનુમતિ યાચી. હ્યુ એન સંગ માટે સૂડી વચ્ચે સોપારી જેવો ઘાટ ઘડાયો. બે પ્રવાસીઓની આહુતિ લઈને ગ્રંથરાશિને સુરક્ષિત રાખવી કે બે પ્રવાસીઓને હેમખેમ રાખવા માટે ગ્રંથોને જળશરણ કરી દેવા ? હ્યુ એન સંગને તો બંનેનો બચાવ જરૂરી જણાતો હતો, આમ છતાં ગ્રંથોની સુરક્ષા ખાતર કોઈ મરી જવા તૈયાર હોય, તો તેઓ એને અટકાવશે તો નહિ જ, આવો આકંઠ વિશ્વાસ ધરાવતા એ પ્રવાસીએ ત્યારે મનોમન આવો નિર્ણય લઈ લીધો કે, અમારાં બેનું જીવતર હોમી દેવાથી અમારા જેવા લાખોનું જીવતર ઘડવાની સમર્થતા ધરાવતા ગ્રંથો જો હેમખેમ ટકી જતા હોય, તો હસતે મોઢે જળસમાધિ લેવા આ મહાસાગરમાં ઝંપલાવી દેતા અમારે હવે પળનોય વિલંબ ન જ કરવો જોઈએ. આ નિર્ણયને અમલી બનાવવા એ બે પ્રવાસીઓ કેસરિયા કરીને દરિયામાં કૂદી પડ્યા અને સમતુલા જળવાઈ જતાં એ હોડી સડસડાટ કરતી આગળ વધી ગઈ.

ગ્રંથોની ગૌરવરક્ષા કાજે જીવન અને તનને હોમી દેવાની દાઝ આજે કદાચ ન જાગી શકે, પણ મન અને ધનના સમર્પણપૂર્વક પરસેવો વહાવી દેવાના પુરુષાર્થને પણ આજે જો જગાડી દેવામાં આવે, તો 'ગ્રંથ-ગૌરવ'ને કેટલી બધી ઊંચાઈ સુધી લઈ જવામાં સફળતા હાંસલ કરી શકાય?

— ● —

'શ્રુતની ઉપેક્ષા' આજની ફરિયાદ હોવાથી આના જવાબ રૂપે 'શ્રુતરક્ષા' આવો સાદ અને નાદ વ્યાપક

બનાવવો અતિજરૂરી ગણાય. આ માટે છેલ્લે છેલ્લે આગમોદ્ધારક પૂ.આ.શ્રી આનંદસાગરસૂરિજી મહારાજે આગમોની વાચનાઓ ઉપરાંત આગમશાસ્ત્રો સુલભ બનાવવા માટે કરેલા પ્રચંડ પુરુષાર્થને આદર્શ તરીકે નજર સમક્ષ રાખીને શાસનસમ્રાટ પૂ.આ.શ્રીનેમિસૂરિજી મહારાજે વારંવાર ઉચ્ચારેલા એક એ સૂત્રનો સંદેશ પણ સતત સ્મરણમાં રાખીએ કે 'પ્રતિમા અને પ્રતની પ્રાપ્તિ થતી હોય, તો કોઈ પણ ભોગે એને જતી ન જ કરવી જોઈએ.' તો આ ફરિયાદનો ઉકેલ શોધવામાં સફળ બની શકાય. વચનમાં જ નહિ, પૂજ્યશ્રીના જીવનમાં પણ આ વાત કેટલી બધી વણાઈ ચૂકી હતી, એને સૂચવતા એક-બે પ્રસંગોય જાણવા જેવા છે.

એક શહેરમાં સંઘમાં ભેગી થયેલી નકામી જેવી ગણાતી ઘણીબધી ચીજોનો યોગ્ય રીતે નિકાલ કરવા એક વાર અગ્રણીઓ એકઠા થયા, અન્ય ચીજોની જેમ એમાં પુસ્તકો ને ફાટ્યાતૂટ્યા કાગળોનો એક જંગી જથ્થો પણ હતો અને એ પાછો હસ્તલિખિત રૂપમાં હતો, એથી કોઈના તરફથી એવું સૂચન આવ્યું કે, આપણી ચાંચ આ લિપિ અને આ લખાણને ઉકેલી શકતી નથી. માટે આ વિષયમાં કોઈ આચાર્ય મહારાજની સલાહ લઈને પછી આગળ વધીએ. આગેવાનોને આ સૂચન યોગ્ય જણાયું. ભાગ્યયોગે સૂરિસમ્રાટ પૂજ્યશ્રી થોડા દિ' બાદ જ પધારવાના હતા.

પૂજ્યશ્રીની પધરામણી થતાં જ આગેવાનોએ પોતાની ભાવના રજૂ કરતાં એ ભાવનાને વધાવી લઈને પોતાના વિદ્વાન-શિષ્યોને હસ્તલિખિત છૂટાછવાયા કાગળોની એ થપ્પી જોઈ જવાની ભલામણ કરી અને પૂજ્યશ્રીએ પોતે

પણ એમાં અનેરી દિલચસ્પી દાખવી. અવલોકન કાર્ય શરૂ થતાં જ 'બગાસું ખાતાં પતાસું' મોંમાં આવી જવા જેવો અદ્‌ભુત આનંદ પૂજ્યશ્રીએ અને સંઘે અનુભવ્યો. કારણ કે છૂટાંછવાયાં અને વેરવિખેર બની ગયેલાં પાનાંઓના એ જથ્થામાંથી જ પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવર દ્વારા રચિત અને અપ્રાપ્ય એક કૃતિ ટીકાસહિત મળી આવી, 'મહાવીર સ્તવ' નામની એ કૃતિ પર રચાયેલી 'ન્યાય ખંડખાદ્ય' વૃત્તિનાં પાનાં નજરે પડતાં જ ચીવટપૂર્વક સંશોધન કર્યું, તો વેરવિખેર થઈ ગયેલી સંપૂર્ણ કૃતિના આદિથી અંત સુધીના પાનાં શોધી-શોધીને મેળવવામાં સફળતા પ્રાપ્ત થતાં સંઘનો આનંદ નિરવધિ બન્યો. પૂજ્યશ્રીની સલાહ ન લીધી હોત, તો સંઘ કદાચ પૂ. ઉપાધ્યાયજી મહારાજની એક કૃતિના વિનાશમાં નિમિત્ત બની જાત. આ કૃતિ મળતાં પૂજ્યશ્રી એને મેળવીને બેસી જ ન રહ્યા, પોતાના વિદ્વાન શિષ્યો પાસે એની પર 'વૃત્તિ' ની રચના કરાવીને એનું પ્રથમ પ્રકાશન પણ કરાવ્યું, આ રીતે કાળનો કોળિયો બનતા એક ગ્રંથને પૂજ્યશ્રીની 'શ્રુતસેવા' ઉગારી લેવામાં નિમિત્ત બની.

'અષ્ટસહસ્રી-તાત્પર્ય-વિવરણ'નું પહેલવહેલું પ્રકાશન પણ પૂજ્યશ્રીની શ્રુતસેવાની જ ફલશ્રુતિ ગણાય. વર્ષો પૂર્વે પૂના ભાંડારકર ઈન્સ્ટિટ્યૂટનાં સૂચિપત્રો બનાવી રહેલા વિદ્વાન શ્રી હીરાલાલ ર. કાપડિયાના ધ્યાનમાં આ કૃતિ આવી, એમણે અપ્રગટ આ ગ્રંથની વાત પૂજ્યશ્રી સમક્ષ રજૂ કરતાં પૂજ્યશ્રી હસ્તક એનું સંપાદન-પ્રકાશન પ્રતાકારે થવા પામ્યું, થોડાં જ વર્ષો પૂર્વે આ કૃતિનું પૂ.આ.શ્રીમદ્ વિજયરામચન્દ્ર-સૂરીશ્વરજી મહારાજાના શિષ્ય વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી વૈરાગ્યરતિ વિજયજી મહારાજ દ્વારા પુસ્તકાકારે આધુનિક

શૈલીથી અનેકાનેક પરિશિષ્ટો પૂર્વકનું પુનઃ પ્રકાશન થવા પામ્યું.

શ્રી સમંતભદ્ર આદિ ત્રણ દિગંબર વિદ્વાનો દ્વારા નિર્મિત ગ્રંથ ઉપર શ્વેતાંબરીય પૂ. ઉપાધ્યાયજી મહારાજ જેવા દિગ્ગજ વિદ્વાન દ્વારા વિવરણરૂપ રચના એ અતિવિરલ વિશેષતા ગણાય. એની પુણ્યસ્મૃતિ કરાવતા આ ગ્રંથનાં આજે આપણે દર્શન કરી શકીએ છીએ, એના મૂળમાં પૂજ્યશ્રીની શ્રુતોપાસનાનો જ મૂળભૂત ફાળો ગણાય.

આમ, શ્રુતની ઉપેક્ષાને જો આજની એક તાતી સમસ્યા ગણીએ, તો શ્રુતની રક્ષા, એનો કાયમી ઉકેલ બની શકે એમ છે, કેમ કે શ્રુતનું પઠન-પાઠન, હસ્તલેખન દ્વારા એનું સંરક્ષણ અને સંવર્ધન-શુદ્ધીકરણ, આ અને આવું આવું ઘણું બધું રક્ષાધર્મમાં આવી જ જાય. આ રક્ષાધર્મનું આરાધન અનેક રીતે થઈ શકે, એમ હોવાથી સહુ કોઈ આરાધન માટે સજ્જ બને, તો વિરાટ ભાસતી સમસ્યા સહેલાઈથી અને વહેલીતકે ઉકેલાઈ ગયા વિના રહે ખરી ?

●

## ૧૬

# જૈન-જગત આજે ઝંખે છે અનુપચંદભાઈના અવતરણને

અશ્વાવબોધ તીર્થ તરીકે ઠીકઠીક પ્રમાણમાં સુપ્રસિદ્ધ અને શકુનિકાવિહાર રૂપે પણ થોડુંઘણું પ્રસિદ્ધ ભરૂચતીર્થ કોઈ કાળમાં પ્રાયશ્ચિત્ત તીર્થ તરીકે ખૂબ ખૂબ વિશ્રુત હતું, એની આજે કેટલાને જાણ હશે? શ્રી મુનિસુવ્રતસ્વામીના તીર્થ તરીકે ભરૂચની જેમ રાજગૃહીનાં સ્થાનમાન પણ આગમ સાહિત્યમાં સુવર્ણાક્ષરે આલેખિત હોવા ઉપરાંત ભરૂચની જેમ રાજગૃહી પણ પ્રાયશ્ચિત્ત તીર્થ તરીકે પ્રખ્યાત હતું. આ ઈતિહાસની વિગતો શ્રી વ્યવહાર સૂત્રના ભાષ્યની ટીકા દ્વારા આજેય જાણી શકાય છે.

કોઈ ગંભીર પાપનું પ્રાયશ્ચિત્ત કરવું હોય અને એવા કોઈ સુગુરુનો યોગ ન જ મળે, તો પ્રાયશ્ચિત્ત કઈ રીતે કરવું? એનું માર્ગદર્શન આપતા વ્યવહાર ભાષ્યની ટીકામાં લખવામાં આવ્યું છે કે, આવા વિકટ સંજોગોમાં પ્રાયશ્ચિત્તાર્થીએ ભરૂચ અથવા રાજગૃહી જઈને ત્યાં

પ્રતિષ્ઠિત શ્રી મુનિસુવ્રતસ્વામીના સાંનિધ્યમાં અઠ્ઠમનો તપ કરવો અને ધ્યેયસિદ્ધિ માટે શ્રી મુનિસુવ્રતસ્વામીનું આરાધન કરવું. આના પ્રભાવે અધિષ્ઠાયક દેવ દ્વારા પ્રાયશ્ચિત્તનું સૂચન મળી શકે છે.

અધિષ્ઠાયક દેવ પાસે પ્રાયશ્ચિત્તના વિષયમાં સાચી જાણકારી ક્યાંથી હોય? આવા પ્રશ્નના જવાબ રૂપે ભાષ્યની એ ટીકામાં ખુલાસો કરવામાં આવ્યો કે, મુખ્યત્વે ભરૂચ અને રાજગૃહીમાં ભગવાન શ્રી મુનિસુવ્રતસ્વામીએ પ્રાયશ્ચિત્તની પ્રરૂપણા વધુ પ્રમાણમાં કરી હતી, એથી અધિષ્ઠાયક દેવે એ પ્રરૂપણા અને પ્રભુએ ફરમાવેલાં એ પ્રાયશ્ચિત્તો બરાબર અવધારણ કરી રાખ્યાં હોવાથી, અધિષ્ઠાયક દ્વારા સૂચિત એ પ્રાયશ્ચિત્તમાં જરાય ફેરફાર સંભવતો નથી, આટલું જ નહિ, એ અધિષ્ઠાયકનું ચ્યવન થતાં એની જગાએ બીજા બીજા અધિષ્ઠાયક તરીકે જેની ઉત્પત્તિ થાય, એ દેવ સીમંધર સ્વામી પાસે જઈને પણ સાચું પ્રાયશ્ચિત્ત જાણીને સ્વપ્નમાં કે પ્રગટ રીતે એનું સૂચન કરતા રહેશે.

વ્યવહાર-ભાષ્યની આ વિગતો ચૈત્યવંદન જેવી ગુજરાતી કોઈ કૃતિઓમાં ગૂંથાયેલી પ્રાયઃ જોવા-વાંચવા મળતી નથી. આમાં એક અપવાદ ભરૂચના શ્રેષ્ઠીવર્ય અને શ્રાદ્ધવર્ય શ્રી અનુપચંદ મલુકચંદ રચિત ચૈત્યવંદન ચોવીશીને ગણી શકાય. શ્રી હીરવિજયસૂરિજી મહારાજાના સમયની આસપાસ થયેલા કવિ શ્રી ઋષભદાસજીએ ગુજરાતીમાં સ્તવન-ચૈત્યવંદન-રાસ વગેરે સાહિત્યની ખૂબ જ મોટા પ્રમાણમાં રચના કરી હતી, આ પછી શ્રાવક-કવિઓ દ્વારા આવું સર્જન ખૂબ જ ઓછી માત્રામાં થવા પામ્યું. એમાં છેલ્લે છેલ્લે આવું સર્જન કરનારા તરીકે હજી વિક્રમ સંવત ૧૯૬૫ની સાલમાં જ સ્વર્ગવાસી બનનારા શ્રાદ્ધ-શ્રેષ્ઠ શ્રી અનુપચંદભાઈનું સ્થાન-માન ધ્યાન ખેંચે એવું

છે. અનેકવિધ સાહિત્ય સર્જવા ઉપરાંત એમણે ચૈત્યવંદન-ચોવીશીની પણ રચના કરી હતી. તદંતર્ગત શ્રી મુનિસુવ્રત-સ્વામીના ચૈત્યવંદનમાં એમણે વ્યવહાર-ભાષ્યની વાતો નીચે પ્રમાણે વણી લીધેલી જોવા મળે છે.

‘ઉપકારી પ્રભુ બહુ કરી વિચર્યા ભૃગુકચ્છ માંહિ
પ્રાયશ્ચિત્ત બહુ ભાખીને તાર્યા બહુ જીવ ત્યાંહિ. ૩

શાસન દેવે ધારીયાં ભાખે વ્યવહાર ભાષ્ય
ભદ્રબાહુ આપી લીયે, પ્રાયશ્ચિત્ત તુજ પાસ. ૪

આરાધી પ્રભુ આપને પૂછ્યાં પ્રાયશ્ચિત્ત જેહ
સામુદ્રિકમાં સંગ્રહી હુઆ કૃપારસ મેહ ૫

પ્રભુનો મહિમા જાણીને પુજન કરો અનૂપ
અંતરમાં પ્રભુ સ્થાપતાં હોવે જિનવર રૂપ ૬

આનો ભાવાર્થ એ છે કે, શ્રી મુનિસુવ્રતસ્વામી ભૃગુકચ્છમાં બહુવાર સમવસર્યા હતા, ત્યારે પ્રાયશ્ચિત્ત આપીને પ્રભુએ ઘણા ઘણાની પર ઉપકાર કર્યો હતો. શાસનદેવે એ બધાં પ્રાયશ્ચિત્ત ધારી રાખ્યાં હતાં, આ વાત વ્યવહાર-ભાષ્યમાં વર્ણવાઈ છે. શ્રી ભદ્રબાહુસ્વામીજીએ પણ ભરૂચમાં શ્રી મુનિસુવ્રસ્વામીને આરાધીને ઘણા ઘણા પ્રાયશ્ચિત્તનાં પ્રશ્નો પૂછ્યા હતા અને એનો સંગ્રહ સ્વરચિત ‘સામુદ્રિક-શાસ્ત્ર’માં કર્યો હતો. આથી તેઓ કૃપારસ વરસાવતા મેઘની ઉપમાને યોગ્ય બન્યા હતા.

શ્રી ભદ્રબાહુસ્વામી દ્વારા ઘણાં બધાં પ્રાયશ્ચિત્તની જાણકારી ભરૂચમાં શ્રી મુનિસુવ્રતસ્વામીના અધિષ્ઠાયક પાસેથી મેળવ્યાના અપ્રચલિત-અપ્રસિદ્ધ ઈતિહાસને રજૂ કરીને જ નહીં, શ્રી અનુપચંદભાઈએ તો સ્વાનુભવ દ્વારા આ ઈતિહાસની પ્રતીતિ પણ મેળવી હતી. એથી એમ કહી શકાય કે, હજી નજીકના જ ભૂતકાળ સુધી તો ભરૂચની

પ્રાયશ્ચિત્ત તીર્થ તરીકેની પ્રસિદ્ધિનો પ્રવાહ વણથંભ્યો વહેતો રહ્યો હતો. જેના પુરાવા રૂપે સંવત ૧૮૫૪ની સાલનો એક પ્રસંગ ખાસ જાણવા જેવો છે.

૧૮૫૪ની સાલમાં પૂ. પંન્યાસજી શ્રી મણિવિજયજી મહારાજ ભરૂચમાં ચાતુર્માસાર્થે પધાર્યા. તેઓ આગમ વગેરે વિષયના ઊંડા અભ્યાસી હતા. એથી પૂ. પંન્યાસજી મહારાજે એક વાર મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન સંબંધી ગહન ચર્ચા-વિચારણા કરવાપૂર્વક પોતાના કથનની પુષ્ટિ માટે થોડાક શાસ્ત્રપાઠો પણ અનુપચંદભાઈની સમક્ષ રજૂ કર્યા. આ વિચારણામાં પૂ.પંન્યાસજી મહારાજ કરતાં અનુપચંદ-ભાઈનો મત જરા જુદા પડ્યો. એથી કોઈ જાતના નિર્ણય પર આવવાનું શક્ય ન બન્યું.

અનુપચંદભાઈ સાથેની વાતમાં એક વાત એવી નીકળી કે, વ્યવહાર ભાષ્યની ટીકા મુજબ ભરૂચ તીર્થના શ્રી મુનિસુવ્રતસ્વામીના અધિષ્ઠાયક જાગ્રત હોવાથી પ્રાયશ્ચિત્ત ગ્રહણ આદિ માટે આરાધના કરવાથી એ આરાધના ફળવતી બની શકે છે. અનુપચંદભાઈની આ વાત સાંભળીને પૂ. પંન્યાસજી મહારાજ, શ્રી આત્મારામજી મહારાજના બે પ્રશિષ્યો શ્રી મોતીવિજયજી મ. તથા શ્રી દોલતવિજયજી મહારાજ : આ ત્રણેની આરાધના કરવાની ભાવના જાગી અને આરાધના દ્વારા મતિજ્ઞાન-શ્રુતજ્ઞાનની વિચારણા અંગેનું તથ્ય તારવવાનું નક્કી થયું.

ચૈત્રમહિને શરૂ થયેલી આ આરાધનાના અંતે અધિષ્ઠાયક દેવ તરફથી અનુપચંદભાઈની વિચારધારા સાચી હોવાનો સંકેત મળતાં જ પૂ.પંન્યાસ શ્રી મોતીવિજયજી મહારાજને અનુપચંદભાઈ પર જે આસ્થા હતી, એ કેઈ ગણી વધી જવા પામી. આના પરથી ખ્યાલ આવી શકશે

કે, અનુપચંદભાઈનું વ્યક્તિત્વ કેવું વિશિષ્ટ હતું અને એમનું જ્ઞાન પણ કેવું અગાધ હતું. એમણે પ્રશ્નોત્તર વગેરેનાં અનેક પુસ્તકો લખ્યાં છે, જેની પર ગીતાર્થોએ પણ સંમતિની મહોર મારી છે. તત્ત્વજ્ઞાન ઉપરાંત જ્યોતિષનું એમનું જ્ઞાન પણ વિશિષ્ટ કોટિનું હતું. એથી એમના દ્વારા અપાયેલા પ્રતિષ્ઠાદિનાં મુહૂર્તો સર્વમાન્ય રહેતાં. તેમજ એમની સંમતિ વિનાના મુહૂર્તે થયેલા કાર્યમાં અચૂક વિઘ્નો આવતાં.

ભરૂચ ખાતે ૧૯૫૩ની સાલમાં સ્થાપિત જૈન ધર્મ ફંડ નામની પેઢીના સંસ્થાપક શ્રી અનુપચંદભાઈ હતા. એ જમાનામાં કોર્ટ-કચેરીમાં પણ એમની વાતનું વજન પડતું. છતાં એઓ ખોટાનો કદી પક્ષ ન લેતા, અને જે વ્યક્તિ માટે ફાંસીની સજા થવાની પૂરી સંભાવના જણાતી હોય, છતાં એ વ્યક્તિ જો ગુનેગાર ન હોય, તો અનુપચંદભાઈ સાચાનું સમર્થન કર્યા વિના ન રહી શકતા. આ જાતના સત્ય-સમર્થનથી પ્રભાવિત બનીને ઘણી વાર ન્યાયાધીશ દ્વારા છેલ્લી ઘડીએ ફેંસલો ફેરવાઈ જતો. એક કેસમાં લગભગ ફાંસીનો ફેંસલો જ જાહેર થવાની પૂરી શક્યતા હતી, છતાં ન્યાયાધીશ સત્ય જાણીને ફેંસલો સુધારી દેવા ઉપરાંત અનુપચંદભાઈનો આભાર માન્યો હતો કે, તમે ન આવ્યા હોત, તો મારા હાથે આજે બિનગુનેગાર માર્યો જાત!

પ્રાચીન નગર ગંધારમાં ખોદકામ દરમિયાન પ્રતિમાજી, પરિકરો વગેરે પૂજનીય શિલ્પો મળી આવતાં ભરૂચના કલેક્ટરે એને કબજે કર્યા અને મુંબઈના પ્રાચીન સંગ્રહાલયમાં એ શિલ્પોની સ્થાપના કરવાનો ઈરાદો અનુપચંદભાઈ સમક્ષ રજૂ કર્યો, ત્યારે તેઓ મુંબઈ પહોંચ્યા અને બીજા બીજા આગેવાનોને લઈને ગવર્નર પાસે ઉપસ્થિત થયા. પૂજનીય

પ્રતિમાજીઓની માલિકી સંઘની જ રહે, એ માટેની જોરદાર એમની રજૂઆત સાંભળીને ગવર્નરે ભરૂચના કલેક્ટર પર પત્ર લખી આપ્યો કે, ખોદકામ દરમિયાન મળેલી મૂર્તિઓ આદિ અનુપચંદભાઈને જ સોંપવી ! પોતાના ગૃહમંદિરમાં પૂ. આત્મારામજી મ.ના વરદ્ હસ્તે અંજનશલાકા કરાવેલાં પ્રતિમાજી પધરાવવા એઓ ભાગ્યશાળી નીવડ્યા હતા.

પૂ.આત્મારામજી મહારાજ જેવી વિભૂતિઓની ચરણોપાસના મેળવવાનું ભાગ્ય ધરાવનારા શ્રી અનુપચંદભાઈ જેને 'ઇચ્છામૃત્યુ' તરીકે ઓળખાવી શકાય, એ જાતનું જેવું અદ્ભુત સમાધિ મૃત્યુ વર્યા હતા. એને તો એમનું પરમ સૌભાગ્ય જ ગણી-ગણાવી શકાય. રાજનગર નિવાસી શેઠ શ્રી લાલભાઈ દલપતભાઈનાં માતુશ્રી ગંગાબહેનની એક ભાવના પૂર્ણ કરવા શ્રી અનુપચંદભાઈને ભરૂચથી અમદાવાદ થઈને પાલિતાણા જવાનું થયું. પાલિતાણામાં પ્રભુજીની પ્રતિમા પધરાવવાની ગંગાબહેનની ભાવના હોવાથી એમની સાથે રહીને પ્રભુપ્રતિષ્ઠાનો પ્રસંગ પણ એમણે બરાબર ઊજવી જાણ્યો. પ્રતિષ્ઠા પછીના બીજા દિવસે ચૌદસની પર્વતિથિએ તેઓએ શત્રુંજયની યાત્રા કરવાની ભાવના વ્યક્ત કરતાં ગંગાબહેને ડોલીમાં બેસીને યાત્રા કરવાનો ખૂબ આગ્રહ કર્યો. પણ અનુપચંદભાઈએ તો મક્કમતાપૂર્વક ચાલીને જ યાત્રા કરવાનો પ્રારંભ કર્યો. એઓ ચોવિહાર ઉપવાસ જવલ્લે જ કરતા, પરંતુ આ દિવસે એમણે ચોવિહાર ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યું. ૨૦-૨૫ ભાવિકોની સાથે તત્ત્વજ્ઞાન સંબંધી ચર્ચા-વિચારણા કરતા કરતા એઓ ગિરિરાજ પર ચડતા ચડતા પાંચ પાંડવના સ્થાન સુધી હેમખેમ આવી ગયા, જે ભાવિકો નવ ટૂંકની યાત્રા કરવાની ભાવનાવાળા હતા, એ ત્યાંથી અલગ પડીને નવ ટૂંકના રસ્તે આગળ વધવા માંડ્યા.

પાંચ પાંડવની દેરીવાળી એ ગિરિભોમ પર ઊભા રહીને આસપાસનાં દશ્યમાં પાંડવોની દેરી નજરે પડતાં જ અનુપચંદભાઈના દિલમાં ભાવનાની ભરતી ચડી આવી કે, કેવું અદ્ભુત અને શુભ પરમાણુઓથી સભર અહીંનું વાતાવરણ છે. આવા વાતાવરણની વચ્ચે રહીને સમાધિ મૃત્યુ મેળવવા તો જે બડભાગી હોય, એને સફળતા મળે. આવી વિચારધારામાં વહેતા અનુપચંદભાઈ ઊભા ને ઊભા જ જાણે ઇચ્છા-મૃત્યુ વરીને સ્વર્ગગામી બની ગયા. ન આધિ, ન વ્યાધિ, અંત ઘડીએ માત્ર પૂર્ણ સમાધિ! શુભ ભાવનાનું ભાથું બાંધીને એમનો આત્મા પરલોકની વાટે પ્રયાણ કરી જતાં કાયા એકદમ સ્તંભિત બની ગઈ. સાથે રહેલા ભાવિકોએ એમને ઝાલી લઈને એક જગાએ સુવાડી દીધા.

શેઠાણી ગંગાબહેન આદિ દાદાની પૂજા કરવા આગળ પહોંચી ગયાં હતાં, અનુપચંદભાઈના અનુપમ સમાધિ મૃત્યુના સમાચાર મળતાં આઘાત અને આનંદની મિશ્ર લાગણી અનુભવતા એમણે પાલિતાણામાં જ અંતિમ સંસ્કારની વિધિ કરી. અનુપચંદભાઈની અણધારી વિદાય આઘાતજનક હોવા છતાં એઓ જે રીતની ભાવનામાં સમાધિમૃત્યુ પામ્યા, એવું મોત તો માંગી લેવાનું મન થાય, એવું હોવાથી એ આઘાત પણ આનંદથી મિશ્રિત બની જવા પામ્યો.

●

૧૭

# સંપત્તિની ઓટ દાનભાવનાની ભરતી

ધનની સમૃદ્ધિ અને ધનના કારણે પ્રસિદ્ધિ મેળવવી, કંઈ બહુ અઘરી વાત ન ગણાય. અઘરી ગણાતી વાત તો ધર્મની સમૃદ્ધિ અને ધર્મના કારણે પ્રસિદ્ધિ મેળવવી એ જ ગણાય. આવા સમૃદ્ધ લોકો વિરલ જ જોવા મળે. એમાં પણ ધન અને ધર્મથી જેઓ સમૃદ્ધ તેમજ પ્રસિદ્ધ હોય, એવાની સંખ્યા તો આંગળીના વેઢે ગણી શકાય, એટલી માત્રામાં મળે, તોય એને સંતોષપ્રદ ગણી શકાય. આજથી થોડાકાળ પૂર્વે એવા એવા શ્રાદ્ધવર્ય-શ્રેષ્ઠીઓ થઈ ગયા કે, એમની પાસે જે ધર્મસમૃદ્ધિ હતી, એથી જ એઓ વધુ પ્રસિદ્ધિને પામી શક્યા હતા, એમાં ધર્મની સાથે ધનની સમૃદ્ધિ પણ ભળી હતી, એથી સુવર્ણમાં સુગંધનો સંગમ સધાયા જેવો આશ્ચર્યાનંદ અનુભવી શકાતો.

નજીકના જ ભૂતકાળમાં થઈ ગયેલા આવા શ્રેષ્ઠી-શ્રેષ્ઠોની સ્મૃતિ થાય, તો જામનગરમાં ચમકી જઈને જામનગરનેય ચારેકોર ચમકાવી જનારા શ્રી પોપટલાલ

ધારશીભાઈ તથા શ્રી ફુલચંદભાઈ તંબોળીનાં નામકામ સાંભર્યા વિના ન જ રહે. પહેલા શ્રેષ્ઠી પર આગમોદ્ધારક પૂ.આ.શ્રી સાગરાનંદ-આનંદસાગરસૂરિજી મહારાજાનો અનહદ ઉપકાર હતો, તો બીજા શ્રેષ્ઠી પર ઉપકારની ગંગા વહાવી જનારા હતા વ્યાખ્યાન વાચસ્પતિ પૂ.આ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા ! બંને શ્રેષ્ઠીવર્યોની દાનભાવના દાદ માંગી લે એવી અનોખી હતી. એમાંય તંબોળી શેઠના જીવનના એક પ્રસંગમાં ડોકિયું કરીશું, તો એવી સચ્ચાઈનો સાક્ષાત્કાર થયા વિના નહીં રહે કે, ધનની સમૃદ્ધિના સૂર્યાસ્ત પછી પણ દાનભાવના અને ઉદારતાની સાંધ્યલીલાની રંગછટાને એઓ કેટલી બધી માત્રામાં ટકાવી શકવામાં સફળતા સિદ્ધ કરી શક્યા હતા!

જીવનના ઉત્તરાર્ધમાં, સંપત્તિ-સમૃદ્ધિનો સૂર્ય જ્યારે અસ્તાચલ ભણી ધીમે ધીમે ઢળી રહ્યો હતો, ત્યારે પણ શેઠ દાનની કેવી ઊંચી ભાવસૃષ્ટિમાં મહાલી રહ્યા હતા, એની પ્રતીતિ કરાવતો આ એક પ્રસંગ છે. સંપત્તિની જ્યારે છોળો ઊછળતી હતી, ત્યારે તો એમણે મન મૂકીને દાનની ગંગા એવી રીતે વહાવી હતી કે, એની વાત સાંભળીને એમની ઢળી રહેલી સંધ્યાના સમયે એમની વર્તમાન પરિસ્થિતિથી અજાણ કોઈ હાથ લંબાવતો આવે, તો એને ખાલી હાથે શેઠ વિદાય ન આપતા. એ હાથ ફૂલ નહિ, તો ફૂલની પાંખડી મેળવીને શેઠની ઉદારતાની ફોરમ ફેલાવતો ફેલાવતો વિદાય થઈ જતો.

એક વાર આવા જ કોઈ કાર્યકર સંઘનું કાર્ય લઈને શેઠ સમક્ષ ઉપસ્થિત થયા. પૂર્વે શેઠે વહાવેલી દાનગંગાની અનેક વાતો સાંભળ્યા બાદ એવી આશાસૃષ્ટિ રચતા રચતા એ કાર્યકરો એવા વિશ્વાસ સાથે આવ્યા હતા કે માત્ર ૧૫/૧૬

હજારની જ આપણી અપેક્ષા હોવાથી બીજા કોઈ દાનવીર સમક્ષ હાથ લંબાવવાની જરૂર નહીં પડે! આવો વિશ્વાસ હોવાથી કાર્યકર્તાઓએ શેઠ સમક્ષ લંબાણથી જોરદાર અને અસરકારક જે રજૂઆત કરી, એનો સાર એ જ નીકળતો હતો કે, આપના જેવા દાનવીર માટે તો ૧૫/૧૬ હજાર જેવી રકમ સાવ સામાન્ય ગણાય.

દિલથી કરાયેલ એ અપીલ સાંભળીને શેઠને એવો વિચાર આવી ગયો કે, આજની મારી પરિસ્થિતિથી આ કાર્યકરો અજાણ હોવા જોઈએ, એથી જ આવી મોટી આશા સાથે આવ્યા છે. માટે હવે પરિસ્થિતિનો અણસાર નહિ આપું, તો આ કાર્યકર્તા સંતોષ સાથે વિદાય નહિ થઈ શકે. એથી એમણે એટલો જ ટૂંકો જવાબ વાળ્યો કે, તમે પાંચ છ મહિના પૂર્વે આવ્યા હોત, તો મને આ લાભ જરૂર મળી જાત. મારું ભાગ્ય એટલું ઓછું કે તમે આજે આવ્યા.

આટલો જવાબ વાળીને શેઠ મૌન થઈ ગયા અને કોઈ વિચારમાં સરી પડ્યા. એમને એવો એક વિચાર આવી ગયો કે, આજકાલ પોસ્ટમાં કોઈ ચેક આવવાની શક્યતા હોવાથી એ ચેક જો આજે જ આવી જાય, તો મને લાભ મળી શકે અને ફૂલ તો નહિ, પરંતુ ફૂલની પાંખડી સમર્પિત કરીને આ કાર્યકરોને હું કંઈક સંતોષી શકું.

શેઠની વિચારમગ્નતા જોયા બાદ ટૂંકાક્ષરી જવાબ પાછળનું રહસ્ય કાર્યકર્તાઓના અંતર સમક્ષ છતું થઈ જવા પામ્યું. એમને ખ્યાલ આવી ગયો કે, ચાર દિવસની ચાંદની પછીની સંધ્યા શેઠના જીવનમાં છવાઈ ગઈ હોવા છતાં એમની દાનભાવના તો એવી ને એવી જ ઝગારા મારી રહી છે. નહિ તો જવાબમાં આવા શબ્દો ન જ નીકળે. કાર્યકરો જવાની તૈયારી કરી રહ્યા. આશા પર પાણી ફરી

વળ્યા જેવી શોકાનુભૂતિ થાય, એવી પળો હોવા છતાં શેઠના દિલમાં છલકાતી-ઊભરાતી દાનભાવનાનાં દર્શન લાખોની લક્ષ્મીનું દાન પ્રાપ્ત થયા જેવી પ્રસન્નતાપૂર્વક પ્રતિભાવ વ્યક્ત કરતા કાર્યકરોએ કહ્યું કે, શેઠ ! આપના જેવાનું દાન પામવાનું અમારું ભાગ્ય નહિ હોય, એમ જ માનવું પડે. બાકી આપના ભાગ્ય ભંડાર તો ભરપૂર છે, એમાં આજેય ભરતી ઉછાળા જ મારી રહી છે.

શેઠ કંઈ જવાબ વાળવા જતા હતા, ત્યાં જ એક પોસ્ટમેન પ્રવેશ્યો. શેઠના ભાગ્યમાં ભરતીનો સૂચક એક ચેક લઈને એ આવ્યો હતો. ચેક પર નજર જતાં જ શેઠ કાર્યકરો સમક્ષ નજર લંબાવતા બોલી ઊઠ્યા કે, તમારી વાતને સાચી ઠેરવવા આ ચેકનો દાન રૂપે સ્વીકાર કરીને મને ઉપકૃત કરો. આ ચેકમાં કેટલો આંકડો લખાયો હશે, એની ખબર નથી, પણ તમારી અપેક્ષા કરતાં વધુ હોય, તોય તમે દાન રૂપે સ્વીકૃત રાખશો, એવી મારી લાગણી અને માંગણી છે.

આટલું ગદ્ગદ હૈયે બોલીને એ ચેક ખોલ્યા વિના જ કે એમાં અંકિત આંકડા પર નજર પણ કર્યા વિના જ શેઠે હર્ષિત હૈયે એ ચેક કાર્યકર્તાના હાથમાં સમર્પિત કરી દીધો. કાર્યકરો અહોભાવિત હતા, ઉપકૃત બની ગયાની લાગણી અનુભવતા એમણે ચેક ખોલીને અંદર નજર કરી, તો પૂરા ૧૭ હજારનો આંકડો એમાં અંકિત હતો. આ રકમ ખર્ચના અંદાજિત આંકડા કરતાં વધુ હોવાથી વધારાની એ રકમનું દાન ન સ્વીકારવા કાર્યકર્તાએ ઠીક ઠીક આનાકાની કરી, પણ શેઠનો જવાબ તો એ જ રહ્યો કે, આપેલું પાછું લઈને, ભાવનાની મારી ચડતી ભરતીને તમારે ઓટ ભણી તાણી ન જવી હોય, તો આવો આગ્રહ રાખ્યા વિના મેં જે ચેક

ઉલ્લસિત હૈયે સમર્પિત કરી દીધો છે, એનો એવા જ હર્ષોલ્લસિત હૈયે સ્વીકારી લેવાની મારી પર કૃપા કરો.

ઘરઆંગણે જ્યારે સંપત્તિનો સાગર વાંભવાંભ ઊછળતો હોય, ત્યારે લાખોનું જે દાન કરાય, એના કરતાંય ઓટ અને ખોટની કપરી-વસમી પળોમાં હજાર આપવા હાથ લાંબો થાય, તો લાખોના એ દાન કરતાંય હજારનું આ દાન લાખોગણો પુણ્યબંધ કરાવી જતું હોય છે, એવી શ્રદ્ધા ધરાવનારા શેઠના અત્યાગ્રહ આગળ મજબૂર બનીને કાર્યકરો એ ચેક સ્વીકારીને વિદાય થયા, ત્યારે એ ચેકના માધ્યમે કરોડોથી પણ ન મૂલવાય, એવી ઉદાર ભાવનાનું ભેટણું લઈને જતા હોય, એવો અહોભાવ કાર્યકર્તાઓના અંતર-આંખમાં છલકાઈ રહ્યો હતો અને શેઠના હૈયે અણધાર્યો દાન-લાભ મળી ગયાનો અહોભાવ ઊભરાતો હતો. સંપત્તિની ઓટ છતાં દાન ભાવનાની ભરતી કઈ રીતે ઉછાળા મારી શકતી હોય છે, એનું એક વધુ દૃષ્ટાંત એ દહાડે શેઠ ફુલચંદભાઈ તંબોળીએ પૂરું પાડ્યું.

સંપત્તિનો સાગર જ્યારે ભરતીથી ભર્યો ભર્યો ઉછાળા મારી રહ્યો હોય, ત્યારે દાન-ભાવનાનીય સાર્વત્રિક ભરતી જોવા મળવી આજે સુસંભવિત નથી, ત્યારે સંપત્તિની ઓટમાં ભાવનાની ભરતીનું દર્શન કરાવતો આ પ્રસંગ કેટલો બધો બોધક અને પ્રેરક બની શકે એવો ગણી શકાય?

•

# ૧૮

## સ્વયંભૂ ઉદારતા : અનોખું આયંબિલ ભવન

કેટલાક શબ્દો એવા લોભામણા હોય છે કે, હોશે હોશે એ શબ્દોનો પ્રયોગ થતો હોવા છતાં જો શબ્દાર્થ કે ભાવાર્થનો પ્રયોગ કરવાનો હોય, તો એવો પ્રયોગ ન તો દાતા કે ન તો પ્રેરણાદાતા અથવા તો અન્ય પણ કોઈ પસંદ ન જ કરે ! દા.ત. પ્રેરક શબ્દ ! દાન અને દાતાની આસપાસ લગભગ અવશ્ય આ શબ્દનો વપરાશ થતો હોય છે, પણ આનો ભાવાર્થ લખવામાં આવે, તો દાતા એવો વાંધો ઉઠાવે કે મેં ક્યાં કંઈ કોઈના ઘોંચપરોણા પછી આવું દાન કર્યું છે અને એ દાન માટે ઉપદેશ આપનારી વ્યક્તિ પણ એમ કહ્યા વિના ન જ રહે કે, મેં ક્યાં દાન કરાવવા માટે ઘોંચપરોણા કર્યા છે! આ જાતનો ગર્ભિત અર્થ ધરાવતો 'પ્રેરક' શબ્દ એટલે જ પસંદગીને પાત્ર બને છે કે, એના ગર્ભિતાર્થથી લોકો ઓછા પરિચિત છે.

ઘોંચપરોણા જેવો શબ્દાર્થ ધરાવતા પ્રેરક શબ્દથી જેને બિરદાવી શકાય, એવી વ્યક્તિના મંગલમુખેથી પ્રેરણા

પામ્યા પછી પણ દાન કરવું જ્યાં સરળ અને સહેલું નથી, ત્યાં કોઈની પ્રેરણા પામ્યા વિના આત્માના જ અવાજને અનુસરીને દાનની સરવાણી વહેતી મૂકી દેવાની દાન ભાવનાનું જાગરણ થવું, એ તો સહેલું હોય જ ક્યાંથી ? જો કે ભૂતકાળમાં તો આવા દાતાઓ મળવા દોહ્યલા ન હતા, પણ આજે જ્યારે પ્રેરણાને ઝીલીનેય દાનવીર બનનારા ઓછા જોવા મળે છે, ત્યારે સ્વયંપ્રેરિત દાતાઓનો સુકાળ તો ક્યાંથી સંભવિત હોઈ શકે?

પ્રેરણા પામીનેય દાનની ગંગા વહાવનારાઓનો આજે સુકાળ નથી, ત્યારે અંતઃપ્રેરણાથી પ્રેરિત બનીને એક અનોખા આયંબિલભવનના નિર્માણનો લાખેણો લાભ સિદ્ધગિરિરાજની તળેટીમાં લેનારા સ્વયંભૂ-દાતારની ઘટના જાણીશું અને માણીશું, તો અંતર આવા દાતારનાં ઓવારણાં લીધા વિના અને આંખો કળશ બનીને અનુમોદનાના આંસુની અભિષેકધારા વહાવ્યા વિના નહિ રહી શકે.

દોશી અને સંઘવીની આવી જુદી જુદી અટક ધરાવનારા અને 'નીતિન' આવું એકસરખું નામ ધરાવનારા બંને મિત્રોની મનોભૂમિમાં 'મન શાંતિ ભવન' નામક ભારતમાં ક્યાંય ન જોવા મળે, એવા અજબગજબના એ આયંબિલભવનના નિર્માણનું ભાવનાબીજ કઈ રીતે વવાયું અને કોણે વાવ્યું ? એય જાણવા જેવું છે.

મુંબઈ-ઘાટકોપર માટે મનસુખભાઈ સંઘવી અને શાંતિભાઈ દોશી જાણીતાં-માનીતાં નામ ગણાય. પણ મુંબઈ ઉપરાંત પાલિતાણામાં પણ આ નામકામને ગાજતા બનાવી દેવામાં નિમિત્ત બન્યા નીતિન નામના એમના પુત્રો ! બંને નીતિન માત્ર મિત્ર જ નહિ, કલ્યાણમિત્ર પણ હતા. એક વાર બંને સિદ્ધગિરિની યાત્રાર્થે આવ્યા. દાદાની

પૂજાભક્તિનો લાભ મુક્તમને લીધા બાદ બંને ગિરિરાજનાં પગથિયાં ઊતરતાં ઊતરતાં નીચે તળેટીએ આવ્યા, ત્યારે બે વાગવામાં થોડી મિનિટો જ બાકી હતી. ભયાનક ગરમી, ઉનાળાની ઋતુ, ભૂખ અને તરસમાંથી તૃપ્તિને ઇચ્છતા યાત્રિકોના વૃંદમાં એવાં એક બહેન બંને મિત્રોની નજરે ચડ્યાં, જે બહેનને આયંબિલ હોવાથી તેઓ વહેલી તકે આયંબિલભવનમાં પહોંચવા માંગતાં હતાં અને રિક્ષાવાળા સાથે ભાડા અંગે રકઝક કરી રહ્યાં હતાં. રિક્ષાવાળો જે પૈસા માંગી રહ્યો હતો, એ બહેનની દૃષ્ટિએ ઘણા વધારે હતા. બે અઢી વાગ્યા આસપાસ બહેન માટે આયંબિલભવનમાં પહોંચી જવું જરૂરી હતું. કેમ કે મોડું થાય તો આયંબિલખાતું બંધ થઈ જાય અને તો આયંબિલના બદલે ઉપવાસ જ કરવો પડે.

આવી ગરમીમાં આયંબિલ કરવાની ભાવના ધરાવનારાં એ બહેનની તપ તિતિક્ષા પર ઓવારી ઊઠેલા બંને મિત્રો રિક્ષાવાળા સાથે ચાલતી ભાવ-ભાડાવિષયક રકઝક સાંભળીને વિચારમગ્ન બની ગયા. એમને એમ થયું કે, આ રીતે રકઝક ચાલુ જ રહેશે, તો આ બહેનને આયંબિલ ભવનમાં પહોંચતાં મોડું થશે, તો કદાચ આયંબિલ ખાતું બંધ થઈ જશે. બહેનની સ્થિતિ સામાન્ય જણાતી હોવાથી મિત્રોએ રિક્ષાભાડું ચૂકવી દઈને બહેનને વિનંતી કરી કે, આપ રિક્ષામાં બેસી જઈને તરત જ આયંબિલભવનમાં પહોંચી જાવ, ભાડું ચૂકવવાનો લાભ ભલે અમને મળતો, અમે આયંબિલ તો નથી કરી શકતા, પણ આ રીતે સહાયક બનવાનો લાભ તો અમને જ મળવો જોઈએ.

મોડું થતું હોવાથી બહેન રિક્ષામાં બેસી ગયાં. રિક્ષા જ્યાં આયંબિલ ખાતામાં પહોંચી, ત્યારે મોડું થઈ ગયું હોવાથી આયંબિલ ખાતું બંધ થઈ જવા આવ્યું હતું. એથી

બહેને ઉપવાસનું પચ્ચક્ખાણ લઈ લીધું અને પાણી વાપરીને તેઓ તળેટી તરફ જવા રવાના થઈ ગયાં, તો બીજી તરફ બંને મિત્રોએ તળેટીથી નીકળી ગામ તરફ આવવાની શરૂઆત કરી. એ મિત્રોના મનમાં એ વાતનો આનંદ-સંતોષ હતો કે, એક બહેનને આયંબિલ તપમાં થોડાઘણા સહાયક બની શકાયું હતું. મિત્રો થોડા આગળ વધ્યા, ત્યાં આયંબિલ ખાતા તરફથી આવી રહેલાં એ બહેન જોવા મળતાં જ એમણે સાશ્ચર્ય પૂછ્યું કે, શું આયંબિલ થઈ ગયું ? કેમ આટલી બધી ઝડપથી આયંબિલ કરી લીધું ?

બહેન તરફથી જે જવાબ મળ્યો, એ સાંભળીને બંને મિત્રો એકદમ વિચારમગ્ન બની ગયા. જવાબમાં એ બહેને જણાવ્યું કે, ઉતાવળ તો ઘણી કરી, પણ સમય વીતી જવાથી આયંબિલખાતું બંધ થવાની તૈયારીમાં હતું. એથી આયંબિલ ન થઈ શક્યું અને મને ઉપવાસનો લાભ મળ્યો, આમ તો હું ઉપવાસ ન કરત, પણ ઉપવાસ કરવાનો લાભ મળવાનો ભાગ્યમાં લખાયો હશે, માટે ઉતાવળ કરવા છતાં મોડું થઈ જવા પામ્યું.

આયંબિલના બદલે આ રીતે ઉપવાસ કરી દેનારા બહેનના મોઢામાંથી આ શબ્દો એવી કોઈ ધન્ય ઘડીપળે સરી પડ્યા હશે કે, આ શબ્દોના પ્રભાવે કોઈક પ્રેરકની પ્રેરણાથી પણ જે શક્ય ન બની શકે, એવા એક અદ્‌ભુત આયંબિલખાતાનું નિર્માણ થોડા જ સમયમાં સ્વપ્ન મટીને સત્યમાં પલટાઈ જાય, એ માટેની નક્કર ભૂમિકાનું મંડાણ પ્રારંભાઈ જવા પામ્યું.

ઘટના તો નાનકડી જ હતી, આ રીતે આયંબિલને બદલે ઉપવાસ કરવાના પ્રસંગો તો ઘણી વાર ઘણાના જીવનમાં આવ્યા હશે, એથી ઘણાને એવો વિચાર પણ

આવ્યો હશે કે એવું કોઈ આયંબિલખાતું હોવું જોઈએ કે, જેથી યાત્રા કરીને મોડેથી આવનાર યાત્રીઓ પણ શાંતિથી આયંબિલ કરી શકે. આથીય આગળ વધીને કોઈ પ્રેરકના દિલદિમાગમાં આ જાતના કોઈ આયંબિલખાતા માટે પ્રેરણા કરવાના મનોરથ પણ જાગ્યા હશે. પરંતુ આ જાતનું આયંબિલખાતું જે હજુ સ્વપ્ન સમ જ રહ્યું હતું, એ બંને મિત્રોના મનમાં મનોરથના રથ રૂપે એકાએક જ આ ઘડીપળે ઝડપભેર ખડું થવા માંડ્યું. જે આયંબિલખાતામાં આયંબિલ કરવા માટે કોઈ પાસ લેવો ન પડે, સૂર્યાસ્તના સમય સુધી ભોજનશાળાની જેમ જ જેનાં દ્વાર અભંગ હોય અને દિવસભર કોઈ પણ સમયે જ્યાં આયંબિલનું ઉષ્ણ ભોજન મળી શકે, એવું એક આયંબિલખાતું બંને મિત્રોની ભાવસૃષ્ટિ પર અવતાર ધારણ કરી રહ્યું. કલ્પના તરીકે અવતરિત એ આયંબિલખાતાને સાકાર કરવાની સ્વયંભૂ ભાવના જાગ્યા બાદ અનેક પૂજ્યોના માર્ગદર્શન મુજબ સિદ્ધગિરિરાજની તળેટીમાં કેસરિયાજી પ્રાસાદની નજીક આવેલ મુખ્યમાર્ગ પર બંને મિત્રોએ ટૂંક સમયમાં જ સાકારતા આપવાનો એવો પુરુષાર્થ કર્યો કે, ચાર માળના વિસ્તાર સાથે એ આયંબીલ ભવનનું નિર્માણ પૂર્ણ થતાં બંને મિત્રોએ પોતાના પિતાની નામસ્મૃતિ થતી રહે, એ જાતનું નામકરણ કર્યું : મન-શાંતિ-ભવન !

પોતાની રીતે જે અજોડ-બેજોડ ગણાય, એવા 'મન-શાંતિ-ભવન'માં આયંબિલના અનેક તપસ્વી યાત્રિકો આજે જે મનશાંતિની અનુભૂતિ કરી શકે છે, એને નજરોનજર નિહાળીને ધન્ય બનવા, તો ભારતભરમાં ક્યાંય ન ચાલતું હોય એ રીતે ચાલી રહેલા આ આયંબિલભવનની એક વાર મુલાકાત લેવી જ રહી અને અનુભૂતિને સ્વાનુભૂતિ

બનાવવા એકાદ આયંબિલ પણ કરવું જ રહ્યું. ઉદ્‌ઘાટન બાદ એક વાર આ આયંબિલ ભવનમાં એકી સાથે ૧૨૦૦ આયંબિલ થયાં હતાં, સંસ્થાપન-સર્જનથી માંડીને સંચાલન સુધીનો તમામ સંપત્તિ વ્યય સ્વદ્રવ્યથી જ કરનારા શાંતિદાસ દોશી અને મનસુખલાલ સંઘવીની સ્વયંપ્રેરિત ઉદારતાના ગાનનું શ્રવણ કરવા એક વાર પાલિતાણાનો પ્રવાસ ખેડવો જ રહ્યો, અને આ આયંબિલભવન નિહાળવું જ રહ્યુ. જેથી પિતાના ગીતગાન દરમિયાન ધ્રુવકડી રૂપે ઘૂમરાતા પુત્ર નીતિન દોશી - નીતિન સંઘવીના નામકામનાં શ્રવણે યાત્રિકોનાં મસ્તક ડોલી ઊઠ્યા વિના નહીં જ રહે.

●




વિ.સં.૨૦૪૭-૨૦૭૨ 'સૂરિપદ રજતોત્સવ'

।। नमो आयरियाणं ।।

આચારજ પદ સેવતો, સુણો સંતાજી
શ્રી પુરુષોત્તમ ભૂપ, ગુણવંતાજી
તીર્થંકર પદ બાંધિયું, સુણો સંતાજી
લહેશે ચિદ્ઘન રૂપ, ગુણવંતાજી

– પંડિત શ્રી પદ્મવિજયજી મ.



ચંદ્ર જેવા શીતલ

પંચ પ્રસ્થાન પુણ્યસ્મૃતિ પ્રકાશન સુરત